અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

16 MAY-2026 SATURDAY | Vol. : 17 | Issue : 313 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  ભારત-UAE વચ્ચે વાડીનારમાં શિપ રિપેર ક્લસ્ટર સ્થાપવા કરાર : બંને દેશ વચ્ચે LPG કરાર, રાષ્ટ્રપતિ અલ નાહયાન સાથે બેઠક કરી

4  મા રત્નાવલી આગળ કોઈ વિશેષણ લગાડવું હોય, તો એ માત્ર સાધુ છે! એટલું પર્યાપ્ત છે

6  સાઉદી અરેબિયામાં T20 લીગ રમાશે : ઓક્ટોબરમાં શરૂ થશે, 6 ટીમ ભાગ લેશે; યુવરાજ સિંહ લીગનો એમ્બેસેડર બન્યો

7  ચાંદીમાં એક જ દિવસમાં મોટો કડાકો, સોનું પણ સસ્તું થયું : સોનું ઓલ ટાઈમ હાઈથી રુ. 18 હજાર સસ્તું થયું, PMએ વર્ષ સુધી ના ખરીદવાની અપીલ કરી છે


### ગયા વર્ષે 8 દિવસ વહેલું પહોંચ્યું હતું; યુપીમાં વાવાઝોડા-વરસાદથી 111 મૃત્યુ

# ચોમાસું 26 મેના રોજ કેરળ પહોંચશે : નિર્ધારિત સમય કરતાં 5 દિવસ વહેલું

**છત્તીસગઢ, હરિયાણા, દિલ્હી, મધ્યપ્રદેશ, પંજાબ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ હીટવેવ. આંધ્રપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, કર્ણાટક, કેરળ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં વીજળી ચમકવા અને તેજ પવનો સાથે ખરાબ હવામાનની ચેતવણી**

**નવી દિલ્હી તા.15**

હવામાન વિભાગે શુક્રવારે જણાવ્યું કે ચોમાસું કેરળમાં 26 મેના રોજ પહોંચી શકે છે. સામાન્ય રીતે ચોમાસું 1 જૂનની આસપાસ કેરળ પહોંચે છે, પછી દેશના અન્ય ભાગોને આવરી લેવા માટે ઉત્તર તરફ આગળ વધે છે. ગયા વર્ષે ચોમાસું 24 મેના રોજ આવ્યું હતું. 2025માં સામાન્ય કરતાં 8% વધુ વરસાદ થયો હતો. 30 સપ્ટેમ્બર 2025ના રોજ હવામાન વિભાગ (IMD)એ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં સામાન્ય કરતાં 8 ટકા વધુ વરસાદ (937.2 મિમી) નોંધાયો હતો. IMD ચીફ મૃત્યુંજય મહાપાત્રાએ તેને ખૂબ જ સફળ સિઝન ગણાવી હતી. યુપીમાં વરસાદ-વાવાઝોડાથી તબાહી, 111 લોકોના મોત યુપીમાં બુધવારે વાવાઝોડા અને વરસાદે ભારે તબાહી મચાવી. રાજ્યમાં 111 લોકોના મોત થયા. સૌથી વધુ 21 મોત પ્રયાગરાજ અને 17 મોત ભદોહીમાં થયા. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પણ આ મોતો પર દુઃખ વ્યક્ત કર્યું. બીજી તરફ, દેશનો અડધાથી વધુ ભાગ હીટવેવની ઝપેટમાં છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશના ઘણા શહેરોમાં ગુરુવારે તાપમાન 40C થી વધુ નોંધાયું. મહારાષ્ટ્રનું અકોલા 45.9C સાથે દેશમાં સૌથી ગરમ રહ્યું. જલગાંવ, વર્ધા અને અમરાવતીમાં પણ પારો 45C થી ઉપર નોંધાયો.



રાજસ્થાનના ફલોદીમાં તાપમાન 45.2C, જેસલમેર અને બાડમેરમાં 45.1C નોંધાયું. શ્રીગંગાનગરમાં 44.8C અને જોધપુરમાં 44C પારો રહ્યો. જયપુર, બીકાનેર અને નાગૌરમાં દિવસભર હીટવેવ જેવી સ્થિતિ રહ્યા બાદ સાંજે વરસાદ થયો. જેનાથી ગરમીમાંથી થોડી રાહત મળી. આ તરફ, યુપીમાં બાંદા રાજ્યનો સૌથી ગરમ જિલ્લો રહ્યો. અહીં તાપમાન 45.2C રહ્યું. આ ઉપરાંત ગુજરાતનું ભાવનગર 45.2C અને મધ્યપ્રદેશનું ખંડવા 44.5C સાથે પોતાના રાજ્યના સૌથી ગરમ શહેરો હતા.

પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન અને પશ્ચિમ યુપીમાં વરસાદ, તેજ પવનો ફૂંકાઈ શકે છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં વરસાદ સાથે કરા પડી શકે છે. પહાડી વિસ્તારોમાં તેજ પવનો પણ ફૂંકાઈ શકે છે. બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને પૂર્વોત્તર રાજ્યોમાં વરસાદ સાથે વીજળી પડવાની ચેતવણી છે. 17 મે: રાજસ્થાનમાં હીટવેવનું એલર્ટ છે. રાતો પણ ગરમ રહેશે. છત્તીસગઢ, હરિયાણા, દિલ્હી, મધ્યપ્રદેશ, પંજાબ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ હીટવેવ. આંધ્રપ્રદેશ, બિહાર, છત્તીસગઢ, કર્ણાટક, કેરળ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં વીજળી ચમકવા અને તેજ પવનો સાથે ખરાબ હવામાનની ચેતવણી છે. આસામ, મેઘાલય, કેરળ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, કર્ણાટક અને તમિલનાડુમાં ભારે વરસાદનો અંદાજ છે.

1. રાજસ્થાન: રાજ્યનું સરેરાશ તાપમાન 45C ની આસપાસ; 10 જિલ્લામાં આજે પણ વાવાઝોડું-વરસાદ

રાજ્યમાં હીટવેવ અને આકરી ગરમીનો કહેર યથાવત છે. સરેરાશ તાપમાન 45C જળવાઈ રહ્યું છે. ગુરુવારે રાજ્ય સવારથી બપોર સુધી આકરી ગરમીથી તપ્યું, પરંતુ બપોર પછી જયપુર સહિત ઘણા જિલ્લાઓમાં વરસાદ થયો. હવામાન વિભાગ અનુસાર, શુક્રવારે રાજસ્થાનના 10 જિલ્લાઓમાં વાવાઝોડા સાથે વરસાદનું યલો એલર્ટ છે.

## CJI બોલ્યા-બેરોજગાર યુવાનો વંદા જેવા : આ મીડિયા, સોશિયલ મીડિયા અને RTI એક્ટિવિસ્ટ બનીને સિસ્ટમ પર હુમલો કરે છે

### સુપ્રીમ કોર્ટ CBI દ્વારા ઘણા વકીલોની ડિગ્રીની તપાસ કરાવવા પર વિચાર કરી શકે છે,



**કોલકાતા, તા.15**

ચીફ જસ્ટિસ સૂર્યકાંતે એક કેસની સુનાવણી દરમિયાન દેશના બેરોજગાર યુવાનોને કોકરોચ(વંદા) કહ્યા. તેમણે કહ્યું- કેટલાક બેરોજગાર યુવાનો કોકરોચ જેવા હોય છે, જેઓ પાછળથી મીડિયા, સોશિયલ મીડિયા કે RTI એક્ટિવિસ્ટ બનીને સિસ્ટમ પર હુમલો કરવા લાગે છે. CJI અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે શુક્રવારે એક વકીલની અરજી પર સુનાવણી કરી, જેમાં તેણે સિનિયર એડવોકેટનો દરજ્જો મેળવવાની માંગ કરી હતી. બેન્ચે વકીલને ફટકાર લગાવતા કહ્યું- સમાજમાં પહેલાથી જ પેરાસાઈટ (પરજીવી) છે, જેઓ સિસ્ટમ પર હુમલો કરે છે. બેન્ચે કહ્યું કે દુનિયામાં દરેક વ્યક્તિ સિનિયર બનવા યોગ્ય હોઈ શકે છે, પરંતુ તમે તેના હકદાર નથી. જો તમને દિલ્હી હાઈકોર્ટે સિનિયર એડવોકેટ બનાવી પણ દીધા, તો સુપ્રીમ કોર્ટ તમારા વ્યવહારને જોતા તે નિર્ણયને રદ કરી દેશે.

બેન્ચનો સવાલ- તમારી પાસે બીજો કોઈ કેસ નથી

કોર્ટે પૂછ્યું કે શું અરજદાર પાસે બીજો કોઈ કેસ નથી અને શું આ કોઈ સિનિયર એડવોકેટ બનવાની ઈચ્છા રાખનારનું યોગ્ય વર્તન છે. સિનિયર એડવોકેટનો દરજ્જો આપવામાં આવે છે, તેને જાતે મેળવવાનો પ્રયાસ કરવામાં આવતો નથી. બેન્ચે સવાલ કર્યો કે તમે તેને મેળવવા પાછળ પડ્યા છો, શું આ યોગ્ય લાગે છે. સુપ્રીમ કોર્ટ CBI દ્વારા ઘણા વકીલોની ડિગ્રીની તપાસ કરાવવા પર વિચાર કરી શકે છે, કારણ કે તેમની ડિગ્રીની સત્યતા પર ગંભીર સવાલો છે. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા આના પર કંઈ કરશે નહીં, કારણ કે તેમને વોટ જોઈએ છે.

## સુપ્રીમ કોર્ટે કહ્યું-બે એરલાઇનનું ભાડું અલગ-અલગ કેમ

### એક એરલાઇન ₹8000 ચાર્જ લે છે, બીજી ₹18000; સરકારને કહ્યું- લોકોને થોડી રાહત આપો

**ભોપાલ, તા.15**

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું કે એક જ દિવસે, એક જ સેક્ટરમાં ઉડાન ભરતી એક એરલાઈન અલગ હવાઈ ભાડું લે છે જ્યારે બીજી એરલાઈન અલગ ભાડું લે છે. આને સુધારવું જોઈએ. જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે કેન્દ્ર સરકારને મુસાફરોને રાહત આપવા જણાવ્યું હતું. આ અંગે કેન્દ્ર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું કે સરકાર આ સમસ્યા પર ચર્ચા કરી રહી નથી. આ મુદ્દાને કોઈપણ વિરોધ વિના સ્વીકારી રહી છે. 2024નો એક નવો કાયદો લાગુ થઈ ગયો છે અને તેના સંબંધિત નિયમો પર વિચારણા ચાલી રહી છે. સુપ્રીમ કોર્ટ સોશિયલ એક્ટિવિસ્ટ એસ લક્ષ્મીનારાયણન દ્વારા કરાયેલી એક અરજી પર સુનાવણી કરી રહી હતી. તેમણે માંગ કરી કે દેશમાં એક મજબૂત અને સ્વતંત્ર રેગ્યુલેટર બનાવવામાં



આવે, જે એરલાઇન્સના ભાડા અને વધારાના ચાર્જ પર નજર રાખે. બેન્ચે આ કેસની સુનાવણી 13 જુલાઈએ નક્કી કરી.

અરજદારનો દાવો- નિયમો પહેલાથી છે, પાલન નથી થઈ રહ્યું

લક્ષ્મીનારાયણનના વકીલ રવીન્દ્ર શ્રીવાસ્તવે કહ્યું કે એરક્રાફ્ટ એક્ટ 1937 હેઠળ નિયમો પહેલેથી જ છે, પરંતુ સમસ્યા એ છે કે તેનું પાલન કરવામાં આવ્યું નથી. જ્યાં સુધી નવા નિયમો ન બને ત્યાં સુધી જૂના નિયમો ચાલુ રહેશે. સાથે જ કહેવામાં આવ્યું છે કે જો DGCAને લાગે કે કોઈ ખાસ પરિસ્થિતિમાં, એરલાઈન્સ ખૂબ વધારે ભાડું વસૂલી રહી છે, તો તે નિર્દેશો જારી કરશે. બેન્ચે શ્રીવાસ્તવને કેન્દ્ર દ્વારા કરાયેલા કાઉન્ટર-એફિડેવિટનો જવાબ આપવા જણાવ્યું અને સોલિસિટર જનરલની આ વાત રેકોર્ડ કરી કે નવી વ્યવસ્થા હેઠળ નિયમો બનાવવા માટે કન્સલ્ટેશન પ્રોસેસ ચાલી રહી છે.

30 એપ્રિલની સુનાવણીમાં સરકારને ફટકાર લગાવી હતી

આ પહેલા 30 એપ્રિલે સુપ્રીમ કોર્ટે એક પિટિશન પર એફિડેવિટ ફાઈલ ન કરવા બદલ કેન્દ્રની ઝાટકણી કાઢી હતી, જેમાં ભારતમાં પ્રાઈવેટ એરલાઈન્સના હવાઈ ભાડા અને સહાયક ચાર્જમાં અણધાર્યા ઉતાર-ચઢાવને નિયંત્રિત કરવા માટે રેગ્યુલેટરી ગાઈડલાઈન્સની માંગ કરવામાં આવી હતી. કોર્ટે કેન્દ્રને એક એફિડેવિટ સાથે એક અરજી દાખલ કરવા જણાવ્યું હતું, જેમાં એ જણાવવાની સૂચનાઓ આપવામાં આવી હતી કે એફિડેવિટ શા માટે રજુ કરવામાં આવ્યું નથી. આ માટે વધુ સમય શા માટે માંગવામાં આવ્યો છે.

અનિયમિત હવાઈ ભાડા પર સુપ્રીમ કોર્ટ પહેલા પણ ફટકાર લગાવી ચૂક્યું છે

23 ફેબ્રુઆરી 2026: તહેવારોમાં હવાઈ ભાડું વધારવા પર જવાબ માંગ્યો હતો- સુપ્રીમ કોર્ટે ફેબ્રુઆરીમાં તહેવારો અને ઈમરજન્સી પરિસ્થિતિઓમાં પ્રાઈવેટ એરલાઈન્સના હવાઈ ભાડામાં વધારો કરવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે કહ્યું હતું કે આ એક ખૂબ જ ગંભીર ચિંતાનો વિષય છે. નહીં તો, અમે 32 પિટિશન પર વિચાર ન કરીએ.

## પંજાબના ખેડૂતોની ચંદીગઢ કૂચ, પોલીસ સાથે ઘર્ષણ : ટીયર ગેસના શેલ છોડ્યા, વોટર કેનનથી પાણીનો મારો કર્યો

**નવી દિલ્હી/કોલકાતા, તા.15**

પંજાબના ખેડૂતોએ શુક્રવારે (15 મે) ચંદીગઢ કૂચ કરવાનો પ્રયાસ કર્યો. ખેડૂતો વિવિધ માંગણીઓ સાથે રાજ્યપાલ ગુલાબચંદ કટારિયાને મળવા જઈ રહ્યા હતા. આ માટે મોટી સંખ્યામાં ખેડૂતો મોહાલીના YPS ચોક પર એકઠા થયા હતા, જ્યાંથી તેઓ ચંદીગઢ તરફ આગળ વધવાનો કાર્યક્રમ હતો. ખેડૂતોની કૂચને ધ્યાનમાં રાખીને પોલીસ પહેલેથી જ એલર્ટ પર હતી. પોલીસે YPS ચોકથી ચંદીગઢ જતા મુખ્ય રસ્તાને સીલ કરી દીધો હતો. આ ઉપરાંત, સેક્ટર-50 તરફ જતા રસ્તા પર પણ ભારે બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું, કારણ કે આ રસ્તો રાજ્યપાલના આસપાસના વિસ્તાર તરફ જાય છે. આમ છતાં, ખેડૂતો સેક્ટર-50 વાળા માર્ગ પર આગળ વધવાનો પ્રયાસ કરતા રહ્યા. ઘટનાસ્થળે તણાવ વધ્યો અને ખેડૂતો તથા પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ. ખેડૂતોએ ટ્રેક્ટરની મદદથી બેરિકેડિંગ તોડી નાખ્યા અને આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો.



પરિસ્થિતિને નિયંત્રિત કરવા માટે પોલીસે ખેડૂતોને રોકવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા અને પાણીનો મારો પણ ચલાવ્યો. આ પછી ખેડૂતોએ SSP કવરદીપ કૌર સાથે બેઠક કરી. બાદમાં પંજાબ રાજભવનમાંથી આવેલા એક અધિકારીને ખેડૂતોએ માંગણી પત્ર સોંપ્યો હતો. 'નદીના પાણી' પર નવી માંગ: ખેડૂતો નદીના પાણીના વિતરણને રિપેરિયન સિદ્ધાંત અનુસાર કરવાની માંગ કરી રહ્યા છે અને 'પંજાબ પુનર્ગઠન એક્ટ'ની કેટલીક કલમો રદ કરવાની માંગ કરી રહ્યા છે.

વીજળી અને કૃષિ કાયદા: તેઓ કેન્દ્રના પ્રસ્તાવિત 'વીજળી સુધારા બિલ 2025' અને 'બીજ કાયદો 2025' સામે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

MSP ની કાયદેસર ગેરંટી: લાંબા સમયથી પડતર માંગણીઓમાં તમામ પાકો પર લઘુત્તમ ટેકાના ભાવ (MSP) ની કાયદેસર ગેરંટીનો સમાવેશ થાય છે.સહકારી લોન મર્યાદાઓ: ખેડૂતો સહકારી મંડળીઓ દ્વારા રદ કરાયેલી લોન મર્યાદાઓને પુનઃસ્થાપિત કરવાની માંગ કરી રહ્યા છે. તેઓ ડાંગરની સીઝન દરમિયાન સંપૂર્ણ ક્ષમતામાં વીજળી અને નહેરના પાણીના પુરવઠાની માંગ કરી રહ્યા છે.

ચંદીગઢ જતા રસ્તા પર ડાયવર્ઝન

પંજાબ સ્કૂલ એજ્યુકેશન બોર્ડની પાછળની ચંદીગઢ જતી સડક પર ડાયવર્ઝન કરવામાં આવ્યું. મટૌર બેરિયર પર પણ ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો.




# જૂનાગઢમાં એડવોકેટ અને યુવતી વચ્ચે પ્રેમ, હનીટ્રેપ ને દુષ્કર્મનું ચક્રવ્યૂહ

## :'કેસમાં મદદના બહાને શરીરે બચકા ભર્યાં', સાયબર ક્રાઈમના કેસમાં યુવતી પકડાઈ ને સંપર્કમાં આવી ને ખેલ શરૂ થયો

અમદાવાદ, તા.15

જૂનાગઢ શહેરમાં એડવોકેટ અને એક યુવતી વચ્ચે પ્રેમ, હનીટ્રેપ ને દુષ્કર્મના ચક્રવ્યૂહનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વકીલે યુવતી પર હનીટ્રેપનો આક્ષેપ કરી પોલીસ ફરિયાદ નોંધાવી છે. તો સામે પક્ષે યુવતીએ વકીલ પર દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

સાયબર ક્રાઈમના કેસથી બંન્ને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો

ઘટનાની વિગતવાર વિગતો મુજબ જૂનાગઢ કોર્ટમાં વકીલાત કરતા અને ઈવનગરમાં રહેતા એડવોકેટ ભરત ચાવડાએ સી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એક યુવતી તેમજ તેના પરિવારના સભ્યો વિરૂદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરાવ્યો છે. વકીલના જણાવ્યા અનુસાર, વર્ષ 2021માં આ યુવતી સાયબર ક્રાઈમના એક કેસમાં પકડાઈ હતી ત્યારે તેઓ તેના કાનૂની વકીલ બન્યા હતા. આ કાનૂની કામકાજ દરમિયાન બંને વચ્ચે પરિચય વધ્યો અને સમય જતાં તે પ્રેમસંબંધમાં પરિણમ્યો હતો. પરંતુ સમય પસાર થતાં બંને વચ્ચેના સંબંધો વણસ્યા હતા.

'પ્રેમની આડમાં હનીટ્રેપ અને બ્લેકમેઈલિંગ'



એ બાદ યુવતીએ વકીલને બ્લેકમેઈલ કરવાનું શરૂ કર્યું હતું. વકીલનો આક્ષેપ છે કે યુવતીએ અંગત સંબંધોના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરવાની અને દુષ્કર્મના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપી હતી. આ ધમકીઓ આપીને તેણે વકીલ પાસેથી બળજબરીપૂર્વક 30,000 રૂપિયા રોકડા પડાવી લીધા હતા.

5 લાખની માગ કરતા પોલીસના શરણે વકીલ

આટલેથી ન અટકતા યુવતીએ વધુ 5,00,000 રૂપિયાની માંગણી કરી હતી અને કોર્ટ લોબીમાં તેમજ વકીલના ઘર પાસે આવીને જાહેરમાં હોબાળો મચાવ્યો હતો. આ સતત માનસિક ત્રાસથી કંટાળીને વકીલે આત્મહત્યા કરવા સુધીના મેસેજ પણ મોકલ્યા હતા. આખરે પોતાની સાખ અને વકીલાતના વ્યવસાયને મોટું નુકસાન થવાના ડર વચ્ચે તેમણે પોલીસનો આશરો લીધો છે.

કેસમાં મદદના બહાને દુષ્કર્મની યુવતીની ફરિયાદ

બીજી તરફ 28 વર્ષની યુવતીએ વકીલ ભરત ચાવડા વિરૂદ્ધ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મ અને જાનથી મારી નાખવાની ધમકી અંગેની વળતી ફરિયાદ નોંધાવી છે. યુવતીનો આરોપ છે કે વકીલે તેની સાથે મિત્રતા કેળવીને કોર્ટમાં ચાલતા કેસમાં મદદ કરવાનું પ્રલોભન આપ્યું હતું. આ બહાને તેને જૂનાગઢની આશિયાના હોટલમાં મળવા બોલાવી હતી અને તેની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ કર્યું હતું.

'શરીરે બચકાં ભરી શારીરિક ઈજા પહોંચાડી'

યુવતીએ પોતાની ફરિયાદમાં વધુમાં જણાવ્યું છે કે, વકીલે અવારનવાર તેની પર દુષ્કર્મ કર્યું હતું. એટલું જ નહીં, પરંતુ શરીરે બચકાં ભરી શારીરિક ઈજાઓ પહોંચાડી હતી. જો આ બાબતે કોઈને જાણ કરવામાં આવશે તો અગાઉના કેસના આરોપીઓને બધું કહી દેવાની અને જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવતી હતી. યુવતીની આ ફરિયાદના આધારે પોલીસે વકીલ વિરૂદ્ધ ગુનો દાખલ કરી આગળની તપાસ જોષીપુરા પોલીસ ચોકીના અધિકારીને સોંપી છે.

પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો

આ સમગ્ર મામલે જૂનાગઢના ડી વાયએસપી હિતેશ ધાંધલિયાએ જણાવ્યું હતું કે, જુનાગઢ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં યુવતી દ્વારા પોતાની સાથે અવારનવાર મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ યુવતી ખાનગી ક્ષેત્રમાં નોકરી કરે છે અને તેના જણાવ્યા મુજબ, અગાઉ અમદાવાદ ખાતે સામૂહિક દુષ્કર્મ અને અપહરણ અંગેની એક ફરિયાદ દાખલ થયેલી હતી.

હોટેલમાં લઈ જઈ શારીરિક સંબંધ બાંધ્યા

તે કેસમાં મદદના બહાને તે જુનાગઢના એડવોકેટ ભરત ચાવડાના સંપર્કમાં આવી હતી. વકીલ દ્વારા યુવતીના કેસમાં મદદ કરવાના બહાને તેની સાથે અવારનવાર ફોન પર વાતચીત થતી હતી અને તેઓ સાથે અમદાવાદ પણ જતા હતા. જેના લીધે ત્યારબાદ બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયો હતો. આ દરમિયાન તેઓ જુનાગઢની અલગ-અલગ હોટલમાં જતા અને બંને વચ્ચે શારીરિક સંબંધો પણ બંધાયા હતા.

યુવતીના પરિવારને જાણ કરવાની ધમકી આપી

એડવોકેટ ભરત ચાવડા દ્વારા યુવતીને બ્લેકમેલ કરવામાં આવતી હતી કે અમદાવાદ ખાતે તેનો જે કેસ ચાલી રહ્યો છે તેમાં તે આરોપીઓને મદદ કરી રહ્યો છે, અને જો યુવતી તેની સાથે સંબંધ નહીં રાખે તો તે આરોપીઓને ફાયદો થાય તે પ્રકારની કાર્યવાહી કરશે.

# આજે સૌરાષ્ટ્ર-કચ્છમાં હીટવેવ, યલો એલર્ટ જારી : સુરતના તાપમાનમાં 8°C ઘટાડા બાદ એકઝાટકે 5°Cનો ઉછાળો

## 24 કલાકમાં 4.5 ડિગ્રીના વધારા સાથે ભાવનગર સૌથી ગરમ

અમદાવાદ, તા.15



14 મે, ગુરુવારે પણ ગુજરાતમાં આકરી ગરમી રહી હતી અને મહત્તમ તાપમાનનો પારો 45ને પાર નોંધાયો છે. આ સીઝનમાં પહેલીવાર ભાવનગરમાં તાપમાન 45.2 ડિગ્રીએ પહોંચ્યું છે, જે ગઈકાલનું રાજ્યનું સૌથી ઊંચું તાપમાન હતું. અહીં 24 કલાકની અંદર જ તાપમાનમાં 4.5 ડિગ્રીનો ઉછાળો જોવા મળ્યો છે. તો સુરતમાં 13 મેના રોજ તાપમાનમાં 8 ડિગ્રીના ઘટાડા બાદ ગઈકાલે પારો સીધો 5 ડિગ્રી વધીને 39.4Cએ પહોંચ્યો છે. રાજ્યના છ શહેરોમાં તાપમાન 43 ડિગ્રીથી વધુ નોંધાયું છે. છેલ્લા 24 કલાકમાં થયેલા મહત્તમ તાપમાનના મોટા ફેરફારની વાત કરીએ તો ભાવનગરમાં 4.5C, દીવમાં 3.8C અને વડોદરામાં 1.2 ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો છે. જ્યારે પોરબંદરમાં 3.2C, કંડલામાં 1.5C અને નલિયામાં 1.5Cનો ઘટાડો થયો છે. રાજ્યના અન્ય શહેરોના તાપમાનમાં પણ સામાન્ય વધઘટ નોંધાઈ છે. આજે હવામાન વિભાગ દ્વારા ચાર જિલ્લામાં 'યલો એલર્ટ' સાથે હીટવેવનું એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, આવતીકાલથી થોડા દિવસો માટે લોકોને ગરમીથી આંશિક રાહત મળી શકે છે. પવનની દિશામાં ફેરફાર થવાને કારણે તાપમાનમાં 2થી 4 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, આજે અમદાવાદમાં 43C, ગાંધીનગરમાં 43 C, સુરતમાં 40C, રાજકોટમાં 43C, વડોદરામાં 42C, અમરેલીમાં 43C, ભૂજમાં 41C અને ડીસામાં 42C મહત્તમ તાપમાન નોંધાઈ શકે છે.

સુરતના ઝૂમાં વાઘ-દીપડા માટે કુલર અને પક્ષીઓ માટે ફુવારા શરૂ

સુરતમાં આકરી ગરમીમાં માનવીઓ તો ઠીક, પરંતુ અબોલ વન્યજીવોની હાલત પણ કફોડી બની રહી છે. સરથાણા સ્થિત ડો. શ્યામાપ્રસાદ મુખર્જી પ્રાણી સંગ્રહાલયમાં વન્યજીવોને ગરમીથી રાહત આપવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં વાઘ, દીપડા અને રીંછ જેવા પ્રાણીઓ માટે કુલર અને ફુવારા કાર્યરત કરી દેવાયા છે.

નાઈટ શેલ્ટરમાં કુલરની સુવિધા

માત્ર દિવસ દરમિયાન જ નહીં, પણ રાત્રિના સમયે પણ વન્યજીવોને ગરમી ન લાગે તેની તકેદારી રાખવામાં આવી રહી છે. વાઘ, સફેદ વાઘ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓને જ્યારે સાંજે નાઈટ શેલ્ટરમાં લેવામાં આવે છે,

# અમદાવાદમાં કોંગ્રેસની હારનું ઠીકરું વોર્ડ પ્રમુખો પર ફોડાયું : 6 વોર્ડના પ્રમુખોને દૂર કરાયા

અમદાવાદ, તા.15

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસની બેઠક ગયા વર્ષ કરતા વધી છે પરંતુ ધાર્યા જેવું પરિણામ મેળવી શકી નહતી. જેથી નિરાશાજનક પરિણામ આવ્યા બાદ કારણ જાણવા માટે પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા દ્વારા બેઠકો કરવામાં આવી હતી. ઝોન વાઈઝ બેઠક કરીને નિરાશાજનક પરિણામ કેમ આવ્યું તેની સમીક્ષા કરવામાં આવી હતી. જો કે તે બાદ હવે અમદાવાદ શહેર કોંગ્રેસ દ્વારા 6 જેટલા વોર્ડ પ્રમુખ પદેથી હટાવવામાં આવ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં 6 જેટલા વોર્ડ પ્રમુખોએ નિરાશાજનક કામગીરી કરી હોવાનું જણાવી પ્રમુખની ફરજમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. અમદાવાદ



મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપ 160 અને કોંગ્રેસ માત્ર 32 બેઠક પર જીત હાંસિલ કરી શકી હતી. જો કે ગયા વર્ષ કરતા આ વર્ષે કોંગ્રેસ વધુ બેઠક પર જીત મેળવી શકી હતી. તેમાં પણ ખાડિયા કે જે ભાજપનો ગઢ માનવામાં આવતું હતું ત્યાં પહેલી વખત કોંગ્રેસની આખી પેનલ જીતી હતી. પરંતુ છેલ્લા 20 વર્ષ બાદ પણ કોંગ્રેસ આ વર્ષે પણ વિપક્ષમાં જ જોવા મળશે. ધાર્યું પરિણામ ન આવતા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં શાસન ન મેળવી શકતા ચૂંટણીના પરિણામોની ચર્ચા કરવામાં આવી હતી. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, વિધાનસભા વિપક્ષ નેતા તુષાર ચૌધરી સહિત શહેર પ્રમુખની હાજરીમાં ચૂંટણીના પરિણામોની ચર્ચા કરવામાં આવી હતી. નિરાશાજનક પરિણામ કેમ આવ્યું તેને લઈને શહેર પ્રમુખ દ્વારા વોર્ડ પ્રમુખ પર દોષનો ટોપલો ઢોળાવામાં આવ્યો હતો. કેટલાક વોર્ડ પ્રમુખોએ ચૂંટણી દરમિયાન નિષ્ક્રિયતા રાખી હોવાનું બેઠકમાં જણાવવામાં આવ્યું હતું.

# બલોલનગર 'મોત'નો ઓવરબ્રિજ, વધુ એકનું મોત : અમદાવાદમાં વળાંક પર બાઈક ચાલક ડિવાઈડર સાથે અથડાઈ નીચે પડતા મોત

અમદાવાદ, તા.15

અમદાવાદના રાણીપ વિસ્તારમાં આવેલો બલોલનગર રેલવે ઓવરબ્રિજ હવે મોતનો ઓવરબ્રિજ બની ગયો છે. બલોલનગર રેલવે ઓવરબ્રિજ પર ગઈકાલે(14 મે) મોડી રાત્રે ઓવરસ્પીડમાં બાઈક ચાલક જઈ રહ્યો હતો ત્યારે વળાંક પર બાઈક ડિવાઈડર સાથે અથડાયું હતું અને બાઈક ચાલક બ્રિજ પરથી નીચે પડ્યો હતો. બાઈક ચાલક અતુલભાઈ પંચાલનું ઘટનાસ્થળ પર જ મૃત્યુ થયું હતું. છેલ્લા 10 દિવસમાં બલોલનગર બ્રિજના વળાંક પર અકસ્માત થઈને નીચે પડવાનો આ બીજો બનાવ છે. 7 મેના રોજ બનેલા



અકસ્માતના બનાવ બાદ પણ મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર અને ટ્રાફિક પોલીસની આંખ ઉઘડી નહીં અને ફરી એકવાર બનાવ બન્યો છે.બ્રિજ પરથી નીચે પડતા માથાના ભાગે ઈજાઓ થતા સ્થળ પર જ મોત. પાડોશીએ જાણ કરી કે ભાઈનો અકસ્માત થયો

રાણીપ વિસ્તારમાં આવેલા ગણેશ પ્લાઝામાં મહેશભાઈ પંચાલ તેમના પરિવાર સાથે રહે છે. મહેશભાઈની સાથે તેમના નાનાભાઈ અતુલભાઈ પણ રહે છે અને તેઓ ગાંધીનગર ખાતે આવેલી કંપનીમાં સિનિયર મેનેજર તરીકે નોકરી કરતા હતા. ગઈકાલે મોડી રાત્રે મહેશભાઈ અને તેમનો પરિવાર ઘરે સુતા હતા ત્યારે રાત્રે પોણા બે વાગ્યાની આસપાસ પાડોશમાં રહેતા વ્યક્તિએ મહેશભાઈને આવીને જાણ કરી હતી કે તમારા નાના ભાઈ અતુલભાઈનો બલોલનગર બ્રિજ ઉપર અકસ્માત થયો છે જેથી મહેશભાઈ તાત્કાલિક બ્રિજ ખાતે પહોંચ્યા હતા.

બ્રિજ પરથી નીચે પડતા મોત

બલોલનગર રેલવે ઓવરબ્રીજ ઉપર અતુલભાઈનું બાઈક પડેલું હતું અને તેમના ભાઈ બ્રિજની નીચે પડેલા હતા. તેઓએ ત્યાં જઈને જોતા તેમના માથાના ભાગે અને શરીરના અલગ અલગ ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી અને તેમનું સ્થળ પર જ મૃત્યુ થઈ ગયું હતું. અતુલભાઈ રાત્રે સવા એક વાગ્યાની આજુબાજુ તેમનું બાઈક લઈને ન્યુ રાણીપથી રાણીપ તરફ આવી રહ્યા હતા ત્યારે બલોલનગર બ્રિજ ઉપર બેલેન્સ ન રહેતા બાઈક ડિવાઈડર સાથે અથડાઈને તેઓ ઉછળીને બ્રિજ પરથી નીચે પડ્યા હતા અને માથાના ભાગે ઈજાઓ થતા તેમનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું.

# પેટ્રોલ-ડીઝલ ₹3-3 પ્રતિ લિટર મોંઘા, સરકારનો 'મિડનાઈટ શોક' : સુરતમાં 'પેટ્રોલ-ડીઝલ નથી' ના બોર્ડ લાગ્યા

સુરત, તા.15

દેશ સહિત ગુજરાતમાં ગઈકાલે(14 મે) મોડી રાત્રે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં આકરો વધારો કરવામાં આવતા સામાન્ય જનતા પર મોંઘવારીનો વધુ એક બોજ પડ્યો છે. પેટ્રોલમાં પ્રતિ લિટર 2.99નો વધારો થતા નવો ભાવ 97.50 થયો છે, જ્યારે ડીઝલમાં 3.09નો વધારો થતા તે 93.29 પર પહોંચ્યું છે. સામાન્ય રીતે ઈંધણના ભાવમાં ફેરફાર રાત્રે 12 વાગ્યે થતો હોય છે, પરંતુ આ વખતે પ્રથમવાર રાત્રે 3 વાગ્યે પંપ સંચાલકોને સૂચના આપી તાત્કાલિક અસરથી નવા ભાવ લાગુ કરી દેતા ગ્રાહકોમાં આશ્ચર્ય અને આક્રોશ જોવા મળ્યો છે. અચાનક અમલી બનેલા આ વધારાને કારણે વહેલી સવારે પંપ પર પહોંચેલા વાહનચાલકોને આર્થિક ફટકો પડ્યો હતો. પેટ્રોલ પુરાવવા આવેલા વાહન ચાલકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. તેઓએ કહ્યું હતું કે ચૂંટણી જીતી ગયા એટલે મોંઘવારીનો ડોઝ આપી દીધો. તો કેટલાક લોકો તો એવું પણ બોલ્યા કે ભાવ સામે પગાર વધવાનો નિયમ લાવો. આ બધા વચ્ચે સુરતના કેટલાક વિસ્તારના કેટલાક પેટ્રોલ પંપ પર 'પેટ્રોલ-ડીઝલ નથી' ના બોર્ડ લાગ્યા છે. તો વડોદરામાં એક પેટ્રોલ પંપ પર સરકારી વાહન ટેમ્પો ભરી ડીઝલ લઈ જતું જોવા મળ્યું હતું.

સુરતમાં 'પેટ્રોલ-ડીઝલ નથી' ના બોર્ડ લાગ્યા

સુરતના વરાછા, કતારગામ, ગોથાણ અને વેલંજા સહિતના વિસ્તારોમાં સ્ટોક ખાલી થઈ જવાને કારણે અનેક પેટ્રોલ પંપો પર 'પેટ્રોલ-ડીઝલ નથી' તેવા બોર્ડ મારીને પંપ બંધ કરી દેવાયા હતા. નવા સ્ટોકની આવક ન થવાને લીધે સર્જાયેલી આ અછત વચ્ચે કેટલાક પંપો પર માત્ર પ્રીમિયમ પેટ્રોલનું જ વેચાણ કરવામાં આવ્યું હતું, જેના કારણે સામાન્ય જનતાએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

ગૃહિણીઓથી લઈને નોકરિયાત વર્ગ પરેશાન

આ ભાવ વધારા અંગે સુરતના લોકોએ આકરા શબ્દોમાં પોતાની પ્રતિક્રિયા આપી હતી. હાઉસકિપિંગમાં કામ કરતા પ્રવીણભાઈએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હવે આમાં શું કરવાનું? હું અત્યારે હાલમાં 10,000માં નોકરી કરું છું, બરાબર? તો અત્યારે 106 ભાવ કર્યા સરકારે. તમે વિચાર કરો! તો આમાં કઈ રીતે કરવાનું? અત્યારે મેં 600નું પેટ્રોલ નખાવ્યું, હવે 10,000ના પગારમાં શું કરવાનું માણસોએ? બોલો... તેલનો ડબ્બો લાવો કે પેટ્રોલ નખાવવું? કંઈ પેટ્રોલ થોડું નખાય છે શાકમાં?, આવી પોઝિશન થઈ છે અત્યારે હાલમાં પબ્લિકની. હું હાઉસકિપિંગમાં જોબ કરું છું, 10,000ના પગારમાં. તો સરકારે વિચાર કરવો જોઈએ કે નાના માણસોના પગાર વધારા સામે તો જુઓ! એ તો વિચારતા જ નથી.

# યુવકે રીલ બનાવવા દીપડાને દોડાવ્યો, બોલ્યો- મેં એવું કામ કર્યું જે આખી દુનિયામાં કોઈ ન કરી શકે

અમદાવાદ, તા.15

વડોદરાના કમાટીબાગ પ્રાણી સંગ્રહાલયમાં દીપડાની પજવણીનો ચોંકાવનારો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો છે. આ વીડિયોએ પ્રાણી સંગ્રહાલયમાં રાખવામાં આવેલા પ્રાણીઓની અને અહીં આવતા પ્રવાસીઓની સુરક્ષાને લઈ ગંભીર સવાલ ઉભો કર્યો છે. સોશિયલ મીડિયામાં વાઈરલ વીડિયોમાં બે થી ત્રણ યુવકો દીપડાને જ્યાં રાખવામાં આવ્યા છે તે ગુફા સુધી પહોંચીને રીલ બનાવતા જોવા મળી રહ્યા છે. યુવકો પાંજરાની બહાર દોડીને દીપડાને દોડાવતા પણ દેખાઈ રહ્યા છે. સાથે રીલ બનાવીને યુવક કહી રહ્યો છે કે, આખી



દુનિયામાં કોઈ ન કરી શકે એવું કામ મેં કર્યું છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આ વીડિયો વાઈરલ કરવા લોકોને અપીલ પણ કરી રહ્યો છે. વડોદરાના સયાજીબાગ પ્રાણી સંગ્રહાલયમાં હજારો સહેલાણીઓ આવે છે. હાલમાં વેકેશનનો સમય ચાલી રહ્યો છે ત્યારે અહીં કેટલાય સહેલાણીઓ પ્રાણીઓ જોવા આવે છે. ખાસ કરીને બાળકોને અહીં ખુબ મઝા આવે છે. પરંતુ પ્રાણી સંગ્રહાલયમાં સુરક્ષામાં ચૂક થઈ હોવાનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં ત્રણ જેટલા યુવાનો છેક દીપડાના પાંજરા સુધી પહોંચી ગયા હતા. એટલું જ નહિ આ યુવાનોએ દીપડાને હેરાનગતિ કરી હોવાનું પણ માલુમ પડી રહ્યું છે. આ પૈકી એક યુવાન દીપડાને દોડાવી રહ્યો હોવાનું પણ જણાઈ રહ્યું છે. આ યુવાનોએ માત્ર નિયમોનું ઉલ્લંઘન જ નથી કર્યું, પરંતુ ત્યાં જઈને સોશિયલ મીડિયા પર ફેમસ થવા માટે રીલ્સ અને વીડિયો પણ બનાવ્યા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર જોરદાર વાયરલ થઈ રહ્યો છે.

# વડોદરામાં 1200 કરોડના 'વિશ્વામિત્રી રિવાઈવલ પ્રોજેક્ટ'નો ફેઝ-2:10 વર્ષમાં બદલાશે નદીનો નકશો

અમદાવાદ, તા.15

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરની મધ્યમાંથી પસાર થતી ઐતિહાસિક વિશ્વામિત્રી નદીને ઊંડી અને પહોળી કરવાની કામગીરી હાથ ધરાયા બાદ હવે ચોમાસા પહેલા બીજા તબક્કાની કામગીરી હાથ ધરવામાં આવશે. નદીના પુનરોદ્ધાર અને સંરક્ષણ માટે નવલાવાલા કમિટીના માર્ગદર્શન હેઠળ કોર્પોરેશન તેમજ સિંચાઈ વિભાગ દ્વારા આ કામગીરી ગત વર્ષે શરુ કરવામાં આવી હતી.

જેમાં પ્રથમ તબક્કાની કામગીરી બાદ ચોમાસા પહેલા હવે બીજા તબક્કાની કામગીરી શરુ કરાશે. મહાનગરપાલિકા અંતર્ગત આવતા વિસ્તારમાં



ગેબિયન વોલ સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગત વર્ષે નદીને ઊંડી અને પહોળી કરાઈ હતી

બે વર્ષ પૂર્વે વડોદરામાં વિશ્વામિત્રી નદીમાં આવેલા વિનાશક પૂરે સર્જેલી તબાહીથી નાગરિકોને કરોડો રૂપિયાનું માતબર નુકસાન વેઠવું પડ્યું હતું. આ ભયાનક સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી, નદીની જળવહન ક્ષમતામાં વધારો કરવા માટે રાજ્ય સરકાર દ્વારા તેને ઊંડી અને પહોળી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. આ કામગીરીને વ્યવસ્થિત રીતે પાર પાડવા માટે ખાસ 'નવલાવાલા કમિટી'ની રચના કરવામાં આવી હતી. આ સમિતિના માર્ગદર્શન હેઠળ ગત વર્ષે 100 દિવસના ટૂંકા ગાળામાં નદીના પાળા મજબૂત કરવા અને નદીના પટને ઊંડો-પહોળો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેમાં મહાનગરપાલિકા દ્વારા શહેર વિસ્તારમાં અને સિંચાઈ વિભાગ દ્વારા બાકીના વિસ્તારોમાં અસરકારક રીતે કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ એ લોન્ગ ટર્મ પ્રોજેક્ટ છે. ગત વર્ષે 60થી 65 કરોડનું કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ વર્ષે પણ જેમ-જેમ મંજૂરી મળશે તે પ્રમાણે કામગીરી કરવામાં આવશે. આ એક વર્ષ માટેનો પ્રોજેક્ટ નથી, જેથી સરકાર દ્વારા મંજૂરી મળ્યા મુજબ કામગીરી કરવામાં આવશે. પ્રિ-મોન્સૂન અને પોસ્ટ મોન્સૂનમાં તબક્કાવાર કામગીરી કરવામાં આવશે. અમારી પ્રાથમિકતા પૂરની સ્થિતિ ન સર્જાય તે રહેશે.

# ધારાસભ્ય યોગેશ પટેલના ભત્રીજાના ઘરમાં ચોરી, રાવપુરામાં આવેલા મકાનમાંથી રૂ. 5.80 લાખ ગાયબ

વડોદરા તા.15

વડોદરાના ભરચક્ક રાવપુરા વિસ્તારમાં રહેતા ટ્રાવેલર્સ અને ધારાસભ્ય યોગેશ પટેલના ભત્રીજા અમીષ પટેલના ઘરમાં વહેલી સવારે ચોરીની ઘટના સામે આવી છે. વહેલી સવારે માતા મંદિરે દર્શન કરવા અને પુત્ર કમાટીબાગ ખાતે ગયો હતો. તેનો લાભ લઈ તસ્કરે ચાવી વડે મકાનનું તાળું ખોલી અંદર પ્રવેશ કર્યો હતો અને રોકડ રકમ તથા લેપટોપ મળી રૂ.5.80 લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જોકે સીસીટીવી ચેક કરતા એક મહિલા શંકાસ્પદ હાલતમાં જણાઈ રહી હોય પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

બંધ ઘરમાં ત્રાટકી રોકડ અને



લેપટોપ સહિત રૂ. 5.80 લાખના મુદ્દામાલની ચોરી

શહેરના રાવપુરાના અમદાવાદી પોળ કડવા શેરી વિસ્તારમાં રહેતા અમીષ સુનીલભાઈ પટેલ ટ્રાવેલ્સના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેઓ માંજલપુરના ધારાસભ્ય યોગેશ પટેલના ભત્રીજા થાય છે. શિયાપુરા મસ્જિદની ગલી ખાતે ધ ગ્લોબલ એઝ કન્સલ્ટન્ટ નામે ઓફિસ ચલાવે છે. હાલમાં તેમની પુત્રીને શાળામાં વેકેશન હોવાથી પત્ની પિયર ગઈ હતી અને ઘરમાં તેઓ તથા તેમની માતા હંસાબેન જ હાજર હતા.

ગુરુવારે વહેલી સવારે અમીષ પટેલ રોજની જેમ કમાટીબાગ ખાતે વોકિંગ માટે ગયા હતા, જ્યારે તેમની માતા અંબામાતા મંદિરે દર્શન કરવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન મકાનની ચાવી મુખ્ય દરવાજા પાસે આવેલા સ્ટોરરૂમમાં સામાન ઉપર રાખવામાં આવી હતી. સ્ટોરરૂમને તાળું ન હતું અને માત્ર સ્ટોપરથી બંધ કરવામાં આવ્યું હતું.

સવારે અંદાજે 9 વાગ્યે અમીષ પટેલ ઘરે પરત ફર્યા ત્યારે તેમની માતાએ બેગ વિશે પૂછતા ઘરમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન મેઈન રૂમના ટેબલ પર મુકેલી બેગ ગાયબ હોવાનું સામે આવ્યું હતું. બેગમાં છેલ્લા સાત દિવસના ધંધાની આશરે રૂ.5 લાખ રોકડ રકમ તેમજ અંદાજે રૂ.80 હજાર કિંમતનું લેપટોપ મુકેલું હતું.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# ટ્રમ્પે કહ્યું- ચીન હોર્મુઝ ખોલવામાં મદદ કરવા તૈયાર : ઈરાને હોર્મુઝ માટે નવા નિયમો જાહેર કર્યા, BRICSને અમેરિકાનો વિરોધ કરવાની અપીલ કરી

**તેલ અવીવ તા.15**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે દાવો કર્યો હતો કે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે હોર્મુઝને ખુલ્લું રાખવામાં મદદ કરવાની ઓફર કરી છે. ફોક્સ ન્યૂઝને આપેલા ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે કહ્યું કે શી જિનપિંગ ઈચ્છે છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે કોઈ સમજૂતી થાય. ટ્રમ્પ અનુસાર, શી જિનપિંગે કહ્યું કે જો હું કોઈ રીતે મદદ કરી શકું, તો હું મદદ કરવા માંગીશ. ચીન મોટા પ્રમાણમાં ઈરાની ઓઈલ ખરીદે છે, તેથી તેને પણ હોર્મુઝ ખુલ્લું રહેવામાં રસ છે. તેમણે કહ્યું કે, જે દેશ આટલું બધું ઓઈલ ખરીદે છે, તેનો સ્વાભાવિક રીતે ઈરાન સાથે સંબંધ હોય છે. ચીન ઈચ્છે છે કે હોર્મુઝ સ્ટ્રેટ ખુલ્લું રહે. બીજી તરફ, ઈરાને હોર્મુઝમાંથી પસાર થતા જહાજો માટે નવા નિયમો લાગુ કર્યા છે. હવે આ માર્ગેથી પસાર થતા જહાજોને ઈરાનની દેખરેખ અને મંજૂરીમાંથી પસાર થવું પડી રહ્યું છે. તેમણે BRICS દેશોને અપીલ કરી છે કે તેઓ અમેરિકા અને ઈઝરાયલની નિંદા કરે.




છેલ્લા 24 કલાકના 5 મોટા અપડેટ્સ

1. હોર્મુઝમાં ગુજરાતનું વધુ એક જહાજ ડૂબ્યું: ગુજરાતનું માલવાહક જહાજ 'હાજી અલી' ઓમાન નજીક ડ્રોન કે મિસાઈલ જેવા હુમલાની ઝપેટમાં આવીને ડૂબી ગયું. તમામ 14 ક્રૂ મેમ્બર્સને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા.

2. ઈરાને ચીની જહાજોને હોર્મુઝમાંથી પસાર થવા દીધા: ઈરાની મીડિયા અનુસાર, IRGCની દેખરેખ હેઠળ ઘણા ચીની જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા.

3. ઈરાન બોલ્યું- ઈઝરાયલ સાથે મિલીભગત કરનારાઓને જવાબ મળશે: ઈરાની વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ ચેતવણી આપી કે ઈઝરાયેલ સાથે મળીને ઈરાન વિરુદ્ધ ષડયંત્ર કરનારાઓને જવાબ આપવામાં આવશે. તેમનું નિવેદન નેતન્યાહુના કથિત UAE પ્રવાસના દાવા પછી આવ્યું.

4. ઈરાને BRICSને અમેરિકા-ઈઝરાયલની નિંદા કરવા કહ્યું: નવી દિલ્હીમાં BRICS બેઠક દરમિયાન ઈરાની વિદેશ મંત્રી અરાઘચીએ અમેરિકા અને ઈઝરાયલ પર આંતરરાષ્ટ્રીય કાયદા તોડવાનો આરોપ લગાવ્યો અને BRICS દેશોને વિરોધ કરવાની અપીલ કરી.

5. અમેરિકાનો દાવો- હોર્મુઝ નાકાબંધી પછી 70 જહાજોએ રસ્તો બદલ્યો: CENTCOM અનુસાર, હોર્મુઝમાં તણાવ વધ્યા પછી અત્યાર સુધીમાં 70 વ્યાપારી જહાજોએ પોતાનો રૂટ બદલી લીધો છે.

ઈરાન યુદ્ધ સંબંધિત અપડેટ્સ માટે નીચેના બ્લોગમાં જુઓ

હિઝબુલ્લાહનો ઈઝરાયલ પર ડ્રોન અને મિસાઈલ હુમલો

હિઝબુલ્લાહે ઈઝરાયલ પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા છે. આ પછી ઉત્તરી ઈઝરાયેલમાં તણાવ વધી ગયો છે. ઈઝરાયેલી સેનાએ કહ્યું કે લેબનાન સરહદ નજીક ઘણા વિસ્ફોટક ડ્રોન પડ્યા. જોકે, આ હુમલાઓમાં કોઈના ઘાયલ થવાના સમાચાર નથી. ઈઝરાયેલે હિઝબુલ્લાહ પર યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે. સેના અનુસાર, ઉત્તરીય વિસ્તારમાં દુશ્મન વિમાન ઘૂસવાની ચેતવણી જારી કરવામાં આવી હતી. ઈઝરાયેલે એવો પણ દાવો કર્યો કે લેબનાનથી છોડવામાં આવેલી એક રોકેટને વચ્ચે જ રોકી દેવામાં આવ્યું હતું. બીજી તરફ, હિઝબુલ્લાહે કહ્યું કે તેણે ઈઝરાયેલી લડાકુ વિમાનો અને ડ્રોન સામે જવાબી કાર્યવાહી કરી. સંગઠન અનુસાર, તેણે જમીનથી હવામાં માર કરતી મિસાઈલોનો ઉપયોગ કર્યો. હિઝબુલ્લાહે દાવો કર્યો કે તેણે તૈયબેહ, બિયાડા અને બાયદર અલ-ફકાની વિસ્તાર નજીક ઈઝરાયેલી સૈનિકોને નિશાન બનાવ્યા. આ ઉપરાંત ઈઝરાયેલી બુલડોઝર અને એક મરકાવા ટેન્ક પર પણ હુમલો કરવામાં આવ્યો.

ઈરાની વિદેશમંત્રી બોલ્યા- ચીન યુદ્ધ સમાપ્ત કરાવવામાં મોટી ભૂમિકા ભજવી શકે છે

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું છે કે તેમનો દેશ વર્તમાન સંઘર્ષને સમાપ્ત કરવા માટે ચીનની મદદ લેવા તૈયાર છે. તેમણે કહ્યું કે જે પણ દેશ શાંતિ અને વાતચીત દ્વારા સમાધાન શોધવામાં મદદ કરી શકે છે, ઈરાન તેનું સ્વાગત કરશે. અરાઘચીએ કહ્યું, અમે દરેક તે દેશની પ્રશંસા કરીએ છીએ જે આ મામલાને ઉકેલવામાં મદદ કરી શકે છે, ખાસ કરીને ચીનની. તેમણે આગળ કહ્યું કે ઈરાન અને ચીન વચ્ચે ખૂબ સારા સંબંધો છે અને બંને દેશ એકબીજાના વ્યૂહાત્મક ભાગીદાર છે.

# ટ્રમ્પે ચીનમાં શેકેલી બતક-આઈસ્ક્રીમ ખાધાં : જિનપિંગ સાથે 600 વર્ષ જૂના હેવન ટેમ્પલની મુલાકાત લીધી

**બેઈજિંગ, તા.15**





અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ચીન પ્રવાસનો આજે ત્રીજો દિવસ છે. ટ્રમ્પે ગુરુવારે બેઈજિંગમાં ચીનના રાષ્ટ્રપતિ સાથે 'ટેમ્પલ ઓફ હેવન' જોયું. અહીં તેમની સાથે પુત્ર એરિક અને પુત્રવધૂ લારા પણ હાજર હતા. આ પછી બંને નેતાઓએ દ્વિપક્ષીય બેઠક કરી. ચીને બુધવારે સાંજે ટ્રમ્પના સન્માનમાં સ્ટેટ ડિનરનું આયોજન કર્યું. ડિનર સમારંભમાં ચીનની ફેમસ ડિશ 'બેઈજિંગ રોસ્ટ ડક' પીરસવામાં આવી. આ ઉપરાંત બીફ રિબ્સ પણ રાખવામાં આવી હતી. રિપોર્ટ્સ મુજબ, ટ્રમ્પને સારી રીતે રાંધેલું માંસ પસંદ છે, તેથી મેનૂમાં આ વાનગીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. મીઠાઈમાં તિરામિસુ, આઈસ્ક્રીમ, તાજા ફળો અને શંખ જેવી દેખાતી ખાસ પેસ્ટ્રી પીરસવામાં આવી હતી. બીજી તરફ, અમેરિકી મીડિયા ચેનલ ફોક્સ ન્યૂઝના પત્રકારો ચીનની રાજધાની બેઈજિંગના રસ્તા પર પર લાગેલા સેંકડો CCTV કેમેરા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. ફોક્સ ન્યૂઝના એક પત્રકારે બેઈજિંગમાં લાગેલા સેંકડો CCTV કેમેરા જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેમણે જણાવ્યું કે તેમના ડ્રાઈવરે બે મિનિટ માટે ખોટી જગ્યાએ કાર પાર્ક કરી દીધી હતી, જેના પછી તેમને 3600 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો. ટ્રમ્પ બોર્ડ પર લખેલો મંદિરનો ઈતિહાસ વાંચતા. હેવન ટેમ્પલ લગભગ 600 વર્ષ જૂનું છે. તેને ચીનના મિંગ અને છિંગ રાજવંશના સમ્રાટોએ બનાવ્યું હતું. જૂના સમયમાં ચીનના રાજાઓ અહીં સારો પાક થાય અને શાંતિ માટે પૂજા કરવા આવતા હતા. ફોક્સ ન્યૂઝના એક પત્રકારે બેઈજિંગમાં લાગેલા સેંકડો CCTV કેમેરા જોઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેમણે જણાવ્યું કે તેમના ડ્રાઈવરે બે મિનિટ માટે ખોટી જગ્યાએ કાર પાર્ક કરી દીધી હતી, જેના પછી તેમના પર 3600 રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે બેઈજિંગમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરી. બીજિંગના ગ્રેટ હોલ ઓફ ધ પીપલમાં જિનપિંગે ટ્રમ્પનું સ્વાગત કર્યું. આ દરમિયાન ટ્રમ્પને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું અને બંને નેતાઓએ હાથ મિલાવ્યા હતા.

# ફ્રેન્ચ રાષ્ટ્રપતિ ઈરાની અભિનેત્રીને મેસેજ કરતા'તા: આ કારણે પત્નીએ તેમને થપ્પડ મારી હોવાનો દાવો

**નવી દિલ્હી, તા.15**

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોંને વિયેતનામમાં તેમની પત્ની બ્રિજિટ મેક્રોંએ ઈરાની મૂળની અભિનેત્રીના કારણે થપ્પડ મારી હતી. ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર, આ દાવો ફ્રેન્ચ પત્રકાર ફ્લોરિયન તારદિફે તેમના નવા પુસ્તક 'એન (ઓલમોસ્ટ) પરફેક્ટ કપલ'માં કર્યો છે. આ પુસ્તક બુધવારે પ્રકાશિત થયું હતું. પુસ્તકમાં કહેવામાં આવ્યું છે કે આ વિવાદ ઈરાની મૂળની અભિનેત્રી ગોલશિફ્તે ફરાહાની અને રાષ્ટ્રપતિ મેક્રોં વચ્ચે કથિત ચેટને કારણે થયો હતો. રિપોર્ટ અનુસાર, રાષ્ટ્રપતિ મેક્રોં અભિનેત્રીને મેસેજ મોકલતા હતા. એક મેસેજમાં તેમણે કથિત રીતે લખ્યું હતું, 'તમે મને ખૂબ સુંદર લાગો છો.' ફ્રેન્ચ મીડિયા રિપોર્ટ્સ અનુસાર, મેક્રોં અને ફરાહાની વચ્ચે ઘણા મહિનાઓ સુધી 'પ્લેટોનિક રિલેશનશિપ' (મિત્રતાનો સંબંધ) રહ્યો હતો. જોકે, રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ સંબંધ માત્ર ભાવનાત્મક અને અંગત વાતચીત સુધી મર્યાદિત હતો. મેક્રોં ગયા વર્ષે 25 મેના રોજ વિયેતનામના પ્રવાસે પહોંચ્યા હતા. આ દરમિયાન હનોઈના નોઈ બાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર તેમની પત્ની તેમને થપ્પડ મારતી જોવા મળી હતી. જોકે, બ્રિજિટ મેક્રોનની ટીમે આ તમામ દાવાઓને ખોટા ગણાવ્યા છે. તેમના પ્રતિનિધિઓએ કહ્યું કે બ્રિજિટ ક્યારેય પોતાના પતિનો મોબાઈલ ફોન જોતી નથી અને પુસ્તકમાં કહેલી વાતો સાચી નથી. બીજી તરફ અભિનેત્રી ગોલશિફ્તે ફરાહાનીએ પણ રાષ્ટ્રપતિ મેક્રોન સાથેના કોઈપણ સંબંધોના સમાચારોને પહેલા જ નકારી કાઢ્યા હતા. માર્ચમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે કેટલાક લોકો પ્રેમની કમીના કારણે આવી વાર્તાઓ બનાવી લે છે. પુસ્તક મુજબ, ગયા વર્ષે મે મહિનામાં જ્યારે મેક્રોન દંપતી વિયેતનામની રાજધાની હનોઈ પહોંચ્યા હતા, ત્યારે વિમાનમાંથી ઉતરવાના થોડા સમય પહેલા બ્રિજિટ મેક્રોને પોતાના પતિના ફોનમાં અભિનેત્રીનો એક મેસેજ જોયો. આ પછી બંને વચ્ચે વિવાદ વધ્યો.



# ભારત-UAE વચ્ચે વાડીનારમાં શિપ રિપેર ક્લસ્ટર સ્થાપવા કરાર : બંને દેશ વચ્ચે LPG કરાર, રાષ્ટ્રપતિ અલ નાહયાન સાથે બેઠક કરી

**તેલ અવીવ, તા.15**

PM નરેન્દ્ર મોદી UAEની મુલાકાતે પહોંચ્યા છે. અબુ ધાબી પહોંચ્યા બાદ મોદીનું ગાર્ડ ઓફ ઓનર સાથે સ્વાગત કરવામાં આવ્યું. અહેવાલો અનુસાર, UAE વાયુસેનાના F-16 ફાઈટર જેટ્સે PMના વિમાનને એસ્કોર્ટ કર્યું. વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ. બંને દેશો વચ્ચે LPG સપ્લાયને લઈને મહત્વપૂર્ણ કરાર થયા. આ ઉપરાંત, સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ, સંરક્ષણ સહયોગ અને વડિનારમાં શિપ રિપેર ક્લસ્ટર સંબંધિત MoU પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા. UAEએ ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, RBL બેંક અને સન્માન કેપિટલમાં 5 અબજ ડોલરના રોકાણની પણ જાહેરાત કરી છે. વિદેશ મંત્રાલય અનુસાર, બંને નેતાઓએ ઊર્જા સુરક્ષા, વેપાર, રોકાણ અને પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ પર ચર્ચા કરી.



ભારત અને UAE સાથે મળીને વાડીનારમાં શિપ રિપેર ક્લસ્ટર સ્થાપશે

અબુ ધાબીમાં, વડાપ્રધાન મોદીએ UAEના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે વેપાર, રોકાણ, ઊર્જા સુરક્ષા અને પિપલ ટુ પિપલના સંબંધો સહિત સહયોગના મુખ્ય ક્ષેત્રો પર વાતચીત કરી હતી. બંને નેતાઓએ દ્વિપક્ષીય વ્યૂહાત્મક સંરક્ષણ ભાગીદારી માટેના માળખા, લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (LPG) અને વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડારના પુરવઠા, અને ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ RBL બેંક અને સન્માન કેપિટલમાં 5 બિલિયન ડોલરના રોકાણ અંગે સમજૂતી કરારો (MoUs) પર હસ્તાક્ષર કર્યા હતા. ગુજરાતના દ્વારકા જિલ્લાના વાડીનારમાં શિપ રિપેર ક્લસ્ટર સ્થાપવા માટે પણ એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરારો નવી દિલ્હી અને અબુ ધાબી જે ખાડી પ્રદેશમાં ભારતના મુખ્ય ભાગીદારોમાંનું એક છે, બંને દેશ વચ્ચે વ્યૂહાત્મક અને આર્થિક જોડાણને વધુ ગાઢ બનાવશે.

ભારત અને UAE વચ્ચે LPG સહીત પાંચ કરાર પર હસ્તાક્ષર થયા.

પીએમ મોદીએ હોર્મુઝ ખોલવા પર ભાર મૂક્યો

અબુ ધાબીમાં પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો દરમિયાન બોલતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'ભારત દરેક પરિસ્થિતિમાં UAE સાથે ખભે ખભા મિલાવીને ઊભું છે, અને તે આમ કરતું રહેશે. શાંતિ અને સ્થિરતાની પુનઃસ્થાપના માટે ભારત તમામ સંભવિત સહયોગ આપશે.' વડાપ્રધાન મોદીએ અમેરિકા અને ઈઝરાયલ સાથેના યુદ્ધ વચ્ચે UAE પર ઈરાની હુમલાઓની પણ નિંદા કરી હતી. તેમણે કહ્યું કે હોર્મુઝની સામુદ્રધુની 'મુક્ત અને ખુલ્લી' રહે તે મહત્વપૂર્ણ છે અને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું સન્માન થવું જોઈએ. વડાપ્રધાને ભારત-UAE વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવા બદલ UAEના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનનો આભાર માન્યો અને કહ્યું કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં દ્વિપક્ષીય સહયોગનું મહત્વ વધ્યું છે.

# મ્પે કહ્યું- ચીન સાથે શાનદાર ટ્રેડ ડીલ થઈ : બંને દેશોને ફાયદો થશે, શી જિનપિંગ સાથે બેઠક કરી; ટ્રમ્પ બેઈજિંગથી રવાના થયા

## ચીન મુલાકાત પૂર્ણ થયા પછી ટ્રમ્પને ખાસ વિદાય આપવામાં આવી

**બેઈજિંગ તા.15**

આજે ટ્રમ્પની ચીન મુલાકાતનો છેલ્લો દિવસ છે, જે દરમિયાન તેમણે રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે અંતિમ રાઉન્ડની બેઠક કરી. ટ્રમ્પની ચીન મુલાકાતનો છેલ્લો દિવસ છે, જે દરમિયાન તેમણે રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે અંતિમ રાઉન્ડની બેઠક કરી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ શુક્રવારે તેમની ત્રણ દિવસની ચીન મુલાકાત પૂર્ણ કરીને પરત ફર્યા. પ્રવાસના છેલ્લા દિવસે તેમણે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે છેલ્લી મુલાકાત કરી. આ મુલાકાત બેઈજિંગના ઝોંગનાનહાઈ પરિસરમાં થઈ, જે ચીનના ટોચના નેતૃત્વ માટે સૌથી સુરક્ષિત અને ગુપ્ત સત્તા કેન્દ્ર માનવામાં આવે છે. બેઠક બાદ ટ્રમ્પે જણાવ્યું કે ચીન સાથે શાનદાર ટ્રેડ ડીલ થઈ છે. તેમણે કહ્યું કે આ કરારોથી અમેરિકા અને ચીન બંનેને ફાયદો થશે. ટ્રમ્પે કહ્યું, "અમે કેટલાક શાનદાર કરારો કર્યા છે, જે બંને દેશો માટે સારા છે." જોકે તેમણે આ કરારોની વધુ માહિતી શેર કરી નથી. અમેરિકા અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી વેપાર, ટેકનોલોજી અને સુરક્ષાને લઈને તણાવ ચાલી રહ્યો છે. જોકે, બંને દેશો સંબંધો સુધારવાનો પ્રયાસ પણ કરી રહ્યા છે. ચીનથી રવાના થતા સમયે ટ્રમ્પને બેઈજિંગ કેપિટલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ચીનના વિદેશ પ્રધાન વાંગ યી તેમને એરપોર્ટ પર મુકવા ગયા હતા.

ઝોંગનાનહાઈ પરિસરમાં સાથે ચાલતા અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ. ચીન પ્રવાસના અંતિમ દિવસે બંને નેતાઓ વચ્ચે મહત્વપૂર્ણ વાત થઈ. ઝોંગનાનહાઈ પરિસરમાં સાથે ચાલતા અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગ. ચીન પ્રવાસના અંતિમ દિવસે બંને નેતાઓ વચ્ચે મહત્વપૂર્ણ વાત થઈ.

ચીન મુલાકાત પૂર્ણ થયા પછી ટ્રમ્પને ખાસ વિદાય આપવામાં આવી.

ચીનની મુલાકાત પૂર્ણ થયા પછી, યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પને બેઈજિંગ એરપોર્ટ પર ખાસ વિદાય આપવામાં આવી. સ્કૂલના બાળકોએ એરફોર્સ વન પાસે અમેરિકન અને ચીની ધ્વજ લહેરાવ્યા હતા. ચીનના વિદેશ પ્રધાન વાંગ યી ટ્રમ્પને વિદાય આપવા એરપોર્ટ પર પહોંચ્યા. વિમાનમાં સીડી ચઢતા ટ્રમ્પે ફરીને હાથ હલાવીને ગુડબાય કર્યુ હતું.

તાઈવાનના વિદેશ પ્રધાન લિન ચિયા-લુંગે અમેરિકાનો સતત સમર્થન બદલ આભાર માન્યો. એપી ન્યૂઝ એજન્સી અનુસાર, તેમણે કહ્યું કે અમેરિકા તાઈવાન સ્ટ્રેટમાં શાંતિ અને સ્થિરતાને મહત્વ આપે છે.

# હંતાવાયરસથી વધુ 3 મુસાફરો સંક્રમિત થયા : અમેરિકા, ફ્રાન્સ અને સ્પેનના રહેવાસીઓ; કુલ 9 કેસ થયા, અત્યાર સુધીમાં 3ના મોત

**વોશિંગ્ટન ડીસી તા.15**

હંતાવાયરસના સંપર્કમાં આવેલા વધુ 3 લોકોમાં સંક્રમણ જોવા મળ્યું છે. તેમાં એક અમેરિકન અને એક ફ્રેન્ચ યાત્રીનો સમાવેશ થાય છે, જેઓ પહેલાથી જ પોતપોતાના દેશ પાછા ફર્યા હતા. જ્યારે, મેડ્રિડમાં ક્વોરન્ટાઈન કરાયેલા એક સ્પેનિશ નાગરિકનો પ્રારંભિક રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. અત્યાર સુધીમાં 3 યાત્રીઓના મોત થયા છે. 11 એપ્રિલે એક વૃદ્ધ ડચ યાત્રીનું જહાજ પર મૃત્યુ થયું હતું. તેમની પત્ની બાદમાં દક્ષિણ આફ્રિકામાં મૃત હાલતમાં મળી આવી હતી. 2 મેના રોજ એક જર્મન મહિલાનું જહાજ પર મૃત્યુ થયું હતું. આ તમામ યાત્રીઓ 'MV હોન્ડિયસ' નામની તે ક્રુઝ શિપ પરથી પાછા ફર્યા છે, જ્યાં વાયરસના કેસ સામે આવ્યા હતા. આ જહાજ સ્પેનના કેનેરી આઈલેન્ડ્સમાં રોકાયું હતું. WHO અનુસાર, જહાજ સંબંધિત હંતાવાયરસના 9 કેસ કન્ફર્મ થઈ ચૂક્યા છે. WHO એ જહાજ પરથી પાછા ફરનારા તમામ લોકો માટે 42 દિવસના આઈસોલેશનની ભલામણ કરી છે. જોકે, અમેરિકન CDC એ જણાવ્યું કે વાયરસનું માણસથી માણસમાં ફેલાવું દુર્લભ છે અને તેને કોવિડ જેવી મહામારી ન ગણવી જોઈએ. આ પહેલા સોમવારે હંતાવાયરસના સંપર્કમાં આવેલા 17 અમેરિકી યાત્રીઓને અમેરિકાના નેબ્રાસ્કા મેડિકલ સેન્ટર લાવવામાં આવ્યા. અહીં તેમને 42 દિવસ સુધી નિરીક્ષણ અને ક્વોરન્ટીનમાં રાખવામાં આવશે. હંતાવાયરસથી મનુષ્યોની કિડની ફેલ થવાનો ખતરો હોય છે. ઘણા કિસ્સાઓમાં દર્દીને તાવ, શરીરનો દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ અને નબળાઈ થવા લાગે છે. સ્થિતિ બગડવા પર ફેફસામાં પાણી ભરાઈ શકે છે અને જીવનો ખતરો પણ થઈ શકે છે. મનુષ્યોમાં હંતાવાયરસના લક્ષણો દેખાવામાં 1 થી 8 અઠવાડિયા લાગે છે, પરંતુ તે પછી દર્દીની હાલત ઝડપથી બગડવા લાગે છે. WHO અનુસાર, હંતાવાયરસથી સંક્રમિત થનારાઓમાંથી 35-40% લોકોનું 6 અઠવાડિયાની અંદર મૃત્યુ થાય છે.

આ વાયરસ પ્રાણીઓથી ફેલાય છે

હંતાવાયરસ એક ખતરનાક વાયરસ છે, જે મોટાભાગે ઉંદરો અને ખિસકોલી જેવા પ્રાણીઓથી ફેલાય છે. તે તેમના મળ, પેશાબ અને લાળમાં જોવા મળે છે. તેનું નામ દક્ષિણ કોરિયાની "હંટન" નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે.

# ધારની-ભોજશાળા રાજા ભોજે બંધાવેલું સરસ્વતી મંદિર, કમલ મૌલા મસ્જિદ નહિ : મધ્યપ્રદેશ હાઈકોર્ટનો મહત્વનો ચૂકાદો

**ચિત્તોડગઢ, તા.15**

મધ્યપ્રદેશ હાઈકોર્ટે ધારની ભોજશાળાને વાગ્દેવી મંદિર માન્યું છે. શુક્રવારે આપેલા નિર્ણયમાં હાઈકોર્ટે કહ્યું કે કેન્દ્ર સરકાર અને ASI એ નિર્ણય લે કે ભોજશાળા મંદિરનું મેનેજમેન્ટ કેવું રહેશે. 1958ના એક્ટ હેઠળ આ પ્રોપર્ટીનું સંપૂર્ણ મેનેજમેન્ટ ASIના હાથમાં જ રહેશે. ન્યૂઝ વેબસાઈટ બાર એન્ડ બેન્ચ મુજબ હાઈકોર્ટે કહ્યું કે ઐતિહાસિક અને સંરક્ષિત જગ્યા દેવી સરસ્વતીનું મંદિર છે. અદાલતે ASIનો 2003નો તે આદેશ પણ રદ કર્યો, જેમાં ASIએ ભોજશાળામાં હિંદુઓને પૂજાનો અધિકાર આપ્યો ન હતો. તે આદેશને પણ ફગાવી દીધો જેમાં મુસ્લિમોને નમાઝ પઢવાનો અધિકાર આપવામાં આવ્યો હતો. મુસ્લિમ પક્ષ તેને કમાલ મૌલા મસ્જિદ જણાવે છે. કોર્ટે મુસ્લિમ પક્ષને સરકાર પાસેથી મસ્જિદ માટે જમીન માંગવા કહ્યું છે. હિંદુ પક્ષ: ભોજશાળા પર પ્લેસીસ ઓફ વર્શીપ એક્ટ લાગુ પડતો નથી. આ ASI દ્વારા સંરક્ષિત સ્મારક છે. પ્રાચીન સ્મારક અને પુરાતત્વીય સ્થળ અને અવશેષ અધિનિયમ 1951ની સૂચિમાં ભોજશાળાનું નામ નોંધાયેલું છે. વર્ષ 2024માં અશ્વિની ઉપાધ્યાય કેસમાં આપેલા ન્યાય દૃષ્ટાંતને ભોજશાળા મામલામાં લાગુ કરી શકાય નહીં. મુસ્લિમ પક્ષ: વરિષ્ઠ અધિવક્તા શોભા મેનને કોર્ટમાં કહ્યું કે હજુ સુધી એ સ્પષ્ટ નથી કે ભોજશાળા મંદિર છે, મસ્જિદ છે કે જૈનશાળા. વિવાદિત સ્થળનું ધાર્મિક સ્વરૂપ નક્કી કરવાનો અધિકાર સિવિલ કોર્ટને છે. હાઈકોર્ટ અનુચ્છેદ 226 હેઠળ રિટ અધિકારક્ષેત્રમાં સુનાવણી કરી રહી છે. વરિષ્ઠ અધિવક્તા સલમાન ખુર્શીદે ASI સર્વે પર સવાલ ઉઠાવતા કહ્યું કે ઉપલબ્ધ કરાવવામાં આવેલી વીડિયોગ્રાફી સ્પષ્ટ નથી. રંગીન તસવીરો પણ આપવામાં આવી નથી. તેમણે અયોધ્યાના ચુકાદાનો ઉલ્લેખ કરતા કહ્યું કે ત્યાં રામલલા વિરાજમાનની મૂર્તિ હાજર હતી.

# અમેરિકામાં વસતા ગુજરાતીઓનો સૌથી મોટો મેળાવડો : FOGAUSA દ્વારા 22મી તારીખથી બીજા યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શનનું આયોજન

**બહાવલપુર તા.15**

નરેન્દ્ર મોદીએ વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે આર્થિક સાવચેતી રાખવા અને વિદેશી ચલણ બચાવવા કરેલા આહ્વાનને અનુસરીને ગુજરાતના અનેક રાજકીય પ્રતિષ્ઠિત આગેવાનો અને ઉદ્યોગપતિઓએ પોતાના આંતરરાષ્ટ્રીય પ્રવાસ મર્યાદિત કરવાનો નિર્ણય કર્યો છે. જેમાં ફ્લોરિડાના ઓર્લાન્ડોમાં યોજાનારા FOGAUSAના બીજા યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શનનો પણ સમાવેશ થાય છે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વર્ચ્યુઅલી સંબોધન કરશે

ગુજરાતના ડેપ્યુટી ચીફ મિનીસ્ટર હર્ષ સંઘવીએ આજના સમયે દેશધર્મ અને આજની દેશની પ્રાથમિકતાને માન આપી પોતાનો પ્રવાસ રદ કર્યો છે. તેની જાણકારી આપતા FOGAUSAની ટીમ ને અભિનંદન પાઠવ્યા હતા. સાથે સાથે આગામી 2028-2029ના કન્વેન્શનમાં જરૂર હાજરી આપશે તેમ જણાવ્યું હતું. 23 મે, 2026ને શનિવારના રોજ કન્વેન્શનને વર્ચ્યુઅલી જરૂર સંબોધશે તેમ જણાવ્યું હતું.

તે જ રીતે વડોદરાના સાંસદ હેમાંગ જોશીએ પણ આ જ કારણોસર કન્વેન્શનમાં હાજરી નહીં આપી શકે તેવી જાણ કરી છે.

અમેરિકામાં વસતા ગુજરાતીઓનો સૌથી મોટો મેળાવડો

ફેડરેશન ઓફ ગુજરાતી એસોસિએશન ઓફ USA (FOGAUSA) આખા અમેરિકાના 100થી વધુ ગુજરાતી સામાજિક, ધાર્મિક અને જાતિ આધારિત સંગઠનો સાથે સંકળાયેલી એક અગ્રણી સંસ્થા છે. તેના દ્વારા 22 થી 25 મે, 2026 દરમિયાન ફ્લોરિડાના ઓર્લાન્ડોમાં બીજું યુનાઈટેડ ગુજરાતી કન્વેન્શન યોજાઈ રહ્યું છે. આ કન્વેન્શન ઉત્તર અમેરિકામાં વસતા ગુજરાતી સમાજના સૌથી મોટા મેળાવડાઓમાંનું એક બનવાની અપેક્ષા છે.

ડૉ.વાસુદેવ પટેલ સહિતના આગેવાનોએ ગુજરાતની મુલાકાત લીધી

કન્વેન્શનના પ્રચાર અને આમંત્રણ કાર્યક્રમના ભાગરૂપે FOGAUSAના રાષ્ટ્રીય નેતૃત્વ અને સ્થાપક પ્રમુખ ડૉ. વાસુદેવ પટેલ, સ્થાપક ઉપપ્રમુખ હર્ષદભાઈ પાકાજી પટેલ અને સ્થાપક ઉપપ્રમુખ પી.વી.પટેલે તાજેતરમાં ગુજરાતની મુલાકાત લઈને રાજકીય, સામાજિક અને વેપારી ક્ષેત્રના પ્રતિષ્ઠિત આગેવાનોને કન્વેન્શનમાં જોડાવા આમંત્રણ આપ્યું હતું.

ઉદ્યોગપતિઓ અને વેપારીઓ કન્વેન્શનમાં જોડાવા આતુર

વડોદરાની મુલાકાત દરમિયાન હિમાંશુ પટેલ, કિરીટ વડાલિયા, અંકુર પટેલ, જલેન્દુ પાઠક, અમિત શાહ, પરીક્ષિત પરીખ તથા અન્ય અગ્રણી ઉદ્યોગપતિઓ અને વેપારીઓના નેતૃત્વ હેઠળ વડોદરાના વેપારી વર્ગે કન્વેન્શન માટે ઊંડો રસ દાખવ્યો હતો.

## તંત્રી લેખ

# વિદેશી નિર્ભરતા તોડી વિદ્યાર્થીઓએ સ્વદેશી ડ્રોન બનાવ્યું

આ ડ્રોનની વિશેષતા એ છે કે તેમાં એવી ખાસ કોમ્યુનિકેશન સિસ્ટમ લગાવાઈ છે કે જેથી દુશ્મન દેશ તેને સરળતાથી પકડી પણ નહીં શકે અને તેનો ડેટા ચોરી પણ નહીં શકે. અંદાજે 30 હજાર રૂપિયાના ખર્ચે ડ્રોન ડેવલપ કરાયું છે. જેમાં સ્વદેશી ટેકનોલોજીથી બનેલા અને પેટન્ટ ધરાવતા ફ્લાઈટ કન્ટ્રોલરનો ઉપયોગ કરાયો છે. ડ્રોનમાં વપરાતી મોટર પણ સ્થાનિક સ્ટાર્ટઅપ દ્વારા બનાવાઈ છે. અત્યાર સુધી ફ્લાઈટ રોબોટિક્સ અને ડ્રોનના કમ્પોનન્ટ્સ માટે અન્ય દેશો પર નિર્ભર રહેવું પડતું હતું પરંતુ હવે આ સ્વદેશી ફ્લાઈટ કન્ટ્રોલર વિકસાવવામાં આવ્યું છે. આ ડ્રોન ફિક્સ્ડ વિંગ અને સામાન્ય ડ્રોનનું હાઈબ્રિડ મોડલ છે. જે સંરક્ષણ ક્ષેત્રે દેખરેખ અને સર્વેલન્સ માટે ખૂબ જ ઉપયોગી થઈ શકે તેમ છે. વાયોનોટિક્સ ટેકનોલોજી અંતર્ગત 4થી વધુ પ્રોટોટાઈપ તૈયાર કરવામાં આવ્યા છે અને 6 પેટન્ટ પણ ફાઈલ થઈ છે. e-VTOL એ ડ્રોન અને ફિક્સ્ડ-વિંગ પ્લેનનું એક આધુનિક મિક્સિંગ છે. તેનું માળખું એરોપ્લેન જેવું હોવા છતાં તેને ઉડવા કે ઉતરવા માટે રન-વેની જરૂર પડતી નથી. તે સામાન્ય ડ્રોનની જેમ જ સીધું ઊડાન ભરી શકે છે. આ વિશેષતાને કારણે પહાડી વિસ્તારોમાં સર્વેલન્સ અને આપત્તિ વ્યવસ્થાપન માટે તે અસરકારક સાબિત થાય તેમ છે. આ ડ્રોન પર્યાવરણને અનુકૂળ એવા બાયો-ડિગ્રેડેબલ કાર્બન PLA મટીરિયલમાંથી બનાવવામાં આવ્યું છે. જેમાં હાનિકારક પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવામાં આવ્યો છે. ડો.મિશેલ પ્રજાપતિ કહે છે કે, આપણે બીજા દેશમાંથી જે ડ્રોન લઈએ છીએ તે કરોડો રૂપિયાની કિંમતના હોય છે. જ્યારે તેને સર્વેલન્સ માટે મોકલીએ ત્યારે દુશ્મન દેશ તેને તોડી નાખે કે પછી પકડી લે તો આપણને બહુ મોટું નુકસાન થાય છે. આ ડ્રોન બનાવવા પાછળ 30 હજાર રૂપિયાનો ખર્ચ થયો હતો. જો વધુ સંખ્યામાં ડ્રોન બનાવવાના થાય તો ખર્ચની રકમ પણ ઘટી શકે છે. તેઓ કહે છે કે, અત્યારે જો 50 e-VTOL ડ્રોન બનાવવાના થાય તો તેની કોસ્ટ 30 હજારની અંદર પડે છે. જો 100 બનાવવાના થાય તો તે 20 કે 25 હજારમાં બનાવી શકાય તેમ છે. સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસીમાંથી અમે 1.80 લાખ રૂપિયા મેળવ્યા હતા. શરૂઆતમાં રિસર્ચ બેઈઝ કામ હોવાથી બે કે ત્રણ 3D પ્રિન્ટિંગ મોડલ બનાવવા પડ્યા હતા એટલે શરૂઆતનો ખર્ચો 1.80 લાખ થયો હતો. તેમના કહેવા મુજબ બલ્ક ઓર્ડર હોય ત્યારે 3D પ્રિન્ટીંગ માટે બહાર મોકલવું પડે તેમ હોવાથી 15 દિવસમાં ઓર્ડર પૂરો કરી શકાય છે. અહીં અત્યારે એટલા મોટા 3D પ્રિન્ટર ઉપલબ્ધ નથી કે એકસાથે વધારે કામ થઈ શકે. ડ્રોનનું ડિઝાઈનિંગ, 3D પ્રિન્ટિંગ અને એસેમ્બલી સંપૂર્ણપણે ઈન-હાઉસ તૈયાર કરવામાં આવ્યું છે. હાલ લેબ સ્તરે તેનું સફળ ટેસ્ટિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે અને આગામી મહિનામાં ડિફેન્સમાં પણ તેનું પરીક્ષણ કરવામાં આવશે. ભવિષ્યમાં જો સંરક્ષણ ક્ષેત્ર કે અન્ય કંપનીઓ તરફથી મોટા પ્રમાણમાં 50થી 100 યુનિટ ઓર્ડર મળે તો તેના સ્પેરપાર્ટ્સનું થ્રી-ડી પ્રિન્ટિંગ આઉટસોર્સ કરવામાં આવશે પણ એસેમ્બલી અને બીજું બધું કામ અહીં ઈન-હાઉસ થશે.

# મા રત્નાવલી આગળ કોઈ વિશેષણ લગાડવું હોય, તો એ માત્ર સાધુ છે! એટલું પર્યાપ્ત છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



માનસ રત્નાવલીનાં છઠ્ઠા દિવસની કથાની શરૂઆત એક પ્રશ્નથી થઈ! તુલસીદાસજી અને રત્નાવલીમાં શ્રેષ્ઠ કોણ? કોણ શ્રેષ્ઠ અને કોણ અશ્રેષ્ઠનો નિર્ણય કરનારાં આપણે કોણ? ગોસ્વામીજીનું એક સૂત્રાત્મક વાક્ય છે 'કો બડ છોટ કહેત અપરાધુ ' શું આ સંસાર માંથી આપણે કોણ મોટું અને કોણ નાનું! એનું દ્વંદ કાઢી ન શકીએ? પ્રશ્ન પૂછનાર ત્રણ પ્રકારનાં હોય વિષયી, સાધક, કે સિદ્ધ, અને આ ત્રણેય પ્રકારનાં લોકોનો મને અનુભવ છે. બહુધા વિષયી લોકો પ્રશ્ન પૂછે છે, સાધક અને સિદ્ધ પણ પૂછે, પણ પોતાના સિદ્ધાંતોને દ્રઢ કરવા માટે! ક્યારેક વ્યાસપીઠની કસોટી માટે પણ પ્રશ્નો પુછાય! કોઈપણનો પ્રશ્ન હોય એનો શુદ્ધ ભાવે જવાબ આપું છું. આ પ્રશ્નનાં જવાબમાં પણ પુરુષ કરતાં નારી તત્વ સદૈવ શ્રેષ્ઠ રહ્યું છે! પણ અહીં તુલસી અને રત્નાવલીની સરખામણીનાં કેન્દ્રમાં આ જવાબ નથી, એટલું યાદ રાખજો એ બંને પુરુષ અને નારી જેવા લિંગ ઉપર છે. રત્નાવલી ઘાટ પર કથા થઈ રહી છે, અને આ કથા થઈ, એ જ સિદ્ધ કરે છે કે, રત્નાવલી કંઈક વિશેષ વ્યક્તિત્વ ધરાવે છે, અને આ આયોજનને ખેંચે છે! સામાન્ય કરતાં વિશેષમાં કંઈક વધુ આકર્ષિત કરનારું હોય છે, ગુરુત્વાકર્ષણનાં સિદ્ધાંત મુજબ વસ્તુને ઉપરથી નીચે લાવે, પરંતુ જેમાં કંઈક વિશેષ પ્રકારની વાત હોય, એ આપણને ચારે બાજુથી આકર્ષિત કરે.

પુરુષ જાત મનમાં ખરાબ ન લગાડે, પણ શરીરથી આપણે પુરુષ છીએ, છતાં આપણી જે ભૌતિક જગતમાં જોવાં મળતી ક્ષમતાઓ છે, એ બધી સ્ત્રી વાચક છે. પુરુષમાં રહેલું પૌરૂષ એ શક્તિવાચક ઉર્જા, પુરુષમાં રહેલી શક્તિ, સ્ત્રી! પુરુષમાં રહેલી ભક્તિ, સ્ત્રી! પુરુષમાં રહેલી વિશેષ પ્રકારની વિદ્યા, સ્ત્રી! કોઈએ ગુનો કર્યો હોય છતાં પણ ક્ષમા આપવાનો સ્વભાવ, ક્ષમા રુપે સ્ત્રી શક્તિ, પુરુષમાં રહેલી કરુણા સ્ત્રી, વીરતા, ધીરતા, એ બધી શક્તિ સ્ત્રી વાચક, આ કોઈ પક્ષપાત નથી, મૂલ્યાંકન પણ નથી, પરંતુ અનુભૂતિ છે! અને એ રીતે શ્રેષ્ઠ અને નિમ્નની ચર્ચા કરવી હોય તો, માતૃ શરીર શ્રેષ્ઠ છે. રત્નાવલી મા શ્રેષ્ઠ છે, એનાથી તુલસી નાના નથી થઈ જતાં પણ, આપણી સંકુચિતતા કે લઘુતાગ્રંથીથી એને નાનાં સમજીએ! એક વૃક્ષ નીચે ઘાસનાં તણખલું ઉગ્યું હોય, તો એ ઘાસનું તણખલું પોતાની જાતને નાનું નથી સમજતું, કારણ કે એનામાં લઘુતાગ્રંથી નથી, એ પોતાની નિજતામાં ખુશ છે. વાસ્તવમાં શ્રેષ્ઠ એ છે જે, શ્રેષ્ઠ ન્હોય એને પણ પોતાનાથી શ્રેષ્ઠ બનાવી દે અને રત્નાવલીએ એ કામ કર્યું છે.

ભારત રત્ન પંડિત મદનમોહન માલવિયાની વાતને ટાંકતા કહ્યું, કે એ એક કાર્યક્રમમાં ગયાં, ત્યાં પહેલવાનો વિશે ચર્ચા થતી હતી, એમણે કહ્યું કે, યુવાનોએ ગામા પહેલવાનનો આદર્શ રાખવો જોઈએ, આ સન્માનના પ્રત્યુતરમાં ગામા એ કહ્યું કે, હું શ્રેષ્ઠ નથી, મને આદર્શ ન બનાવો! એક વ્યક્તિને પછાડીને બીજી વ્યક્તિ એની છાતી પર ચઢી જાય, તો શું એને શ્રેષ્ઠ માની શકાય? એને આદર્શ માની શકાય? આ શ્રેષ્ઠતાની પરિભાષા નથી. બીજો એક પ્રશ્ન છે કે તુલસીદાસજી આગળ સંત અને કવિ એવું વિશેષણ લાગે છે, જ્યારે મા રત્નાવલી આગળ કયું વિશેષણ લગાડવું? રત્નાવલી કવિયત્રી પણ છે, અને સંત છે. પરંતુ એની માટે સાધુ તે એક પર્યાપ્ત વિશેષણ છે, સ્ત્રી હોવાને નાતે સાધ્વી પણ આપ લખી શકો! પરંતુ આ ચર્ચા પરથી માતૃશરીર એમ ન સમજે કે અમે શ્રેષ્ઠ છીએ, અને પુરુષ અમારાથી નાના જ છે. ગઈકાલનાં વ્યક્તવ્યને યાદ રાખજો કે, બીજાને હલકા સમજે, એ પોતે કાયમ હલકા છે. અહીં સૂક્ષ્મમાં સૂક્ષ્મ ચિત્ર પ્રસ્તુત થઈ રહ્યું છે, અને એ રીતે માતૃશક્તિને વંદન.

કાલે ઓશોનું એક વક્તવ્ય પ્રદીપ પાસેથી મળ્યું, કે, ભગવાન બુદ્ધ, મહાવીર, ભગવાન શંકરાચાર્ય, રામાનુજ, રામાનંદ, કબીર, તુલસી બધાં જ કાશીમાં આવ્યાં, અને ચાલ્યાં ગયા! કાશી એ કોઈ ભૌગોલિક રીતે પૃથ્વીનો ટુકડો નથી, સૂક્ષ્મમાં સૂક્ષ્મ દ્રષ્ટિએ આ દ્રશ્યને જોવું પડે,કે જો સાધનાની ઉચ્ચ સ્થિતિએ પહોંચી જઈએ, તો આજે પણ બનારસની ગલીઓમાં તુલસી ઘુમતા જોવાં મળે, આજે પણ બુદ્ધ હરતાં ફરતાં જોવાં મળે, કબીર જોવાં મળે, મારી અને આપની એટલી ઔકાત નથી, પરંતુ હજી સૂક્ષ્મતાથી જોઈએ તો કદાચ એક ક્ષણ માટે એ સ્થિતિમાં રત્નાવલી પણ અહીં જોવા મળે, અધ્યાત્મિક જગતમાં એ આખી વ્યવસ્થા છે. એવો કોઈ બુદ્ધ પુરુષ મળી જાય, જે આપણી આંખોમાં એવો કેમેરો લગાવી દે, આ સંભાવના છે, એમ હું નહીં કહું, પરંતુ આવું થઈ શકે, અને આવું થાય છે, આપણે રામને નથી જોયા, તો શું રામનું ભજન છોડી દઈએ! રામને વનમાં નથી જતાં જોયાં, રામનાં લગ્ન નથી જોયા, તો શું રામની કથા ગાવાનું છોડી દઈએ! આ આખી વ્યવસ્થા છે, કે જે નિર્વાણ પછી પણ આવી શકે છે, એ ચેતના આવવા માંગે તો આવી શકે, અને એ રીતે રત્નાવલીનું આજે અહીં આ ઘાટ પર હોવું પ્રમાણિત કરે છે.

આગળનો એક પ્રશ્ન છે કે, શું ગુરુનાં નામનો જાપ કરવો પડે? ગુરુમુર્તિની નિત્ય પૂજા કરવી! આ બધો આશ્રિત નો ભાવ છે. પરંતુ ગુરુ નામ સ્મરણ નો જાપ કરવાની જરૂર નથી, ગુરુની સ્મૃતિજ સાધના છે, એના નામને બેરખા પર ફેરવવાની જરૂર નથી, ગુરુ આજ્ઞાનો અનાદર કરવો નહીં! એમાં બધું આવી જાય. સાધક શિષ્ય માટે તુલસી દોહાવલી નો એક દોહો છે એનું ધ્યાન રાખવું.

શિષ્ય સખા સેવક સચીવ, સુતિય શિખાવન સાંચ,

સુનિ સમુઝિય પુનિ પરિહરિઅ પર મનોરંજન પાંચ.

શિષ્ય, સખા, સેવક, સચિવ, સુંદરી, જો પૈસા માટે કે પ્રતિષ્ઠા માટે બીજાનું મનોરંજન કરતાં હોય તો સાંભળીને નહીં, સમજીને એનાથી અલગ થઈ જવું! તુલસી તો ત્યાગવા ની વાત કરે છે, પણ વ્યાસપીઠનો સ્વીકાર મંત્ર છે, એટલે આપણે હટીને એમને સ્વતંત્રતા આપી દેવી, અને આમ જ દ્વેષ મુક્ત થઈ શકાય. કૃષ્ણ કંઈ અભિમાની નથી અને એને કોઈ શિષ્ય મંડળી પણ બનાવી નથી પરંતુ કોમેન્ટની એસી તેસી કરીને એણે અર્જુનને કહ્યું 'મામેકં શરણમ વ્રજ'

આમ કહી કૃષ્ણ બીજાને ઈગ્નોર નથી કરતા પણ આપણી સમજને ઉઘાડી રહ્યા છે આપણી મૂળતાને જરા આક્રમક શબ્દોમાં ટોળે છે કે સન્માન સૌને આપો પરંતુ શરણાગતિ એકની જ હોવી જોઈએ શિષ્ય પરરંજક ન હોવો જોઈએ.આજે પણ ઘણા કહે છે કે વ્યાસપીઠ પર બેસવાનો અધિકાર માત્ર ઉચ્ચ વર્ણ વાળાનો જ છે! સાધુને શું સમજો છો? સાધુ સૌથી ઊંચા છે કોઈ સાધુ બનીને તો બતાવે. પારિવારિક પીઠ, પારંપરિક પીઠ, વ્યાસપીઠ જેને તર્પણ પીઠ પણ કહે છે, રાષ્ટ્રીય પીઠ, સમર્પણ પીઠ. જો આ પાંચ વસ્તુ હોય તો વ્યાસપીઠ, વિશ્વપીઠ બની શકે! સૌના વિચારનો સ્વીકાર હોય, બીજું જે સૌનો સ્વીકાર કરે, સૌનો ઉદ્ધાર કરે સૌને મુક્તિ અને સ્વતંત્રતા આપે, કોઈ પર પ્રહાર ન કરે, જે સૌને પ્યાર કરે! આટલા સુત્રોથી એ સૌથી ઊંચીપીઠ કે જે કૈલાસ છે, એવી વિશ્વપીઠ બને છે. કથાના ક્રમમાં વિશ્વામિત્ર સાથે રામ લક્ષ્મણ ધનુષ યજ્ઞમાં જાય છે ત્યાં સુધીની કથા કરી છઠ્ઠા દિવસની કથા અને વિરામ આપ્યો.

# NEET પેપર લીક એ ભુલ નથી, તે સંગઠિત વિશ્વાસઘાત છે: મેરિટ ટકી શકતી નથી જ્યાં ભ્રષ્ટાચાર પરીક્ષાઓ નિયંત્રિત કરે : ડૉ. મનિષ દોશી

### પ્રધાનમંત્રીને પત્ર લખીને તાત્કાલીક હસ્તક્ષેપ અને વ્યવસ્થાગત સુધારાની અપીલ કરતા કોંગ્રેસ પક્ષના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી

અમદાવાદ, તા.15

દેશના ૨૨ લાખ વિદ્યાર્થીઓ અને ગુજરાતના ૮૫ હજાર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે રમત રમનાર પેપરલીક માફીયા, NTA ના અધિકારીઓ સામે પગલા ભરવા માટે સુપ્રિમકોર્ટના નિરીક્ષણ હેઠળ વિસ્તૃત તપાસની કોંગ્રેસ પક્ષની માંગ, NEET-UG માં પેપર લીક થવાથી દેશના ૨૨ લાખ મેધાવી વિદ્યાર્થીઓના ભવિષ્યને બરબાદ કરી દીધું છે. આ હવે માત્ર "પરીક્ષાની સમસ્યા" નથી, પરંતુ તે એક રાષ્ટ્રીય આપત્તિ છે જેણે ડોક્ટર્સની આખી પેઢીના સપનાઓને તોડી નાખ્યા છે ત્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને પત્ર લખીને પેપર લીક માફીયા પર સખત પગલા ભરવા અને વ્યવસ્થામાં મોટા પાયે ખામી અંગે કાયમી સુધારાની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તપાસ, સંપૂર્ણ જવાબદારી અને સામેલ તમામ વ્યક્તિઓ સામે સખત સજા એ સમયની માંગ છે,

NEET-UG પરીક્ષા પ્રક્રિયામાં સંપૂર્ણ વ્યવસ્થાગત સુધારાઓ અત્યંત જરૂરી છે, વિદ્યાર્થીઓને લીક-પ્રૂફ અને પારદર્શક વ્યવસ્થાનો અધિકાર છે. લાખો બાળકોનો વિશ્વાસ પરીક્ષા વ્યવસ્થામાં પુનઃસ્થાપિત કરવાની કેન્દ્ર સરકારની જવાબદારી બને છે. પેપર લીક એ ભૂલ નથી, તે સંગઠિત વિશ્વાસઘાત છે. મેરિટ ટકી શકતી નથી જ્યાં ભ્રષ્ટાચાર પરીક્ષાઓ નિયંત્રિત કરે, ભારતના ભવિષ્યના ડોક્ટરોને ટ્રોમા નહીં, પારદર્શિતા જોઈએ છે. આ રાજકીય મુદ્દો નથી આ રાષ્ટ્રીય સંકટ છે. આરોગ્ય વ્યવસ્થા અને યુવાનોનું ભવિષ્ય દાવ પર છે. દેશહિતમાં પ્રધાનમંત્રીશ્રી તરત હસ્તક્ષેપ કરો.

NEET-UGમાં વારંવાર પેપર લીક થવાથી NTAની સંપૂર્ણ વ્યવસ્થાગત નિષ્ફળતા, વહીવટી બેદરકારી અને સંગઠિત પરીક્ષા માફિયાનું સામ્રાજ્ય ઉજાગર થયું છે. દેશના ૨૨ લાખ નિષ્ઠાવાન વિદ્યાર્થીઓ અને ગુજરાતના ૮૫૦૦૦ વિદ્યાર્થીઓના વર્ષોની મહેનત અને સપનાઓને ભ્રષ્ટાચાર અને પેપર લીકે કાયમ માટે નષ્ટ કરી રહ્યા છે. માત્ર પરીક્ષા રદ કરવાથી ન્યાય નથી મળતો ત્યારે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળ તાત્કાલિક તપાસ કરવામાં આવે. દેશભરનું આખું પેપર લીક નેટવર્ક અને માફીયાઓ ઉપર અસરકારક કામગીરી કરવામાં આવે. પેપરલીકમાં કોચિંગ માફિયાની સંડોવણીની વિસ્તૃત તપાસ કરવામાં આવે. NTAની ડિજિટલ સુરક્ષાની ત્રુટિઓ, દરેક સ્તરે આંતરિક મેળાપીપણા, કૌભાંડ સાથે જોડાયેલા આર્થિક વ્યવહારો સહિતની બાબતોની તપાસ થાય. સરકારને તાત્કાલિક સમય-બંધનકર્તા સુધારાઓની આવશ્યકતા છે. પેપરલીકમાં કોચિંગ માફિયાની સંડોવણીની વિસ્તૃત તપાસ કરવામાં આવે. NTAની ડિજિટલ સુરક્ષાની ત્રુટિઓ, દરેક સ્તરે આંતરિક મેળાપીપણા, કૌભાંડ સાથે જોડાયેલા આર્થિક વ્યવહારો સહિતની બાબતોની તપાસ થાય. સરકારને તાત્કાલિક સમય-બંધનકર્તા સુધારાઓની આવશ્યકતા છે. દેશના ૨૨ લાખ બાળકોના ભવિષ્ય અને NEET સહિતની પ્રવેશ પરીક્ષાઓ અને સરકારી ભરતી પ્રક્રિયાની વિશ્વસનીયતા પુનઃ સ્થાપન માટે પ્રધાનમંત્રીશ્રીને પત્ર લખી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, NTAની તમામ સિસ્ટમ્સનું સંપૂર્ણ ડિજિટલ ઓડિટ કરવામાં આવે, પ્રશ્નપત્રો અને જવાબપત્રો માટે એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન અને ફૂલપ્રૂફ વ્યવસ્થા જરૂરી છે, અધિકારીઓ માટે કડક શિક્ષાત્મક જવાબદારી ફ્રેમવર્ક ઊભુ કરવામાં આવે. અવરોધક શિક્ષા સાથે મજબૂત એન્ટી-પેપર લીક કાયદો સાચા અર્થમાં અમલીકરણ કરવામાં આવે. વર્તમાન વહીવટી માળખા બહાર સ્વતંત્ર પરીક્ષા નિયમનકારી સંસ્થાની રચના કરવામાં આવે.

# સૂર્યપુત્ર શનિદેવનો મહિમા, પનોતી અને કૃપા પ્રાપ્તિના ઉપાય



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



ભારતીય સંસ્કૃતિ અને જ્યોતિષ શાસ્ત્રમાં નવગ્રહોનું આગવું સ્થાન છે.તેમાં પણ શનિદેવને 'ન્યાયના દેવતા'તરીકે ઓળખવા માં આવે છે. લોકમાનસમાંશનિના નામથી જ ભય વ્યાપી જાય છે, કારણ કે 'પનોતી' કે 'સાડાસાતી' શબ્દ સાંભળતાં જ મુશ્કેલીની કલ્પના થાય છે.પરંતુ વાસ્તવમાં શનિદેવ કોઈને અકારણ દંડ દેતા નથી.જે કર્મફળ પ્રમાણે ન્યાય કરે છે.બ્રહ્મપુરાણથી લઈને લોક જીવન સુધી શનિદેવની અનેક કથાઓ પ્રચલિત છે. ૧૬મી મે ૨૦૨૬,શનિવારના રોજ શનિશ્વરી અમાસ અને શનિ જયંતિનો અદ્ભુત યોગ બની રહ્યો છે.આ દિવસે શનિ દેવના જન્મ,તેમના પરિવાર, તેમના સ્વભાવ અને તેમને પ્રસન્ન કરવાના શાસ્ત્રોક્ત ઉપાયોને સમજવા અત્યંત ફળ દાયી બની રહે છે.આ લેખમાં શનિદેવના ઉદભવથી લઈને સાડાસાતીનું રહસ્ય અને અમાસના દિવસે કરવાના સરળ ઉપાયો સુધીની સંપૂર્ણ માહિતી પ્રસ્તુત છે.શનિ દેવનો ઉદભવ અને પરિવાર બ્રહ્મપુરાણ અનુસાર સૃષ્ટિના આદિપિતા બ્રહ્માના માનસપુત્રો પુલહ,પુલત્સ્ય,અત્રિ, અંગિરા, ક્રતુ,વશિષ્ઠ અને મરીચિ હતા. મરીચિના લગ્ન કર્દમ પ્રજાપતિની પુત્રી કલા સાથે થયાં. તેમના પુત્ર કશ્યપ થયા. કશ્યપની બે મુખ્ય પત્નીઓ દિતિ અને અદિતિ હતી.દિતિથી દાનવો અને અદિતિથી દેવોનો જન્મ થયો. દેવોમાં કશ્યપના એક પુત્ર વિવસ્વાન હતા અને વિવસ્વાન ના પુત્ર એટલે સૂર્યદેવ. સૂર્યદેવને સંજ્ઞા,પ્રભા,રાત્રિ,છાયા અને બડવા એમ પાંચ પત્નીઓ હતી. પ્રથમ પત્ની સંજ્ઞાથી તેમને યમ, મનુ અને યમુનાજી એમ ત્રણ સંતાનો થયાં. સંજ્ઞાથી સૂર્યનું પ્રચંડ તેજ સહન ન થતાં તે પોતાના ત્રણેય બાળકોને ચોથી પત્ની છાયાને સોંપી તપ કરવા ચાલી ગઈ. ત્યારબાદ છાયાને જે પુત્ર થયો તે જ શનિદેવ કહેવાયા આથી શનિદેવનો પરિચય આપતો પ્રખ્યાત શ્લોક છે: નિલાંજન સમાભાસં, સૂર્યપુત્ર યમાગ્રજમ્ |છાયામાર્તણ્ડ સંભૂતમ્, નમામિ શનૈશ્વરમ્ ||_અર્થાત કાજળ જેવા શ્યામ વર્ણવાળા, સૂર્યના પુત્ર, યમના મોટાભાઈ, છાયા અને સૂર્યથી ઉત્પન્ન થયેલા શનૈશ્વરને હું નમસ્કાર કરું છું.શિવજી સાથે યુદ્ધ અને વરદાન છાયાનેપોતાનો પુત્ર શનિ અતિ પ્રિય હતો.તેથી તે સંજ્ઞાનાસંતાનો યમ,મનુ અને યમુના પર પૂરતું ધ્યાન આપી શકી નહીં. આ વાતની ફરિયાદ સૂર્યદેવને થઈ. સૂર્યદેવ શનિ પર કોપાયમાન થયા.પિતાનો ક્રોધ જોઈને શનિ દેવે પોતાના બળથી દેવો પર ચઢાઈ કરી. પરિણામે દેવો ભગવાન શિવ પાસે ગયા. શિવજી અને શનિદેવ વચ્ચે ભયંકર યુદ્ધ થયું. અંતે સમાધાન થયું. ભગવાન શિવ શનિના ગુરુ બન્યા અને તેમને ન્યાયાધીશનું પદ તથા અનેક વરદાનો આપ્યાં. ત્યારથી શનિદેવ કર્મફળ આપનારા ન્યાયાધીશ બન્યા.

શનિદેવનું સ્વરૂપ અને પરિવાર શનિદેવના માતા છાયા અને પિતા સૂર્ય છે.યમરાજ તેમના ભાઈ અને યમુનાજી બહેન છે. ભગવાન શિવ તેમના ગુરુ છે. રાહુ અને કેતુને શનિના સાથીદાર માનવામાં આવે છે. તેથી શનિની સ્થાપના વખતે ડાબી બાજુ રાહુ અને જમણી બાજુ કેતુની સ્થાપના થાય છે. હનુમાનજી શનિદેવના પરમ મિત્ર છે. કથા છે કે સીતા શોધ માટે હનુમાનજી લંકા ગયા ત્યારે રાવણે યમ અને શનિને કેદ કર્યા હતા. હનુમાનજીએ તેમને મુક્તકરાવ્યા ત્યારે શનિદેવે વચન આપ્યું કે તે ક્યારેય હનુમાનજી ના ભક્તોને નહીં નડે.શનિદેવનો વાર શનિ છે કાગડો અને ગીધ તેમના વાહન છે.ત્રિશુળ, ગદા અને ધનુષ તેમના આયુધો છે.

શનિ ગ્રહ અને પનોતીનું રહસ્ય ખગોળશાસ્ત્ર મુજબ શનિ ગ્રહ પૃથ્વી કરતાં ૭૫ ગણો મોટો છે. શનિમાં લોખંડનું પ્રમાણ વધુ હોવાથી તેનો રંગ શ્યામ દેખાયછે તેથી શનિદેવનો વર્ણકાળોમનાયો છે.શનિ ગ્રહ સાથે 'પનોતી' શબ્દ છાયાની જેમ જોડાયેલો છે. જન્મરાશિથી બારમે, પહેલે અને બીજા સ્થાને શનિ આવે ત્યારે તે'મોટી પનોતી' કે 'સાડાસાતી' કહેવાય છે. તેનો સમયગાળો સાડા સાત વર્ષનો હોય છે.

લોકોમાં પનોતીનો ભય છે, પણ શનિદેવ ન્યાયના ગ્રહ છે. તે કોઈને ખોટી રીતે હેરાન કરતા નથી. નળ-દમયંતી, રાજા હરિશ્ચંદ્ર અને તારામતી જેવા સત્યવાદીઓને પણ પનોતી નડી હતી. પરંતુ આ કસોટીમાંથી પસાર થયા બાદ વ્યક્તિ સોનાની જેમ તપીને શુદ્ધ થાય છે. પનોતી પછી માણસ ગમે તેવા સંજોગો સામે લડવાની તાકાત મેળવી ખડતલ બની જાય છે.માટે શનિને 'શિક્ષક ગ્રહ' પણ કહે છે.

શિંગણાપુર: આસ્થાનો પ્રત્યક્ષ પરચો મહારાષ્ટ્રનું શિંગણાપુર શનિદેવનું વિશ્વપ્રસિદ્ધ તીર્થધામ છે. અહીં શનિદેવની સ્વયંભૂ શિલા ખુલ્લા ચબૂતરા પર બિરાજમાન છે. આ ગામની સૌથી મોટી વિશેષતા એ છે કે અહીં આજે પણ કોઈ ઘર કે દુકાનને તાળું મારવામાં આવતું નથી. છતાં આજદિન સુધી એક પૈસાની પણ ચોરી થઈ નથી. આ ઘટના સમગ્ર વિશ્વને અચંબિત કરે તેવો શનિદેવની ન્યાયપ્રિયતા નો પ્રત્યક્ષ પુરાવો છે.શનિ કૃપા મેળવવાના મંત્ર અને ઉપાય* શનિદેવની કૃપા મેળવવા માટે પુરાણોમાં શનિ મંત્ર, શનિ યંત્ર, શનિ મહાસ્તોત્ર, શનિ અષ્ટક અને શનિ ચાલીસા નો ઉલ્લેખ છે. શનિનો બીજ મંત્ર છે: _'ૐ શં શનૈશ્ચરાય નમઃ' એક પ્રચલિત પ્રાર્થના મંત્ર છે:

ૐ સૂર્યપુત્રો દીર્ઘદેહી વિશાલાક્ષઃ શિવપ્રિયઃ|મંદાચાર પ્રસન્નાત્મા, પીડા હરતુ મે શનિઃ ||તા.૧૬મી મે ૨૦૨૬, શનિવારે શનિશ્વરી અમાસ છે.શનિજયંતિ અને શનિ અમાસનો આ યોગ અત્યંત દુર્લભ મનાય છે. જે લોકો પર શનિની સાડાસાતી કે ઢૈય્યા ચાલી રહી હોય તેમના માટે આ દિવસ ખાસ મહત્વનો છે. આ દિવસે નીચેના ઉપાયો અત્યંત ફળદાયી છે:

પીપળા નીચે દીવો: શનિ અમાસની સાંજે પીપળાના ઝાડ નીચે સરસવના તેલનો દીવો કરો. દીવામાં કાળા તલ નાખો અને ઝાડની સાત પરિક્રમા કરો. તેનાથી શનિદોષ ઓછો થાય છે. છાયા દાન: કાંસા કે લોખંડના વાસણમાં સરસવનું તેલ લઈ તેમાં પોતાનો ચહેરો જુઓ. પછી તે તેલ અને વાસણ કોઈ જરૂરિયાતમંદને દાન કરો અથવા શનિ મંદિરમાં મૂકો. આનાથી નકારાત્મકતા દૂર થાય છે.વિશેષ દાન: શનિ અમાસે કાળા તલ, કાળાં કપડાં, લોખંડના વાસણ, સરસવનું તેલ અને અડદની દાળનું દાન કરવું શુભ મનાય છે. મંત્રજાપ: શનિ મંદિરે જઈને ઓછામાં ઓછી 108 વાર 'ૐ શં શનૈશ્ચરાય નમઃ' મંત્રનો જાપ કરો. પીપળા નીચે દીવો: શનિ અમાસની સાંજે પીપળાના ઝાડ નીચે સરસવના તેલનો દીવો કરો. દીવામાં કાળા તલ નાખો અને ઝાડની સાત પરિક્રમા કરો. તેનાથી શનિદોષ ઓછો થાય છે. છાયા દાન: કાંસા કે લોખંડના વાસણમાં સરસવનું તેલ લઈ તેમાં પોતાનો ચહેરો જુઓ. પછી તે તેલ અને વાસણ કોઈ જરૂરિયાતમંદને દાન કરો અથવા શનિ મંદિરમાં મૂકો. આનાથી નકારાત્મકતા દૂર થાય છે.વિશેષ દાન: શનિ અમાસે કાળા તલ, કાળાં કપડાં, લોખંડના વાસણ, સરસવનું તેલ અને અડદની દાળનું દાન કરવું શુભ મનાય છે. મંત્રજાપ: શનિ મંદિરે જઈને ઓછામાં ઓછી 108 વાર 'ૐ શં શનૈશ્ચરાય નમઃ' મંત્રનો જાપ કરો.

હનુમાન પૂજા: શનિ અમાસે હનુમાન ચાલીસાના પાઠ કરવાથી સાડાસાતીની અસર ઓછી થાય છે, કારણ કે શનિદેવે હનુમાનજીના ભક્તોને ન નડવાનું વચન આપ્યું છે.

આમ, શનિદેવ ભયનું નહીં પણ ન્યાયનું પ્રતીક છે. સાચા કર્મ, સેવા અને શ્રદ્ધાથી કરવામાં આવેલી ઉપાસનાથી શનિદેવ જરૂર પ્રસન્ન થાય છે અને જીવનની પીડા હરે છે. જય શનિદેવ.

### ઓપરેશન 'અમાનત' થી 'જીવન રક્ષા' સુધી: સુરક્ષાના મોરચે RPF અમદાવાદનું ઉત્તમ પ્રદર્શન

# ગુજરાતને મળ્યો ભારતનો પ્રથમ સેમી હાઈ-સ્પીડ રેલ કોરિડોર, અમદાવાદ-ધોલેરા વચ્ચે બનશે 134 કિમી લાંબો બ્રોડ ગેજ સેમી હાઈ-સ્પીડ કોરિડોર

## ₹20,667 કરોડના ખર્ચે વિકસિત થશે દેશનો પ્રથમ સ્વદેશી ટેકનોલોજી આધારિત સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ — નમો ભારત ટ્રેનોનું થશે સંચાલન

**અમદાવાદ રેલવે, તા.15**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની અધ્યક્ષતામાં યોજાયેલી આર્થિક બાબતોની મંત્રિમંડળીય સમિતિ (CCEA) એ ગુજરાતને દેશનો પ્રથમ બ્રોડ ગેજ સેમી હાઈ-સ્પીડ રેલ કોરિડોર આપતાં અમદાવાદ (સરખેજ)- ધોલેરા સેમી હાઈ-સ્પીડ ડબલ લાઈન રેલવે પ્રોજેક્ટને ઐતિહાસિક મંજૂરી આપી છે. અંદાજે 20,667 કરોડના ખર્ચવાળો આ પ્રોજેક્ટ ભારતીય રેલવેનો પ્રથમ સ્વદેશી ટેકનોલોજી આધારિત સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ હશે, જેમાં ભવિષ્યમાં નમો ભારત ટ્રેનો નું સંચાલન કરવામાં આવશે.

લગભગ 134 કિલોમીટર લાંબી આ નવી ડબલ રેલ લાઈન અમદાવાદ, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (SIR), આવનાર ધોલેરા આંતરરાષ્ટ્રીય વિમાનમથક તથા લોથલ ખાતે આવેલા નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સને આધુનિક રેલ કનેક્ટિવિટી આપશે. પ્રોજેક્ટની ડિઝાઈન ગતિ 220 કિમી પ્રતિ કલાક અને પરિચાલન ગતિ 200 કિમી પ્રતિ કલાક નક્કી કરવામાં આવી છે. કોરિડોર પર કુલ 13 સ્ટેશનો વિકસાવવામાં આવશે.

પ્રોજેક્ટ હેઠળ 3 મેગા બ્રિજ, 74 કિલોમીટર વાયાડક્ટ, 39 રોડ અંડર બ્રિજ અને 2 રેલ ઓવર રેલ બ્રિજનું નિર્માણ કરવામાં આવશે. કુલ ટ્રેક લંબાઈ અંદાજે 293 કિલોમીટર રહેશે. પ્રોજેક્ટને આગામી 4 વર્ષમાં પૂર્ણ કરવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે.

માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું:

"અમદાવાદ-ધોલેરા સેમી હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ ભારતના રેલવે ઈતિહાસમાં નવી શરૂઆત છે. આ માત્ર એક રેલ લાઈન નથી, પરંતુ 'ન્યૂ ઈન્ડિયા'ની આધુનિક, ઝડપી અને આત્મનિર્ભર પરિવહન વ્યવસ્થાનું પ્રતિક છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં ભારતીય રેલવે આત્મનિર્ભર ભારતના વિઝનને નવી ગતિ આપી રહ્યું છે. સ્વદેશી ટેકનોલોજી આધારિત આ પ્રોજેક્ટ ભવિષ્યમાં સમગ્ર દેશમાં સેમી હાઈ-સ્પીડ રેલ નેટવર્કના વિસ્તરણનો આધાર બનશે."

ગુજરાત સરકારના મુખ્ય સચિવ શ્રી મનોજ કુમાર દાસે જણાવ્યું:

"માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ જી અને માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજીના દુરંદર્શી નેતૃત્વ હેઠળ મંજૂર થયેલો આ પ્રોજેક્ટ ગુજરાતના ઔદ્યોગિક અને આર્થિક વિકાસમાં નવો અધ્યાય સાબિત થશે. ધોલેરા SIR ને સાબરમતી, ધોલેરા એરપોર્ટ અને લોથલ સાથે જોડતો આ કોરિડોર રાજ્યની આર્થિક પ્રગતિને નવી દિશા આપશે. સાબરમતી, ગાંધીગ્રામ અને વસ્ત્રાપુર સ્ટેશનો પર મેટ્રો એકીકરણ, સાબરમતીમાં બુલેટ ટ્રેન કનેક્ટિવિટી અને મોરૈયામાં ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર સાથેનું જોડાણ ગુજરાતને વિશ્વસ્તરીય મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ તરીકે સ્થાપિત કરશે."

મંડળ રેલ પ્રબંધક (DRM), અમદાવાદ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું:

"માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી, રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલજીના માર્ગદર્શન હેઠળ ભારતીય રેલવેને આ ઐતિહાસિક પ્રોજેક્ટના અમલીકરણનો ગૌરવ પ્રાપ્ત થયો છે. 134 કિલોમીટર લાંબો આ કોરિડોર એક્સપ્રેસવેની સમાનાંતર નવી એલાઈનમેન્ટ પર વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટ અમદાવાદ અને ધોલેરા વિસ્તારને વિશ્વસ્તરીય રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે. તેના કારણે મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને આધુનિક મુસાફરી સુવિધા મળશે તેમજ વિસ્તારમાં ઉદ્યોગ, લોજિસ્ટિક્સ અને રોજગારમાં પણ નવી ગતિ મળશે." તેમણે વધુમાં જણાવ્યું કે વિશ્વનો પ્રથમ બ્રોડગેજ સેમી હાઈ-સ્પીડ રેલ કોરિડોર હવે ગુજરાતમાં બનવા જઈ રહ્યો છે. પ્રથમ વખત વિશ્વમાં કોઈ સેમી હાઈ-સ્પીડ ટ્રેન 220 કિમી પ્રતિ કલાકની ઝડપે બ્રોડગેજ ટ્રેક પર દોડશે. આ સમગ્ર પ્રોજેક્ટ અને ટ્રેન સંપૂર્ણપણે "મેક ઈન ઈન્ડિયા" ટેકનોલોજી પર આધારિત હશે. ટ્રેનમાં અત્યાધુનિક "કવચ 5.0" સુરક્ષા પ્રણાલી સ્થાપિત કરવામાં આવશે.

# બીજામૃતના ઉપયોગથી બીજની સ્ફૂરણશક્તિ વધે છે અને પાક ઉત્પાદન વધારવામાં સહાયક બને છે

**અમદાવાદ, તા.15**

સૂરજ દાદા સોળે કળાએ ખીલી ઊઠ્યા છે. બળબળતી ગરમી એક આશાવાદ સાથે સહન કરી લેવાય છે કે હવે આના પછી ચોમાસુ આવવાનું છે! ખેડૂતો મે મહિનાથી જ મેહની રાહ જોવાનું શરૂ કરી દેતા હોય છે. ખેડૂતોએ નવા વાવેતર માટે ખેડ કરીને ખેતરને તૈયાર કરી રાખ્યું હોય છે. ખેતર ખેડાઈ જાય પછી બીજો મુદ્દો બીજનો આવે છે. સારી ગુણવત્તાવાળું બીજ મેળવવાની સાથે સાથે બીજના સારા સ્ફૂરણ અને પાકના ઉત્પાદન માટે બીજને પટ્ટ આપવાની કામગીરી ખેડૂતો દ્વારા થતી હોય છે. પ્રાકૃતિક ખેતીમાં બીજ સંસ્કારની આગવી પદ્ધતિ છે. બીજને પ્રાકૃતિક પટ્ટ આપવામાં બીજામૃતનો મહત્ત્વનો ફાળો આપે છે. બીજામૃત સરળ રીતે ખેતર પર ઉપલબ્ધ દ્રવ્યોમાંથી બની શકે છે. બીજામૃતના ઉપયોગથી છોડના મૂળને જમીનજન્ય ફૂગ તથા અન્ય બીજજન્ય રોગો સામે રક્ષણ મળી રહે છે. બીજામૃતના ઉપયોગથી બીજની સ્ફૂરણશક્તિ વધે છે અને પાક ઉત્પાદન વધારવામાં સહાયક બને છે.

બીજામૃત બનાવવાની રીત

બીજામૃત (૧૦૦ કિ.ગ્રા બીજ માટે) બનાવવા માટે દેશી ગાયનું તાજું છાણ પાંચ કિલો, ગૌ મૂત્ર પાંચ લીટર, ચૂનો ૫૦ ગ્રામ, વડ નીચેની ૧ મુઠી માટીનો ઉપયોગ કરવાનો રહે છે. સુતરાઉ કાપડમાં પાંચ કિલો ગાયનું તાજું છાણ લઈ પાણીમાં બોળવું, જેથી દ્રાવ્ય તત્ત્વો પાણીમાં ઓગળી જશે. બીજા એક વાસણમાં ૫૦ ગ્રામ ચૂનો ૧ લિટર પાણીમાં ૧૨-૧૬ કલાક પલાળવો, છાણના અદ્રાવ્ય તત્ત્વોને સુતરાઉ કાપડને દબાવીને જુદા કરવા, છાણવાળા દ્રાવણમાં ૫ લિટર ગૌ મૂત્ર, ૧ લિટર ચૂનાનું પાણી, ૫૦ ગ્રામ વડલાની નીચેથી લાવેલી સજીવ માટી અને ૨૦ લિટર પાણી ઉમેરી ૧૨થી ૧૬ કલાક સુધી મિશ્રણ રાખી મૂકવું. આ મિશ્રણ દિવસમાં બે વખત હલાવવું. બાદમાં બીજ પર બીજામૃતની માવજત આપી બીજને છાયામાં સૂકવવા અને ત્યારબાદ વાવવું. બીજામૃતના પટ આપવાથી બીજ વહેલા અને પ્રમાણમાં સારી રીતે ઊગી નીકળે છે. મૂળ ઝડપથી વધે છે. ઉલ્લેખનીય છે કે, ૧૦૦ કિલો બીજ માટે ૫૦ લિટર બીજામૃતની જરૂર પડે છે.

બીજામૃતનો પટ્ટ ચડાવવાની રીત

ધાન્ય અને તેલીબીયા પાકો જેવાકે, ચોખા, બાજરા, મકાઈ, જુવાર, તલ, અળસી વગેરે પૈકી જે વાવવું હોય તેનાં બીજ પાથરીને બીજામૃતનો છંટકાવ કરવો ત્યારબાદ તેને હાથથી બરોબર મિશ્ર કરવું અને તડકા પાસેના છાંયડામાં સૂકવવુ.

મગફળી અને સોયાબીન, બંને પાકની બહારની ફોતરી ખૂબ જ નરમ હોવાથી તેના બીજને પટ આપતી વખતે બીજામૃતને બદલે ઘન જીવામૃતનો ઉપયોગ ૧૦:૧ના પ્રમાણમાં કરવો એટલે કે, ૧૦ કિ.ગ્રા બિયારણ હોય તો ૧ કિ.ગ્રા ઘન જીવામૃત ભેળવવું.

કંદમૂળની વાત કરીએ તો બટાકા, હળદર, આદુ, કેળ કે શેરડીના વાવેતર માટે તેની કાતરી સુંડલામાં લઈ તેને બીજામૃતમાં ૩૦-૪૦ સેકન્ડ માટે ડુબાડીને કાઢ્યા બાદ વાવવું.

# ખેડા જિલ્લાના યુવા ખેલાડીઓએ ફરી એકવાર આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું ગૌરવ વધાર્યું



**નડિયાદ, તા.15**

ખેડા જિલ્લાના યુવા ખેલાડીઓએ ફરી એકવાર આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતનું ગૌરવ વધાર્યું છે. Dubai, Nepal અને The Netherlands બાદ હવે Australia ના Melbourne શહેરમાં યોજાયેલી પ્રતિષ્ઠિત Kobe Osaka International Karate Competition માં ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરી ઈતિહાસ રચ્યો છે. તા. ૦૩ મે, ૨૦૨૬ ના રોજ Melbourne ખાતે યોજાયેલી આ આંતરરાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં વિશ્વભરના કુલ 30 ક્લબોએ ભાગ લીધો હતો. જેમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા Raj Martial Arts Academy ના ખેલાડીઓએ કુલ ૧૩ મેડલ જીતી સમગ્ર મેડલ ટેલીમાં ગૌરવપૂર્ણ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ તમામ ખેલાડીઓએ શિહાન રાજ કૌશિકના માર્ગદર્શન અને કઠોર તાલીમ હેઠળ પોતાની પ્રતિભા અને શિસ્તનો ઉત્તમ પરિચય આપ્યો હતો.મેડલ વિજેતા ખેલાડીઓ જોઈએ તો વિહાન - 1 Gold Medal , વાંશિકા - 1 Gold અને 1 Silver Medal , ધુન - 1 Gold અને 1 Silver Medal , હસન - 1 Gold અને 1 Bronze Medal , તન્મય - 1 Gold Medal , તુલસી - 2 Silver Medals , કનિસા - 1 Silver Medal , હેતિકા - 2 Bronze Medals ૫ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૩ બ્રોન્ઝ થઈ કુલ ૧૩ મેડલ જીતી ખેલાડીઓએ ભારતનું નામ રોશન કર્યુ છે. આ સિદ્ધિ માત્ર એકેડમી કે ખેલાડીઓ માટે જ નહીં પરંતુ સમગ્ર ખેડા જિલ્લા અને ભારત માટે ગૌરવની ક્ષણ બની છે. ખેલાડીઓએ પોતાની મહેનત, શિસ્ત, સમર્પણ અને ફાઈટિંગ સ્પિરિટ દ્વારા વિશ્વ મંચ પર ભારતનો તિરંગો ગૌરવપૂર્વક લહેરાવ્યો છે. શિહાન રાજ કૌશિકે જણાવ્યું હતું કે, "આ સફળતા સતત મહેનત, માતા-પિતાના વિશ્વાસ અને ખેલાડીઓની અડગ પ્રતિબદ્ધતાનું પરિણામ છે.

# બાકી વાહન કર ન ભરનાર વાહનોની હરાજી પ્રક્રિયા શરૂ : આરટીઓ અમદાવાદ દ્વારા જાહેર નોટિસ આપવામાં આવી

**અમદાવાદ, તા.15**

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ ગાંધીનગરના નોટીફીકેશન ક્રમાંક-પીટી-૨૦૧૬-૫૧ એમવીડી-૧૦૨૦૧૫-૨૩૯૪-ખ તા.૨૬-૧૦-૨૦૧૬ જોગવાઈ અનુસાર વાહનની હરાજી કરવા જણાવેલ છે. જેથી બાકીદારોને મુંબઈ મોટર વ્હીકલ ટેક્સ એક્ટ-૧૯૫૮ ની જોગવાઈઓ હેઠળ નોટિસ આપવામાં આવે છે કે, તેમનું વાહન ઉક્ત કાયદાની કલમ-૧૨ (બી) હેઠળ ડીટેઈન કરેલ છે અને વાહન કર, દંડ, પેનલ્ટી વગેરેની બાકી લ્હેણી રકમ કોલમ-૦૪ મુજબની ભરપાઈ કરવા એકથી વધુ વખત નોટિસ આપવા છતાં લ્હેણી રકમ ભરવા આપ દ્વારા દરકાર કરેલ નથી. કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસાર તા. ૩૦.૦૫.૨૦૨૬ સુધીમાં લ્હેણી રકમ ભરીને વાહન છોડાવી જવા આખરી તક આપવામાં આવે છે. આ તારીખ પછી આવા કોઈ અરજદારોનો કે ફાયનાન્સરોનો હક્કદાવો રહેશે નહીં. અને તેમ કરવામાં કસૂર થશે તો વાહન રાજ્યસાત કરી વાહનોની હરાજી વેચાણ કરી બાકી લ્હેણી રકમ વસૂલવામાં આવશે. જેની ગંભીર નોંધ લેવા અંગે જણાવવામાં આવે છે. નીચે આપેલ વિગતો પરથી જે તે વ્યક્તિએ સમયસર રકમ ભરી દેવી. વાહન નંબર RJ01GB6458માં ગોપાલ જાટ પિતા. ગોવર્ધન જાટ: ગામ- ભાટીયાણી, તેહ- નસીરાબાદ, જી- અજમેર, રાજસ્થાન, કુલ લ્હેણી રકમ (અંદાજીત) રૂપિયા ૩૭૯૧૫૧ એ જ રીતે, વાહન નંબર GJ01CU9900માં શ્રી મારુતિ ટ્રાવેલ્સ: ચોસર, તા- દસક્રોઈ, અમદાવાદ રૂપિયા ૨૬૩૭૭૭૫, વાહનનંબર GJ38T6590માં શ્રી ગણેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (પ્રોપ. પ્રવિણાબા જે. ગોહેલ): રત્ન બિલ્ડર્સ, B-206, રત્ન ત્રયી, જૈન મંદિર પાસે, ગોધાવી, સાણંદ, અમદાવાદ-૩૮૨૧૧૦, રૂપિયા ૪૭૫૮૪૦, વાહનંબર GJ01HT5527માં શ્રી ગણેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (પ્રોપ. પ્રવિણાબા જે. ગોહેલ): ૫, દેવ આશિષ એપાર્ટમેન્ટ, ગામ- બોપલ, તા- દસક્રોઈ, અમદાવાદ - ૩૮૦૦૫૮. રૂપિયા ૫૪૩૮૬૫, વાહન નંબર GJ38TA0231, શ્રી ગણેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (C/O ભરતસિંહ સી. ચૌહાણ): મોટો ચૌહાણ વાસ, ગામ અને તા- સાણંદ, અમદાવાદ - ૩૮૨૧૧૦. રૂપિયા ૭૬૮૯૦૦, વાહનનંબર GJ38T7919, શ્રી ગણેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (પ્રોપ. પ્રવિણાબા જે. ગોહેલ): રત્ન બિલ્ડર્સ, B-206, રત્ન ત્રયી, જૈન મંદિર પાસે, ગોધાવી, સાણંદ, અમદાવાદ -૩૮૨૧૧૦. રૂપિયા ૭૮૧૬૨૫, વાહન નંબર GJ01HT8254માં શ્રી ગણેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (પ્રોપ. પ્રવિણાબા જે. ગોહેલ): ૫, દેવ આશિષ એપાર્ટમેન્ટ, ગામ- બોપલ, તા- દસક્રોઈ અમદાવાદ -૩૮૦૦૫૮ના રૂપિયા ૫૪૩૮૭૫,

વાહનનંબર GJ12BT8428માં મા આશાપુરા એન્ટરપ્રાઈઝ (પ્રોપ. જયપાલસિંહ આર. જાડેજા): દુકાન નં. ૫, ઓમ આર્કેડ, આણંદનગર ITI સામે, સાણંદ, અમદાવાદ - ૩૮૨૧૧૦ના રૂપિયા ૩૧૦૯૯૮૫, વાહન નંબરમાં GJ27T0321

સન્ની રવજીભાઈ પટેલ: દરબાર વાસ, જેતલપુર, તા- દસક્રોઈ, અમદાવાદ (પૂર્વ) - ૩૮૦૦૦૧ના રૂપિયા ૩૧૦૯૯૮૫, વાહન નંબર GJ01HT5669માં શ્રી ગણેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (પ્રોપ. પ્રવિણાબા જે. ગોહેલ): ૫, દેવ આશિષ એપાર્ટમેન્ટ, ગામ- બોપલ, તા- દસક્રોઈ, અમદાવાદ - ૩૮૦૦૫૮ના રૂપિયા ૫૭૬૧૦૦

વાહનનંબર GJ01BV0177માં હરીશંકરસિંહ રમેસશંકરસિંહ, 33 GHB મુ. કલોલ, પોલીસ લાઈન ગાંધીનગર- ૩૮૨૭૨૧ના રૂપિયા ૪૦૬૩૯૪૩, વાહન નંબર AR01R1255માં બેબીવ પત્ની, કિશન ગેહલોત C/O-CHAI-BIH YUPIA-II, NYORCH (VISHAL), પાપુમ પારે, અરુણાચલ પ્રદેશ -૭૯૧૧૧૦ના રૂપિયા ૨૦૦૦૦૦૦, વાહનો નંબરમાં GJ01EV2781 ગફુરભાઈ જયમલભાઈ રબારી: મહાજન લાટ મલેકપુરા, ગામ- ચાંગોદર, તાજપુર રોડ, સાણંદ, અમદાવાદ - ૩૮૨૨૧૩ના રૂપિયા ૧૬૪૯૪, વાહન નંબર GJ01BV9492માં રૂપિયા ઉત્તમ સેવા સંસ્થાન મણિનગર: ૯૦, આનંદ નિકેતન સ્કૂલ, ગામ- બડોદરા, હીરાપુર ચોકડી પાસે, તા- દસ્ક્રોઈ, અમદાવાદ - ૩૮૨૫૪૧ના રૂપિયા ૬૫૫૦૦, વાહનનંબર GJ01H T6307માં શ્રી ગણેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ (પ્રોપ. પ્રવિણાબા જે. ગોહેલ): ૫, દેવ આશિષ એપાર્ટમેન્ટ, ગામ-બોપલ, તા- દસક્રોઈ, અમદાવાદ - ૩૮૦૦૫૮ના રૂપિયા ૪૮૦૩૪૦, વાહનનંબર GJ01HG4625માં કલાલ ધનજીભાઈ સવજીભાઈ, ૧૬, શીવ સાગર કો.હા.સોસાયટી વેજલપુર અમદાવાદ- ૩૮૦૦૫૧ના રૂપિયા ૨૧૫૦૦,

વાહનનંબર PB10CY3300માં અમૃતપાલ કૌર જર્નલ સિંહ: ગામ- કૈલપુર, પો.- દાખા, લુધિયાણા, પંજાબના રૂપિયા ૧૫૩૪૩૯, વાહનનંબર NL0780568માં મોહિની દેવી સિયાગ પત્ની. અર્જુન રામ: ઘર નં. ૭ માઈલ, ચુમુકેદિમા, દીમાપુર, નાગાલેન્ડ - ૭૯૭૧૦૩ના રૂપિયા ૪૯૯૭૪૪, વાહનનંબર RJ27J58984માં કચરુ લાલ સાલવી પિતા. ગંગા રામ સાલવી: ગામ- ઈંટાળી, સારડા, ઉદયપુર.

# અમદાવાદના વસ્ત્રાપુર હાટમાં યોજાશે "કેસર કેરી મહોત્સવ-૨૦૨૬" : કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી આવતીકાલ તા. ૧૬ મે,૨૦૨૬થી કરાવશે વર્ચ્યુઅલ શુભારંભ

**અમદાવાદ, તા.15**

અમદાવાદ અને ગાંધીનગરના નગરજનો માટે ઉનાળાની આકરી ગરમીમાં મીઠાશ ભળવા જઈ રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિ વિભાગ હસ્તકના ગુજરાત એગ્રો દ્વારા ખેડૂતોને તેમના ઉત્પાદનનો પોષણક્ષમ ભાવ મળે અને શહેરીજનોને શુદ્ધ, રસાયણમુક્ત ફળો મળે તેવા આશય સાથે અમદાવાદના વસ્ત્રાપુર હાટ ખાતે "કેસર કેરી મહોત્સવ-૨૦૨૬"નું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવનો આવતીકાલે તા. ૧૬ મે, ૨૦૨૬ના રોજ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી વર્ચ્યુઅલ શુભારંભ કરાવશે. આ કેસર કેરી મહોત્સવ અંતર્ગત આગામી તા. ૧૫ જૂન સુધી કેરીનું તથા તા. ૧૬ થી ૨૫ જૂન દરમિયાન GI ટેગ ખારેકનું વેચાણ થશે. કેસર કેરી મહોત્સવ-૨૦૨૬માં ઉભા કરાયેલા આશરે ૧૦૦ જેટલા સ્ટોલ પૈકી ૮૫ સ્ટોલ કેરી માટે અને ૧૫ સ્ટોલ GI ટેગ ખારેક માટે તૈયાર કરીને વિવિધ ખેડૂત મંડળીઓ, નેચરલ ફાર્મિંગ FPO તેમજ કેરી અને ખારેકનું ઉત્પાદન કરતા વ્યક્તિગત ખેડૂતોને વિનામૂલ્યે ફાળવવામાં આવ્યા છે. આ મહોત્સવ માત્ર ખરીદીનો પોઈન્ટ જ નહીં, શહેરી ગ્રાહકો અને ગ્રામ્ય ઉત્પાદકો વચ્ચે સીધા સંવાદ અને વિશ્વાસનું માધ્યમ બનશે. આ મહોત્સવની મુલાકાત લઈ નગરજનો સીધા કેરી પકવતા ખેડૂતો પાસેથી તાજી અને કાર્બાઈડ ફ્રી કેરી ખરીદી શકશે. આ મહોત્સવમાં નાગરિકોને તલાલા-ગીર, જૂનાગઢ, અમરેલી, કચ્છ, વલસાડ અને નવસારી જેવા પ્રદેશોની સુપ્રસિદ્ધ અને સ્વાદિષ્ટ કેરીઓ ખરીદી માટે ઉપલબ્ધ થશે. આ વર્ષનું વિશેષ આકર્ષણ ગુજરાતની સુપ્રસિદ્ધ GI ટેગ પ્રાપ્ત ખારેક છે, જેનું પણ સીધું વેચાણ કરવામાં આવશે. ખેડૂતો પોતાના ખેત ઉત્પાદન સીધા શહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર "કેસર કેરી મહોત્સવ" જેવું એક માધ્યમ પૂરું પાડીને ખેડૂતોને સહાયરૂપ થઈ રહી છે. ખેડૂતોની આવક બમણી કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરેલી ઝુંબેશમાં સહભાગી થઈ ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોની આવકમાં વધારો કરવા તેમજ રસાયણમુક્ત અને પ્રાકૃતિક ખેત પેદાશોને પ્રોત્સાહિત કરવા માટે આવા વિશેષ આયોજન હાથ ધરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં વર્ષ ૨૦૦૭થી કેસર કેરી મહોત્સવની શરૂઆત કરાવી હતી. ત્યારબાદ દર વર્ષે ઉનાળા દરમિયાન આ કેરી મહોત્સવનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫માં યોજાયેલા "કેસર કેરી મહોત્સવ"માં અમદાવાદીઓએ માત્ર એક જ મહિનામાં રૂ. ૪ કરોડની કિંમતની ૩.૩૦ લાખ કિલોગ્રામથી વધુ કેરીની વિક્રમી ખરીદી કરી હતી.

### 'વન સ્ટેટ વન જીએસટી' થી ડાક વિભાગની કાર્યપ્રણાલીમાં આવશે સરળતા, એકરૂપતા અને કાર્યક્ષમતા : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

# ડાક વિભાગ દ્વારા 'વન સ્ટેટ વન જીએસટી'ના અસરકારક અમલીકરણ માટે અમદાવાદમાં વર્કશોપનું આયોજન, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યો શુભારંભ

**અમદાવાદ, તા.15**

ભારતીય ડાક વિભાગ દ્વારા "વન સ્ટેટ વન જીએસટી"ના અસરકારક અમલીકરણ માટે 15 મે, 2026ના રોજ અમદાવાદમાં એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપનો શુભારંભ ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ દ્વારા કરવામાં આવ્યો. વર્કશોપનો મુખ્ય હેતુ નવી જીએસટી પ્રણાલીના સફળ અમલીકરણ માટે અધિકારીઓને તાલીમ આપવાનો તથા એકીકૃત કાર્યપદ્ધતિ અંગે માર્ગદર્શન આપવાનો હતો. તેમાં વિવિધ મંડળોના પ્રવર અધિક્ષક, અધિક્ષક, સિનિયર પોસ્ટમાસ્ટર તથા લેખાધિકારીઓએ ભાગ લીધો.

વર્કશોપનું શુભારંભ કરતાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવ એ જણાવ્યું કે અત્યાર સુધી વિવિધ મંડળોમાં જીએસટી પ્રક્રિયાઓના સંચાલનમાં કાર્યપદ્ધતિ સંબંધિત ભિન્નતાઓ જોવા મળતી હતી, પરંતુ હવે નવી વ્યવસ્થા સમગ્ર રાજ્યમાં એકીકૃત પ્રણાલી તરીકે કાર્ય કરશે. આથી હિસાબી પ્રક્રિયા, ટેક્સ અનુપાલન, ઈન્વૉઈસ મેનેજમેન્ટ તથા નાણાકીય રિપોર્ટિંગ વધુ સરળ અને અસરકારક બનશે. સાથે જ વહીવટી કાર્યક્ષમતામાં વધારો, સમયની બચત, ભૂલોમાં ઘટાડો તથા જવાબદારીમાં નોંધપાત્ર સુધારો સુનિશ્ચિત થશે. "વન સ્ટેટ વન જીએસટી" માત્ર એક વહીવટી સુધારો નથી, પરંતુ કાર્યપદ્ધતિમાં સરળતા, પારદર્શિતા, એકરૂપતા અને કાર્યક્ષમતા સ્થાપિત કરવાની દિશામાં એક ઐતિહાસિક





પગલું છે. બદલાતી આર્થિક અને તકનીકી જરૂરિયાતોને અનુરૂપ વિભાગીય કાર્યશૈલીમાં સુધારો સમયની માંગ છે, જેથી વધુ સરળ, પારદર્શક અને જવાબદાર વ્યવસ્થા સુનિશ્ચિત કરી શકાય. "વન સ્ટેટ વન જીએસટી" આ દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે.

સીનિયર લેખાધિકારી શ્રી બી. શિવા કુમાર તથા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કન્સલ્ટન્ટ શ્રી નિર્મલ ભંડારી દ્વારા વર્કશોપ દરમિયાન જૂની અને નવી જીએસટી પ્રણાલીની તુલનાત્મક સમીક્ષા, સપ્લાયનું વર્ગીકરણ, જીએસટી ફ્રેમવર્ક, નોંધણી અને તેની લાગુતા, ઈનપુટ ટેક્સ ક્રેડિટ માટેની પાત્રતા, પ્રતિબંધો, ક્લેમ પ્રક્રિયા તથા આવશ્યક દસ્તાવેજીકરણ, સીજીએસટી નિયમ 42 અને 43 હેઠળ ઈનપુટ ટેક્સ ક્રેડિટ વર્ગીકરણ, કોમન ક્રેડિટની ઓળખ, બ્લોક્ડ ક્રેડિટ વિશ્લેષણ તેમજ પાત્ર અને અપાત્ર ઈનપુટ ટેક્સ ક્રેડિટ ના વિભાજન, માસિક રિટર્ન ફાઈલિંગ ચક્ર અને અનુપાલન ન કરવાના પ્રભાવો તથા જીએસટી હેઠળના ટીડીએસ પ્રાવધાનો અંગે વિગતવાર માહિતી પ્રદાન કરવામાં આવી હતી. સીનિયર લેખા અધિકારી સુશ્રી પૂજા રાઠોર એ સ્વાગત પ્રવચન આપતાં તમામ પ્રતિભાગીઓનું અભિવાદન કર્યું અને વર્કશોપની રૂપરેખા રજૂ કરી. પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ એ જણાવ્યું કે ડાક વિભાગમાં "વન સ્ટેટ વન જીએસટી" વ્યવસ્થા અમલમાં આવવાથી વિભાગીય નાણાકીય વ્યવસ્થાપન વધુ સુવ્યવસ્થિત, પારદર્શક, એકીકૃત અને અસરકારક બનશે. અગાઉની વ્યવસ્થામાં દરેક ડ્રોઈંગ એન્ડ ડિસ્બર્સિંગ ઓફિસર (ડીડીઓ) માટે અલગ-અલગ જીએસટી અને જી એ સ ટી - ટી ડી એ સ નોંધણીઓ કાર્યરત હતી. હવે ડાક નિર્દેશાલય દ્વારા અમલમાં મુકાઈ રહેલા આ નવા ફ્રેમવર્ક હેઠળ દરેક રાજ્યમાં વિભાગ માટે માત્ર એકીકૃત જીએસટી નોંધણી રહેશે. આ માટે પોસ્ટ વિભાગ દ્વારા કેન્દ્રીકૃત સિંગલ પાન મેળવી તેને સંબંધિત જીએસટી નોંધણીઓ સાથે યોગ્ય રીતે જોડવામાં આવ્યો છે. નવી વ્યવસ્થાથી ઈનપુટ ટેક્સ ક્રેડિટ નો વધુ અસરકારક અને યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત થશે, કરચુકવણી પ્રક્રિયા કેન્દ્રીકૃત અને સરળ બનશે, અનુપાલન સંબંધિત પ્રક્રિયાઓમાં એકરૂપતા આવશે તથા વિભાગીય નાણાકીય કાર્યક્ષમતામાં નોંધપાત્ર સુધારો થશે.

આ વર્કશોપમાં અમદાવાદ સિટી મંડળના પ્રવર અધિક્ષક શ્રી ચિરાગ મહેતા, ગાંધીનગર મંડળના પ્રવર અધિક્ષક શ્રી શિશિર કુમાર, અમદાવાદ જીપીઓના સિનિયર પોસ્ટમાસ્ટર શ્રી સિરાજ મન્સુરી, મહેસાણા મંડળના અધિક્ષક શ્રી એસ. કે. વર્મા, સાબરકાંઠા મંડળના અધિક્ષક શ્રી દીપક વાઢેર, પાટણ મંડળના અધિક્ષક શ્રી આર. એ. ગોસ્વામી, બનાસકાંઠા મંડળના અધિક્ષક શ્રી હર્ષદ પરમાર, મેનેજર શ્રી દર્શન તપસ્વી, સિનિયર લેખાધિકારી શ્રી બી. શિવા કુમાર, સુશ્રી પૂજા રાઠોર, સહાયક લેખાધિકારી શ્રી રામસ્વરૂપ મંગાવા, શ્રી સુભાષ કુમાર, શ્રી ઋષભ મહેતા, સહાયક નિદેશક શ્રી વારિસ વહોરા, શ્રી ઋતુલ ગાંધી સહિત અનેક અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાઉદી અરેબિયામાં T20 લીગ રમાશે : ઓક્ટોબરમાં શરૂ થશે, 6 ટીમ ભાગ લેશે; યુવરાજ સિંહ લીગનો એમ્બેસેડર બન્યો



મુંબઈ, તા.15

સાઉદી અરેબિયા આ વર્ષે ઓક્ટોબરમાં તેની પ્રથમ ફ્રેન્ચાઈઝી ક્રિકેટ લીગ શરૂ કરવા જઈ રહ્યું છે. ડ્યુન્સ લીગ T20 નામની આ લીગ 6 ટીમ સાથે રમાશે. ESPNcricinfoના રિપોર્ટ અનુસાર, તેમાં એવા ખેલાડીઓ ભાગ લઈ શકે છે, જેણે તાજેતરમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે, પરંતુ હજુ પણ વિશ્વભરની ફ્રેન્ચાઈઝી લીગ્સમાં રમી રહ્યો છે.

**SACFએ મંજૂરી આપી**

લીગને સાઉદી અરૈબિયા ક્રિકેટ ફેડરેશન (SACF)ની મંજૂરી મળી ચૂકી છે. મેચ જેદ્દાહ પાસેના તાઈફ શહેરમાં રમાશે. આ લીગને સ્પોર્ટ્સ એશિયન નેટવર્ક અને બે ટેલેન્ટ એજન્સીઓ સાથે મળીને તૈયાર કરવામાં આવી છે. જેમાં યુનિક સ્પોર્ટ્સ ક્લબ અને પ્રોલિથિકનો સમાવેશ થાય છે. યુનિક સ્પોર્ટ્સ ઈંગ્લેન્ડના ફાસ્ટ બોલર જોફ્રા આર્ચર જેવા ખેલાડીઓને મેનેજ કરે છે, જ્યારે પ્રોલિથિક ભારતીય બેટર અભિષેક શર્મા સાથે કામ કરે છે.

**યુવરાજ એમ્બેસેડર બન્યો**

પૂર્વ ભારતીય ઓલરાઉન્ડર યુવરાજ સિંહને લીગના એમ્બેસેડર બનાવ્યો છે. SACF એ ગયા વર્ષે આ લીગની પ્રારંભિક યોજનાની જાહેરાત કરી હતી. બોર્ડે કહ્યું હતું કે તેનો હેતુ સાઉદી અરેબિયાને ગ્લોબલ ક્રિકેટ મેપ પર લાવવાનો અને સ્થાનિક ખેલાડીઓને આગળ વધારવાનો છે.

**4 વિદેશી ખેલાડીઓ રમી શકશે**

રિપોર્ટ અનુસાર, લીગમાં વધુમાં વધુ ચાર એવા ખેલાડીઓ રમી શકશે, જેમણે છેલ્લા બે વર્ષમાં કોઈ ફૂલ-મેમ્બર દેશ માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમ્યું હોય. આનાથી લીગ ICCની તે મર્યાદામાં રહેશે, જ્યાં અલગથી મંજૂરીની જરૂર પડતી નથી. ખેલાડીઓનો સૌથી મોટો પગાર લગભગ એક લાખ ડોલર સુધી જઈ શકે છે.

**સાઉદીએ સ્પોર્ટ્સની મોટી ટુર્નામેન્ટ્સ કરાવી**

છેલ્લા 5 વર્ષમાં સાઉદી અરેબિયાએ રમતોમાં મોટું રોકાણ કર્યું છે. ફૂટબોલ, ટેનિસ અને બોક્સિંગ જેવી રમતોમાં મોટી ટુર્નામેન્ટ્સનું આયોજન કર્યું છે. ક્રિકેટમાં સાઉદી અરેબિયાના પ્રવેશને લઈને છેલ્લા ત્રણ વર્ષથી ચર્ચા ચાલી રહી હતી. એવી અટકળો પણ હતી કે તે IPLને ટક્કર આપતી T-20 લીગ લાવી શકે છે. ગયા વર્ષે ઓસ્ટ્રેલિયન ક્રિકેટર્સ એસોસિયેશન તરફથી ગ્રાન્ડ સ્લેમ મોડેલની T-20 લીગ્સમાં રોકાણની ચર્ચાઓ પણ સામે આવી હતી. જોકે, સાઉદી અરેબિયાએ ક્રિકેટમાં ધીમે ધીમે પગલાં ભર્યા છે. ICC સાથે સ્પોન્સરશિપ ડીલ, 2024 IPL ઓક્શનની યજમાની અને UAEની ILT20 લીગ સાથે ભાગીદારી તેના ઉદાહરણો છે.

# IPLનું ગણિત: મુંબઈએ પંજાબની ગણતરી બગાડી : પ્લેઓફ માટે બંને મેચ જીતવી પડશે; શું કરો યા મરોની જંગમાં ચેન્નઈ બાજી મારશે?

નવી દિલ્હી, તા.15

IPL 2026માં 58 મેચ પૂરી થઈ ચૂકી છે. ગુરુવારે મુંબઈ ઈન્ડિયન્સે પંજાબ કિંગ્સને હરાવીને પ્લેઓફની રેસ રોમાંચક બનાવી દીધી. હાર બાદ પંજાબ ચોથા સ્થાને છે. ટીમના 12 મેચમાં 13 પોઈન્ટ્સ છે અને પ્લેઓફમાં પહોંચવા માટે તેને બાકીની બંને મેચ જીતવી પડશે. બીજી તરફ મુંબઈ પહેલાથી જ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ચૂકી છે, પરંતુ તેણે પંજાબનું સમીકરણ બગાડી દીધું. મુંબઈના 12 મેચમાં 8 પોઈન્ટ્સ છે અને ટીમ નવમા સ્થાને છે. ઈકાના સ્ટેડિયમમાં આજે ચેન્નઈ સુપર કિંગ્સ માટે જીત જરૂરી છે. ટીમનો સામનો ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ચૂકેલી લખનઉ સામે થશે.



**પંજાબ સતત 5મી મેચ હારી**

પંજાબ કિંગ્સ સતત પાંચમી હાર બાદ મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. ટીમે સિઝનની શરૂઆત 6 જીત સાથે કરી હતી. પ્લેઓફની આશા જાળવી રાખવા માટે તેને હવે બંને મેચ જીતવી પડશે. પંજાબની આગામી મેચો બેંગલુરુ અને લખનઉ સામે છે. મુંબઈ ઈન્ડિયન્સે સિઝનની ચોથી જીત નોંધાવી. ટીમની આગામી મેચો કોલકાતા અને રાજસ્થાન સામે છે.

**ચેન્નઈ માટે દરેક મેચ મહત્વની**

ચેન્નઈ સુપર કિંગ્સ આજે લખનઉ સુપર જાયન્ટ્સ સામે મેદાનમાં ઉતરશે. ટીમ સતત 3 મેચ જીતીને પાંચમા સ્થાને પહોંચી ગઈ છે. ચેન્નઈના 11 મેચમાં 12 પોઈન્ટ્સ છે. પ્લેઓફની આશા જાળવી રાખવા માટે CSKને તેની ત્રણેય મેચ જીતવી પડશે. ટીમની મેચો લખનઉ, હૈદરાબાદ અને ગુજરાત સામે છે. આગામી મેચ હારવા પર તેની રાહ મુશ્કેલ બની જશે.

**હૈદરાબાદ ત્રીજા સ્થાને પહોંચી**

પંજાબની હારનો ફાયદો સનરાઈઝર્સ હૈદરાબાદને મળ્યો છે. ટીમ 14 પોઈન્ટ્સ સાથે ત્રીજા સ્થાને છે. તેનો નેટ રનરેટ +0.331 છે. હૈદરાબાદને હવે ચેન્નઈ અને બેંગલુરુ સામે રમવાનું છે. પ્લેઓફમાં સ્થાન લગભગ પાકું કરવા માટે ટીમને ઓછામાં ઓછી એક જીતની જરૂર છે.

**બેંગલુરુ-ગુજરાત મજબૂત સ્થિતિમાં**

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ગુજરાત ટાઈટન્સ 16-16 પોઈન્ટ્સ સાથે પહેલા અને બીજા સ્થાને છે.

# તિલકે એટલી લાંબી સિક્સ ફટકારી કે બોલ ગુમ થઈ ગયો : ટી-શર્ટ ઊંચું કરીને ટેટૂ બતાવ્યું



ધર્મશાળા, તા.15

મુંબઈ ઈન્ડિયન્સે છેલ્લી ઓવરમાં રોમાંચક જીત નોંધાવતા પંજાબ કિંગ્સને 6 વિકેટે હરાવ્યું. ગુરુવારે ધર્મશાલાના HPCA સ્ટેડિયમમાં પંજાબે 201 રનનો ટાર્ગેટ આપ્યો હતો, જેને મુંબઈએ 19.5 ઓવરમાં પુરો કરી લીધો. તિલક વર્માએ અણનમ 75 રનની ઈનિંગ રમી. તેણે 106 મીટર લાંબો છગ્ગો પણ ફટકાર્યો. આ ઉપરાંત, રોહિત શર્મા IPLમાં સૌથી વધુ મેચ રમવાના મામલે વિરાટ કોહલીની બરાબરી પર પહોંચી ગયો. બીજી તરફ, પંજાબ કિંગ્સને 200+ રન ડિફેન્ડ કરતા ટી-20 ક્રિકેટમાં રેકોર્ડ 10મી હારનો સામનો કરવો પડ્યો.

**મુંબઈ-પંજાબ મેચના ટોપ રેકોર્ડ્સ-મોમેન્ટ્સ**

1. 200+ રન ડિફેન્ડ કરવામાં પંજાબની 10મી હાર

પંજાબ કિંગ્સ 200+ રનના લક્ષ્યનો બચાવ કરવામાં સૌથી વધુ વખત હારનાર ટીમ બની ગઈ. ટીમને અત્યાર સુધી 10 વખત 200+ રન ડિફેન્ડ કરતા હાર મળી છે. મુંબઈએ પંજાબ સામે 200+ રનનો લક્ષ્યાંક પુરો કરીને T-20 ક્રિકેટમાં તેની 8મી જીત નોંધાવી. મુંબઈ હવે સૌથી વધુ 200+ રન ચેઝ જીતનારી ટીમોની યાદીમાં બીજા સ્થાને પહોંચી ગઈ છે. આ મામલે પંજાબ કિંગ્સ 11 જીત સાથે ટોચ પર છે, જ્યારે ઓસ્ટ્રેલિયા અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ 7-7 વખત 200+ રનનો લક્ષ્યાંક પુરો કર્યો છે.

2. રોહિતે કોહલીની બરાબરી કરી

મુંબઈના બેટ્સમેન રોહિત શર્મા IPLમાં સૌથી વધુ મેચ રમવાના મામલે વિરાટ કોહલીની બરાબરી પર પહોંચી ગયો છે. પંજાબ કિંગ્સ સામેની મેચ રોહિતના કરિયરની 279મી IPL મેચ હતી.

# વૈભવ સૂર્યવંશી પહેલીવાર ઈન્ડિયા-Aમાં સિલેક્ટ થયો : તિલક વર્મા કેપ્ટન; જૂનમાં શ્રીલંકામાં ટ્રાઇ સિરીઝ યોજાશે, ત્રીજી ટીમ અફઘાનિસ્તાન-Aની છે

કોલકાતા, તા.15

15 વર્ષના ઓપનર વૈભવ સૂર્યવંશીને પહેલીવાર ઈન્ડિયા-Aમાં સ્થાન મળ્યું છે. શ્રીલંકામાં જૂનમાં યોજાનારી વન-ડે ટ્રાઇ-સિરીઝ માટે ગુરુવારે ટીમની જાહેરાત કરવામાં આવી. તિલક વર્માને ટીમની કેપ્ટનશીપ સોંપવામાં આવી છે, જ્યારે રિયાન પરાગ વાઈસ કેપ્ટન હશે. સિરીઝમાં ઈન્ડિયા-A ઉપરાંત શ્રીલંકા-A અને અફઘાનિસ્તાન-Aની ટીમ ભાગ લેશે. તો, અફઘાનિસ્તાન સામેની વન-ડે અને ટેસ્ટ સિરીઝ માટે ભારતની સિનિયર ટીમોની જાહેરાત 19 મેના રોજ થઈ શકે છે.

**સૂર્યવંશીએ લિસ્ટ-Aમાં 353 રન બનાવ્યા**

વૈભવ સૂર્યવંશીએ લિસ્ટ-A (50 ઓવર) ક્રિકેટમાં અત્યાર સુધી 8 મેચ રમી છે. આ દરમિયાન તેણે 44.12ની સરેરાશ અને 164.95ના સ્ટ્રાઈક રેટથી 353 રન બનાવ્યા. તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર 190 રન રહ્યો છે. સૂર્યવંશીએ આ ફોર્મેટમાં 1 સદી અને 1 અડધી સદી ફટકારી છે. તેણે 37 ચોગ્ગા અને 23 છગ્ગા પણ ફટકાર્યા છે.

**એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સમાં 243થી વધુનો સ્ટ્રાઈક રેટ**

વૈભવ સૂર્યવંશીએ એશિયા કપ રાઈઝિંગ સ્ટાર્સ T20માં 4 મેચમાં 59.75ની સરેરાશ અને 243.87ના સ્ટ્રાઈક રેટથી 239 રન બનાવ્યા હતા. આ દરમિયાન તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર 144 રન રહ્યો હતો. સૂર્યવંશીએ આ સિરીઝમાં એક સદી પણ ફટકારી હતી. તેણે 20 ચોગ્ગા અને 22 છગ્ગા લગાવ્યા છે.



**પ્રિયાંશ-પ્રભસિમરનના નામ પણ સામેલ**

BCCIએ સ્ક્વોડમાં પ્રિયાંશ આર્ય, વૈભવ સૂર્યવંશી, આયુષ બદોની, નિશાંત સિંધુ અને અંશુલ કંબોજ જેવા યુવા ખેલાડીઓને તક આપી છે. વિકેટકીપર તરીકે પ્રભસિમરન સિંહ અને કુમાર કુશાગ્ર ટીમમાં સામેલ છે.

ટ્રાઈ સિરીઝ માટે ઈન્ડિયા-A સ્ક્વોડ-

તિલક વર્મા (કેપ્ટન), પ્રિયાંશ આર્ય, વૈભવ સૂર્યવંશી, રિયાન પરાગ (વાઈસ-કેપ્ટન), આયુષ બદોની, નિશાંત સિંધુ, હર્ષ દુબે, સૂર્યાંશ શેડગે, પ્રભસિમરન સિંહ (વિકેટકીપર), કુમાર કુશાગ્ર (વિકેટકીપર), વિપરાજ નિગમ, યશ ઠાકુર, યુદ્ધવીર સિંહ, અંશુલ કંબોજ, અરશદ ખાન. વન-ડે ટ્રાઈ-સિરીઝની તમામ મેચ દાંબુલામાં રમાશે. આ પછી, ઈન્ડિયા-A ટીમ શ્રીલંકા-A સામે બે મલ્ટી-ડે મેચ પણ રમશે, જેના માટે અલગ ટીમની જાહેરાત પછીથી કરવામાં આવશે.

**સિનિયર ટીમમાંથી બુમરાહને આરામ આપવામાં આવી શકે છે**

અફઘાનિસ્તાન સામેની ટેસ્ટ મેચ IPL સમાપ્ત થયા પછી તરત જ 6 જૂને ન્યૂ ચંદીગઢમાં રમાવાની છે. આવી સ્થિતિમાં, પસંદગીકારો ટીમમાં કેટલાક નવા ચહેરાઓને તક આપી શકે છે. રિપોર્ટ્સ અનુસાર, જસપ્રીત બુમરાહને આ ટેસ્ટમાં આરામ આપવામાં આવી શકે છે, કારણ કે આ મેચ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ભાગ નથી.

**ગિલ જ કેપ્ટનશીપ કરશે**

શુભમન ગિલ જ ટેસ્ટ ટીમની કેપ્ટનશીપ કરતા જોવા મળશે. પંજાબના ફાસ્ટ બોલર ગુરનૂર બરારનું નામ પણ ચર્ચામાં છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં પસંદગીકારોને તેની સતત સારી લાઈન-લેન્થ, ઝડપી બોલિંગ અને મૂવમેન્ટે પ્રભાવિત કર્યા છે.



# કાનમાં આલિયાની અવગણના થઈ? : એક્ટ્રેસે પ્રેમથી જવાબ આપ્યો- 'દુ:ખ શેનું જાન, તમે તો ભાવ આપ્યો'

મુંબઈ, તા.15

બોલિવૂડ એક્ટ્રેસ આલિયા ભટ્ટ તાજેતરમાં કાન ફિલ્મ ફેસ્ટિવલ 2026ના રેડ કાર્પેટ પર જોવા મળી હતી. અહીં તેના લુક્સની ઘણી ચર્ચા થઈ હતી, પરંતુ સાથે જ તેને સોશિયલ મીડિયા પર ટ્રોલિંગનો પણ સામનો કરવો પડ્યો હતો. સોશિયલ મીડિયા પર એક વીડિયો વાઈરલ થયા બાદ કેટલાક લોકોએ દાવો કર્યો હતો કે આંતરરાષ્ટ્રીય પાપારાઝીએ આલિયાને અવગણી હતી. હવે આલિયાએ પોતે એક ટ્રોલને ખૂબ જ નમ્રતાથી જવાબ આપ્યો છે. બુધવારે આલિયાએ ઈન્સ્ટાગ્રામ પર એક રીલ શેર કરી હતી. તેમાં તે આઈવરી સિલ્ક સાડી-ગાઉનમાં રોયલ લુકમાં જોવા મળી રહી હતી. આ પોસ્ટ પર એક યુઝરે કટાક્ષ કરતા કોમેન્ટ કરી હતી, 'કેટલી દુઃખની વાત છે, કોઈએ તમને નોટિસ જ ન કર્યા.' આલિયાએ આ કોમેન્ટને અવગણવાને બદલે જવાબ આપવાનું વધુ સારું સમજ્યું. તેણે લખ્યું, "દુઃખ કેવું જાન? તમે તો મને નોટિસ કરી".' આલિયાના સમર્થનમાં ટીવી એક્ટર અલી ગોની અને સિંગર રાહુલ વૈદ્ય પણ આગળ આવ્યા. અલી ગોનીએ સોશિયલ મીડિયા પર લખ્યું, 'આ જોઈને દુઃખ થાય છે કે જ્યારે કોઈ આપણા દેશનું નામ ગ્લોબલ લેવલ પર રોશન કરવા માટે આટલી મહેનત કરે છે, ત્યારે આપણા પોતાના જ લોકો તેને નીચે ખેંચવાનો પ્રયાસ કરે છે. તેણે આગળ કહ્યું કે આલિયાએ ત્યાં પહોંચીને તે મુકામ હાંસલ કર્યો છે જેનું સપનું ઘણા લોકો જુએ છે. આપણે મજાક ઉડાવવાને બદલે તે લોકોનો સાથ આપવો જોઈએ જેઓ વિદેશોમાં ભારતનું માન વધારી રહ્યા છે. જ્યારે રાહુલ વૈદ્યે લખ્યું કે આલિયાને કોઈના અટેન્શનની જરૂર નથી. આલિયાના સમર્થનમાં ટીવી એક્ટર અલી ગોની અને સિંગર રાહુલ વૈદ્ય પણ આગળ આવ્યા. અલી ગોનીએ સોશિયલ મીડિયા પર લખ્યું, 'આ જોઈને દુઃખ થાય છે કે જ્યારે કોઈ આપણા દેશનું નામ ગ્લોબલ લેવલ પર રોશન કરવા માટે આટલી મહેનત કરે છે, ત્યારે આપણા પોતાના જ લોકો તેને નીચે ખેંચવાનો પ્રયાસ કરે છે. તેણે આગળ કહ્યું કે આલિયાએ ત્યાં પહોંચીને તે મુકામ હાંસલ કર્યો છે જેનું સપનું ઘણા લોકો જુએ છે. આપણે મજાક ઉડાવવાને બદલે તે લોકોનો સાથ આપવો જોઈએ જેઓ વિદેશોમાં ભારતનું માન વધારી રહ્યા છે. જ્યારે રાહુલ વૈદ્યે લખ્યું કે આલિયાને કોઈના અટેન્શનની જરૂર નથી.

# કાનમાં 'કાના'ના રંગે રંગાઈ સિંગર આરતી : હાથમાં ગીતા, ગળામાં તુલસીની માળા અને 'રાધે-રાધે' મંત્રજાપ સાથે રેડ કાર્પેટ વૉક,

મુંબઈ, તા.15

કાન ફિલ્મ ફેસ્ટિવલ 2026માં આલિયા ભટ્ટ લોરિયલ પેરિસ ગાલા ડિનર દરમિયાન જોવા મળી હતી, જ્યાં તેણે ફ્લોરલ બ્રોકેડ આઉટફિટ પહેર્યો હતો. તો ગુરુવારે સિંગર-ઈન્ફ્લુએન્સર આરતી ખેત્રપાલનો સનાતન ધર્મ થીમ વાળો લુક સામે આવ્યો, જેમાં તે કાનના રેડ કાર્પેટ પર હાથમાં ભગવદ્ ગીતા, ગળામાં તુલસીની માળા અને 'હરે રામ' લખેલા પર્સ સાથે જોવા મળી હતી. દુનિયાભરનો સૌથી પ્રતિષ્ઠિત ફિલ્મ ફેસ્ટિવલ અને કલ્ચરલ ઈવેન્ટ કાન્સ 12 મેથી શરૂ થયો છે. ફેસ્ટિવલ 23 મે સુધી ફ્રાન્સના ફ્રેન્ચ રિવેરામાં ચાલુ રહેશે. કાન્સમાંથી આલિયાના અત્યાર સુધી 5 લુક સામે આવી ચૂક્યા છે. આરતીએ તેના લહેંગાને ભારે ભરતકામવાળા બ્લાઉઝ સાથે જોડીને એક અલગ શાહી ટચ આપ્યો. વી-નેક બ્લાઉઝ, જેમાં હાફ-સ્લીવ્સ હતી, તે સુંદર ફ્લોરલ પેટર્નથી શણગારેલું હતું. આ ડિઝાઈનમાં લીલા-વાદળી રંગના હળવા શેડ્સનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમાં સોનેરી દોરામાં ઘણી બારીકાઈ હતી જે નાજુક વેલા જેવી ડિઝાઈન બનાવી રહી હતી. આરતી સુંદર, સોનેરી રંગના લહેંગામાં જોવા મળી હતી.



# ડૉક્ટર બનવા માંગતી માધુરી બની બોલિવૂડની 'ધક ધક ગર્લ' : સુભાષ ઘઈએ પ્રેગ્નન્ટ ન થવાનો કોન્ટ્રાક્ટ કરાવ્યો



મુંબઈ, તા.15

59 વર્ષના થઈ ચૂકેલી માધુરી દીક્ષિત માત્ર પોતાની ફિલ્મો અને ડાન્સ માટે જ નહીં, પરંતુ કરિયર સાથે જોડાયેલા અનેક રસપ્રદ કિસ્સાઓને કારણે પણ ચર્ચામાં રહી છે. ખૂબ ઓછા લોકો જાણે છે કે કરિયરના શરૂઆતના તબક્કે સુભાષ ઘઈએ તેને ફિલ્મ 'કર્મા'માં નાનો રોલ આપ્યો હતો, પરંતુ પાછળથી એમ કહીને તેનો સીન હટાવી દીધો કે આટલી ટેલેન્ટેડ છોકરીને નાનો રોલ આપવો યોગ્ય નથી. આગળ જતાં તેણે માધુરીને પોતાની ફિલ્મોમાં મોટા રોલ આપ્યો. બીજી તરફ ફિલ્મ 'ખલનાયક' દરમિયાન તેની પાસે 'નો પ્રેગ્નન્સી' ક્લોઝ પણ સાઈન કરાવવામાં આવ્યો હતો, જેથી શૂટિંગ પ્રભાવિત ન થાય. બીજી તરફ 'હમ આપકે હૈ કૌન..!' માટે માધુરીને સલમાન ખાન કરતા વધુ ફી મળી હતી. આજે માધુરી દીક્ષિતના જન્મદિવસે જાણીએ તેના કરિયર અને અંગત જીવન સાથે જોડાયેલા કેટલાક ખાસ કિસ્સા. માધુરીનું નામ સાંભળતા જ ફિલ્મ માટે હા કહી દીધી હતી, સહિલા ચઢ્ઢા માટે માધુરી દીક્ષિત માત્ર સુપરસ્ટાર નથી, પરંતુ પરિવાર જેવી છે. માધુરીના જન્મદિવસે સાથેની વાતચીતમાં તેણે 'હમ આપકે હૈ કૌન' ના સેટથી લઈને બાળપણ સુધીની ઘણી યાદો શેર કરી. સહિલા ચઢ્ઢા કહે છે- 'જ્યારે મને હમ આપકે હૈ કૌન..! ઓફર થઈ હતી, ત્યારે હું સોલો હિરોઈનવાળી ફિલ્મો કરી રહી હતી.

# 4 વર્ષ બાદ મૌની રોયના લગ્ન જીવનમાં ભંગાણ



મુંબઈ, તા.15

બોલિવૂડ એક્ટ્રેસ મૌની રોય હાલમાં તેના લગ્ન જીવનને લઈને ચર્ચામાં છે. પતિ સૂરજ નાંબિયારને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી અનફોલો કર્યા બાદથી જ ચર્ચાઓએ જોર પકડ્યું હતું. જોકે, હવે મૌની અને સૂરજે છૂટાછેડાની પુષ્ટિ કરી છે. બંનેએ લાંબી પોસ્ટ શેર કરીને ચાહકોને અલગ થવાના સમાચાર આપ્યા છે. મૌની રોય અને સૂરજ નાંબિયારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'અમે મીડિયાના કેટલાક વર્ગો દ્વારા અમારા અંગત જીવનમાં બિનજરૂરી અને દખલગીરીભર્યા ધ્યાન પર નિરાશા વ્યક્ત કરીએ છીએ. અમે જણાવવા માંગીએ છીએ કે અમે અલગ થવાનો નિર્ણય લીધો છે અને આ બાબતોને ખાનગી રીતે અને સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલવા માટે જરૂરી સમય લઈ રહ્યા છીએ.' મૌનીએ આગળ લખ્યું, 'કાલ્પનિક વાર્તાઓ અને ઘસી કાઢેલા જૂઠાણાં ફેલાવીને અમારા અંગત જીવનને સનસનીખેજ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે અમારા સંબંધોની વાસ્તવિકતાને પ્રતિબિંબિત કરતા નથી. બદલાતી જતી અંગત પ્રાથમિકતાઓ પર વિચાર કર્યા પછી, અમે પરસ્પર આદર અને સમજણ સાથે અલગ રસ્તે આગળ વધવાનું પસંદ કર્યું છે.' 'આ તબક્કે, અમારું ધ્યાન આ તબક્કાને વિચારપૂર્વક અને ખાનગી રીતે પસાર કરવા પર છે. અમે આગામી સમયમાં પણ અમારી મિત્રતા જાળવી રાખવાનો પ્રયાસ કરીશું. અમે તમારી સમજણ, અમારી પ્રાઈવસી પ્રત્યેના આદર અને આ સમય દરમિયાન અમને મળેલા સતત સમર્થનની નિષ્ઠાપૂર્વક પ્રશંસા કરીએ છીએ. મૌની અને સૂરજ' મૌનીએ એક દિવસ પહેલાં ઈન્સ્ટાગ્રામ પર એક સ્ટોરી શરે કરીને લખ્યું હતું, 'તમામ મીડિયા હાઉસને નમ્ર વિનંતી છે કે તેઓ ખોટા સમાચાર ન ફેલાવે. કૃપા કરીને અમને જગ્યા (સ્પેસ) અને ગોપનીયતા (પ્રાઈવસી) આપો.' વિવાદિત છૂટાછેડાના આ સમાચાર ત્યારે શરૂ થયા, જ્યારે ચાહકોએ જોયું કે, મૌની અને સૂરજે ઈન્સ્ટાગ્રામ પર એકબીજાને અનફોલો કરી દીધા છે. વાત માત્ર અનફોલો કરવા પૂરતી સીમિત ન રહી, સૂરજે પોતાની પ્રોફાઈલ પરથી લગ્નની ઘણી જૂની તસવીરો પણ ડિલીટ કરી દીધી છે. વિવાદ વધતા સૂરજે ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ જ ડિએક્ટિવેટ કરી દીધું છે.

# ચાંદીમાં એક જ દિવસમાં મોટો કડાકો, સોનું પણ સસ્તું થયું : સોનું ઓલ ટાઈમ હાઈથી રૂ. 18 હજાર સસ્તું થયું, PMએ વર્ષ સુધી ના ખરીદવાની અપીલ કરી છે

**નવી દિલ્હી, તા.15**

15 મેના રોજ સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદી 19,693 ઘટીને 2.68 લાખ થઈ ગઈ, જે ગુરુવારે 2.87 લાખ પર હતી. જ્યારે, 10 ગ્રામ 24 કેરેટ સોનું 3,000 ઘટીને 1.58 લાખ પર આવી ગયું છે. આ પહેલા 16 એપ્રિલે તે 1.61 લાખ પર હતું. સોનું ઓલ ટાઈમ હાઈથી 106 દિવસમાં 17,962 અને ચાંદી 1,18,433 સસ્તી થઈ છે. 29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ/10 ગ્રામ અને ચાંદી 3.86 લાખ/કિલો હતી. રવિવારે કર્ણાટક અને તેલંગાણાની સભાઓમાં પીએમએ લોકોને પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઘટાડવા અને એક વર્ષ સુધી સોનું ન ખરીદવા અપીલ કરી હતી.



સોનું ઓલ ટાઈમ હાઈથી 18 હજાર સસ્તું થયું

આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે.

શરૂઆતનું સ્તર (31 ડિસેમ્બર 2025): 1.33 લાખ

ઓલ ટાઈમ હાઈ (29 જાન્યુઆરી 2026): 1.76 લાખ

વર્તમાન સ્થિતિ: સર્વોચ્ચ સ્તરથી સોનું 18 હજાર સસ્તું થઈને હવે 1.58 લાખ/10 ગ્રામ આવી ગયું છે.

ચાંદીમાં કડાકો: 3.86 લાખથી 2.48 લાખ સુધી

ચાંદીમાં સોનાની સરખામણીમાં વધુ ઉતાર-ચઢાવ રહ્યો અને તે ઓલ ટાઈમ હાઈથી ઝડપથી નીચે આવી છે.

શરૂઆતનું સ્તર (31 ડિસેમ્બર 2025): 2.30 લાખ

ઓલ ટાઈમ હાઈ (29 જાન્યુઆરી 2026): 3.86 લાખ

ઘટાડાનો આંકડો: છેલ્લા 106 દિવસમાં ચાંદી 1.18 લાખ ઘટીને 2.68 લાખ/કિલો પર આવી.

PMએ એક વર્ષ સુધી સોનું ન ખરીદવાની અપીલ કરી

વડાપ્રધાને કહ્યું 'એક સમય હતો, જ્યારે સંકટ આવવા પર દેશહિતમાં લોકો સોનું દાન કરી દેતા હતા. આજે દાનની જરૂર નથી, પરંતુ દેશહિતમાં આપણે એ નક્કી કરવું પડશે કે આખા વર્ષ દરમિયાન ઘરમાં કોઈ કાર્યક્રમ હોય, આપણે સોનાના ઘરેણાં નહીં ખરીદીએ. વિદેશી મુદ્રા બચાવવા માટે આપણી દેશભક્તિ આપણને પડકારી રહી છે અને આપણે આ સ્વીકારીને વિદેશી મુદ્રા બચાવવી પડશે.' આવું શા માટે કહ્યું: પીએમ મોદીએ ભારતના વિદેશી મુદ્રા ભંડારને બચાવવા માટે આ અપીલ કરી. ભારત પોતાના ઉપયોગનું લગભગ 99% સોનું વિદેશોમાંથી ખરીદે છે. 2025-26માં સોનાનું આ ઈમ્પોર્ટ બિલ લગભગ 6.4 લાખ કરોડ રૂપિયાનું હતું. વિદેશોમાંથી ખરીદવામાં આવતી વસ્તુઓના કુલ ખર્ચમાં 9% હિસ્સેદારી સાથે સોનું બીજા નંબર પર છે.

જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો

1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

# ચંદ્ર પર કૂદ્યા વિના ચાલી શકાશે! : નાસાના નવા સુપર સ્પેસ સૂટમાં 8 કલાકનું 'ટોયલેટ' બેકઅપ; 'આર્ટેમિસ 3' મિશન માટે લક્ઝરી બ્રાન્ડ પ્રાડા પણ જોડાઈ

**ન્યૂયોર્ક તા.15**

અમેરિકન સ્પેસ એજન્સી નાસા (નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન)ના 2028 સુધીમાં ફરીથી મનુષ્યોને ચંદ્ર પર મોકલવાના મિશનને આંચકો લાગી શકે છે. અમેરિકી ઓડિટ રિપોર્ટ અનુસાર, 'એક્સિઓમ સ્પેસ'ના નવા સ્પેસ સૂટ તૈયાર થવામાં 2031 સુધીનો વિલંબ થઈ શકે છે. જોકે, નાસાના એડમિનિસ્ટ્રેટર જેરેડ ઈસાકમેને વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, 2028 સુધીમાં અવકાશયાત્રીઓ આ જ સૂટ્સમાં ચંદ્ર પર ઉતરશે. જાણો સ્પેસ સૂટની વિશેષતાઓ. નાસાએ તાજેતરમાં કરેલા 'આર્ટિમિસ મિશન 2'ના સફળ પરિક્ષણ દરમિયાન અવકાશયાત્રીઓએ XEMU સૂટ્સ જ પહેર્યા હતા. - ઈટાલીની ફેશન કંપની 'પ્રાડા' પણ નાસાના નવા સ્પેસ સૂટ બનાવવાની પરિયોજનામાં જોડાઈ છે. તેણે સૂટના ફેબ્રિક અને ડિઝાઈન પર કામ કર્યું છે.



નાસાના નવા XEMUની 7 ખાસ વાતો

લિક્વિડ કૂલિંગ સિસ્ટમ - સૂટની અંદર 'લિક્વિડ કૂલિંગ' સિસ્ટમવાળું ખાસ અન્ડરગાર્મેન્ટ હશે, જે શરીરનું તાપમાન નિયંત્રિત રાખશે. ઈટાલિયન લક્ઝરી ફેશન બ્રાન્ડ 'પ્રાડા' પણ 'એક્ઝિઓમ સ્પેસ' કંપની સાથે જોડાઈ છે. સ્માર્ટ શૂઝ - ખાસ 'સ્માર્ટ' શૂઝ ચંદ્રની સપાટી પર સારી પકડ આપશે. પાછલા મિશનની જેમ ઉછળીને ચાલવાની જરૂર નહીં પડે. વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ - 8 કલાકનું ટોઈલેટ બેકઅપ રહેશે. એટલે કે સૂટ ઉતાર્યા વિના કામ કરી શકશે. માઈનસ 2000 સુધીની ઠંડીમાં પણ સુરક્ષિત રાખશે. સ્પેસ સૂટનું અંડરવોટર પરિક્ષણ કરવામાં આવે છે. ફેબ્રિક - ચંદ્રની ધૂળ કાચના ટુકડાની જેમ તીક્ષ્ણ અને ચીકણી હોય છે. સૂટનું બાહ્ય ફેબ્રિક ચંદ્રની ઝીણી ધૂળને ઓછી ચોંટવા દેશે. રીઅર એન્ટ્રી સિસ્ટમ - નવા સૂટમાં 'રીઅર એન્ટ્રી' સિસ્ટમ હશે. એટલે કે અવકાશયાત્રીઓ પાછળની બાજુથી સૂટમાં પ્રવેશ કરશે.

# ચૂંટણી પૂરી, મોદીની વસૂલી શરૂ' : પેટ્રોલ-ડીઝલમાં ₹3ના ભાવ વધારા પર વિપક્ષનો વિરોધ

**દિલ્હી, તા.15**

પેટ્રોલ અને ડીઝલ 3-3 રૂપિયા પ્રતિ લિટર મોંઘા થયા છે. દિલ્હીમાં હવે પેટ્રોલ 97.77 રૂપિયા પ્રતિ લિટર મળશે. ડીઝલની કિંમત 90.67 રૂપિયા પ્રતિ લિટર થઈ ગઈ છે. નવા ભાવ આજ 15 મેથી લાગુ થઈ ગયા છે. લગભગ 2 વર્ષ પછી ભાવમાં આ વધારો કરવામાં આવ્યો છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતોની સાથે મુખ્ય શહેરોમાં CNG પણ 2 પ્રતિ કિલો સુધી મોંઘો થઈ ગયો છે. દિલ્હીમાં હવે એક કિલો CNG માટે 79.09 ખર્ચ કરવા પડશે. વિરોધ પક્ષોએ કેન્દ્ર સરકારની સખત ટીકા કરી છે. સરકાર પર વધતી મોંઘવારી અને આર્થિક દબાણ વચ્ચે સામાન્ય લોકો પર બોજ વધારવાનો આરોપ લગાવ્યો છે. આ વધારાને લઈને કોંગ્રેસે સરકાર પર કટાક્ષ કરતા કહ્યું કે 'મોંઘવારી મેન' મોદીએ આજે ફરી જનતા પર ચાબુક ચલાવ્યું છે. ચૂંટણીઓ પૂરી થઈ ગઈ છે, મોદીની વસૂલી શરૂ થઈ ગઈ છે. તો બીજી તરફ સપાના અખિલેશ યાદવે એક કાર્ટૂન શેર કરતા લખ્યું કે અમે તો પહેલા જ કહ્યું હતું કે સાયકલથી સારું કંઈ નથી. આગળ વધવું હોય તો સાયકલ જ વિકલ્પ છે.



બીજી તરફ આજે રૂપિયો ડોલર સામે 50 પૈસા ઘટીને 96.14ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો છે. આ પહેલા ગુરુવારે રૂપિયો 95.64ના સર્વકાલીન નીચલા સ્તરે પહોંચ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી રૂપિયામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. વર્ષ 2026ની શરૂઆતથી જ રૂપિયો દબાણમાં છે. ગયા વર્ષે ડિસેમ્બર 2025માં પહેલીવાર રૂપિયો 90ના સ્તરને પાર ગયો હતો. તેનાથી મોંઘવારી વધવાનો ખતરો વધી ગયો છે. માર્કેટ એક્સપર્ટ્સનું માનવું છે કે જો ક્રૂડ ઓઈલની કિંમતો આ જ રીતે વધતી રહી અને ભૌગોલિક રાજકીય તણાવ ઓછો ન થયો, તો રૂપિયો જલ્દી જ 100ના સ્તરને પણ સ્પર્શી શકે છે. અન્ય વસ્તુઓના ભાવ પણ વધી શકે છે ડીઝલના ભાવ વધારાની સીધી અસર સામાન્ય માણસના ખિસ્સા અને રસોડા પર પડે છે. તેને આ રીતે સમજો:માલભાડું વધશે: ટ્રક અને ટેમ્પોનું ભાડું વધી જશે, જેના કારણે અન્ય રાજ્યોમાંથી આવતી શાકભાજી, ફળો અને રાશન મોંઘા થઈ જશે. ખેતીનો ખર્ચ: ટ્રેક્ટર અને પમ્પિંગ સેટ ચલાવવા માટે ખેડૂતોને વધુ ખર્ચ કરવો પડશે, જેનાથી અનાજનો ખર્ચ વધશે.

બસ-ઓટોનું ભાડું: સાર્વજનિક પરિવહન અને સ્કૂલ બસોના ભાડામાં પણ વધારો જોવા મળી શકે છે. પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં શા માટે વધારો થયો? આ વધારાનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં થતી વધઘટ છે.

# ગૌતમ અદાણી પર અમેરિકામાં નોંધાયેલા કેસ હટી શકે છે : બ્લૂમબર્ગનો દાવો- ₹2500 કરોડના છેતરપિંડી અને લાંચના કેસ પાછા ખેંચવાની તૈયારી

## અમેરિકી અધિકારીઓએ ગૌતમ અને સાગર અદાણી વિરુદ્ધ ધરપકડ વોરંટ મેળવી લીધા હતા

**નવી દિલ્હી, તા.15**

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીને અમેરિકાથી મોટી રાહત મળી શકે છે. બ્લૂમબર્ગે દાવો કર્યો છે કે, અમેરિકી ન્યાય વિભાગ તેમની સામે ચાલી રહેલા 265 મિલિયન ડોલર (લગભગ 2,500 કરોડ રૂપિયા)ના લાંચ અને છેતરપિંડીના ગુનાહિત આરોપો પાછા ખેંચવાની તૈયારી કરી રહ્યું છે. રિપોર્ટ અનુસાર, આ સપ્તાહ સુધીમાં આ કાનૂની મામલો સમાપ્ત કરી શકાય છે. અદાણી ગ્રુપ લગભગ દોઢ વર્ષથી કાનૂની ગૂંચવણોનો સામનો કરી રહ્યું છે.



10 સવાલોમાં સમજો આખો મામલો અને આગળ શું થશે

1. અમેરિકામાં ગૌતમ અદાણી પર મુખ્ય સમાચાર શું છે?

જવાબ: અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટ (DoJ) ગૌતમ અદાણી અને તેમના સહયોગીઓ વિરુદ્ધ ચાલી રહેલા આશરે 2,500 કરોડ રૂપિયાના ફોજદારી ભ્રષ્ટાચાર કેસને પાછો ખેંચવા જઈ રહ્યું છે. આ જ અઠવાડિયે આ ફોજદારી કેસને સત્તાવાર રીતે પડતો મૂકવામાં આવી શકે છે.

2. આ આખો મામલો ખરેખર શું હતો?

જવાબ: નવેમ્બર 2024માં ન્યૂયોર્કના ફેડરલ પ્રોસિક્યુટર્સે ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સાગર અદાણી સહિત ઘણા અધિકારીઓ પર આરોપ લગાવ્યો હતો કે તેમણે ભારતમાં સોલર પાવર પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટ મેળવવા માટે ભારતીય સરકારી અધિકારીઓને આશરે 2,500 કરોડ રૂપિયાની લાંચ આપવાનું કાવતરું રચ્યું હતું.

3. શું માત્ર ફોજદારી કેસ જ પૂરો થઈ રહ્યો છે?

જવાબ: ના, બ્લૂમબર્ગના રિપોર્ટ અનુસાર, અમેરિકી સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન (SEC) પણ નવેમ્બર 2024માં અદાણી અને અન્ય વિરુદ્ધ દાખલ કરાયેલા સમાંતર 'સિવિલ ફ્રોડ કેસ'ને સેટલમેન્ટ દ્વારા ઉકેલવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

4. આ મામલામાં બીજા કયા લોકોના નામ સામેલ હતા?

જવાબ: તેમાં ગૌતમ અદાણી ઉપરાંત સાગર અદાણી, અદાણી ગ્રીન એનર્જીના પૂર્વ CEO વિનીત જૈન, અને એઝ્યોર પાવર ગ્લોબલના પૂર્વ અધિકારી રણજીત ગુપ્તા અને રૂપેશ અગ્રવાલ સામેલ હતા. સાથે જ કેનેડિયન રોકાણકાર CDPQ સાથે સંકળાયેલા સિરિલ કેબનેસનું નામ પણ તેમાં હતું.

5. અદાણી પર ભંડોળ એકત્ર કરવાને લઈને શું આરોપો હતા?

જવાબ: પ્રોસિક્યુટર્સનો આરોપ હતો કે અદાણી અને તેમના સાથીઓએ કથિત લાંચખોરીની વાત છુપાવીને આંતરરાષ્ટ્રીય રોકાણકારો અને બેંકો પાસેથી લોન અને બોન્ડ દ્વારા 3 અબજ ડોલર (લગભગ 29,000 કરોડ) થી વધુનું ભંડોળ એકત્ર કર્યું હતું.

6. 'ન્યુમેરો ઉનો' અને 'ધ બિગ મેન' જેવા કોડ નેમ શું હતા?

જવાબ: અમેરિકી કોર્ટમાં દાખલ ચાર્જશીટમાં દાવો કરવામાં આવ્યો હતો કે ષડયંત્ર રચનારા લોકો આપસમાં વાતચીત દરમિયાન ગૌતમ અદાણીને 'ન્યુમેરો ઉનો' (ઈટાલિયન ભાષામાં નંબર એક) અને 'ધ બિગ મેન' જેવા ગુપ્ત કોડ નામોથી બોલાવતા હતા.

7. શું ક્યારેય ગૌતમ અદાણી અમેરિકી પોલીસની કસ્ટડીમાં આવ્યા?

જવાબ: ના, જોકે અમેરિકી અધિકારીઓએ ગૌતમ અને સાગર અદાણી વિરુદ્ધ ધરપકડ વોરંટ મેળવી લીધા હતા, પરંતુ તેઓ ક્યારેય અમેરિકી કસ્ટડીમાં રહ્યા ન હતા. તે સમયે ગૌતમ અદાણી ભારતમાં હોવાનું કહેવાયું હતું.

8. આ કેસ બંધ થવાથી અદાણી ગ્રુપને શું ફાયદો થશે?

જવાબ: આનાથી ગ્રુપના આંતરરાષ્ટ્રીય કારોબાર અને વિદેશી ભંડોળ એકત્ર કરવાની ક્ષમતામાં સુધારો થશે. છેલ્લા દોઢ વર્ષથી આ આરોપોને કારણે ગ્રુપની શાખ પર જે સવાલો ઉઠી રહ્યા હતા, તે મોટાભાગે સમાપ્ત થઈ જશે.

# ડોલર સામે રૂપિયો ઓલ ટાઈમ લો પર આવ્યો : 1 ડોલરની કિંમત ₹96.14, ડિસેમ્બર-2025માં પહેલીવાર 90ને પાર

**નવી દિલ્હી, તા.15**

15 મેના રોજ રૂપિયો ડોલર સામે 50 પૈસા ઘટીને 96.14ના રેકોર્ડ નીચલા સ્તરે પહોંચી ગયો છે. આ પહેલા ગુરુવારે રૂપિયો 95.64ના સર્વકાલીન નીચલા સ્તરે પહોંચ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી રૂપિયામાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. વર્ષ 2026ની શરૂઆતથી જ રૂપિયો દબાણમાં છે. ગયા વર્ષે ડિસેમ્બર 2025માં પહેલીવાર રૂપિયો 90ના સ્તરને પાર ગયો હતો. તેનાથી મોંઘવારી વધવાનો ખતરો વધી ગયો છે. માર્કેટ એક્સપર્ટ્સનું માનવું છે કે જો ક્રૂડ ઓઈલની કિંમતો આ જ રીતે વધતી રહી અને ભૌગોલિક રાજકીય તણાવ ઓછો ન થયો, તો રૂપિયો જલ્દી જ 100ના સ્તરને પણ સ્પર્શી શકે છે.

રૂપિયામાં ઘટાડાના મુખ્ય કારણો

મિડલ ઈસ્ટ તણાવ: અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને હોર્મુઝમાં સપ્લાય ખોરવાઈ જવાની આશંકાએ બજારમાં ડર પેદા કર્યો છે. યુદ્ધના કારણે રોકાણકારો સુરક્ષિત રોકાણ માટે ડોલર તરફ ભાગી રહ્યા છે. ક્રૂડ ઓઈલના ભાવ: ભારત તેની જરૂરિયાતનો 85% થી વધુ ક્રૂડ ઓઈલ આયાત કરે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ 107 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયું છે. ઓઈલ મોંઘું થવાથી ભારતને વધુ ડોલર ચૂકવવા પડી રહ્યા છે, જેનાથી રૂપિયા પર દબાણ વધી ગયું છે. મજબૂત થતો ડોલર ઈન્ડેક્સ: દુનિયાની 6 મુખ્ય કરન્સીની સરખામણીમાં ડોલરની મજબૂતીને માપતો ડોલર ઈન્ડેક્સ 99.05 ના સ્તરે પહોંચી ગયો છે. જ્યારે ડોલર ગ્લોબલ માર્કેટમાં મજબૂત થાય છે, ત્યારે રૂપિયો અને અન્ય એશિયન કરન્સી નબળી પડી જાય છે. વિદેશી રોકાણકારોનો ઉપાડ: વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતીય શેરબજારમાંથી સતત પૈસા ઉપાડી રહ્યા છે. બુધવારે FII એ 4,700 કરોડ રૂપિયાથી વધુના શેર વેચ્યા. બજારમાંથી ડોલર બહાર જવાના કારણે રૂપિયાની કિંમત ઘટી રહી છે. વધતી મોંઘવારીનો ડર: ભારતમાં જથ્થાબંધ મોંઘવારી દર (WPI) સાડા ત્રણ વર્ષના ઉચ્ચતમ સ્તરે પહોંચી ગયો છે. ઊર્જાની વધતી કિંમતોથી 'આયાતી ફુગાવા'નો ખતરો વધી ગયો છે.

ડોલર મોંઘો, ભારતમાં મોંઘવારી વધવાનો ખતરો



મિડલ ઈસ્ટ સંઘર્ષને દાયકાઓનું સૌથી ગંભીર ઊર્જા સંકટ માનવામાં આવી રહ્યું છે, જેની સીધી અસર ભારત પર પડી રહી છે.

ઓઈલની કિંમતો: ક્રૂડ ઓઈલ મોંઘું થવાથી ભારતનું આયાત બિલ વધ્યું છે.

જરૂરી સામાન મોંઘો: LPG, પ્લાસ્ટિક અને અન્ય પેટ્રોકેમિકલ ઉત્પાદનોનો પુરવઠો પ્રભાવિત.

મોંઘવારીનો ડર: ડોલર મોંઘો થવાથી પેટ્રોલ-ડીઝલ અને આયાતી સામાન મોંઘા થશે, જેનાથી છૂટક મોંઘવારી વધી શકે છે.

વિદેશમાં અભ્યાસ-ફરવું મોંઘું: વિદેશ જવા કે અભ્યાસ માટે ડોલર ખરીદવા પર હવે વધુ રૂપિયા ખર્ચ કરવા પડશે.

ઈલેક્ટ્રોનિક્સ મોંઘા: મોબાઈલ, લેપટોપ અને આયાતી પાર્ટ્સ મોંઘા થઈ શકે છે, કારણ કે ચુકવણી ડોલરમાં થાય છે.

ઓઈલ ઉત્પાદન છેલ્લા બે દાયકામાં સૌથી નીચા સ્તરે

રોઈટર્સના સર્વે મુજબ, એપ્રિલમાં ઓપેક (OPEC) દેશોનું ઓઈલ ઉત્પાદન છેલ્લા બે દાયકામાં સૌથી નીચા સ્તરે રહ્યું છે. અરામકોના CEO અમીન નાસરે ચેતવણી આપી છે કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી ઓઈલ નિકાસમાં અવરોધને કારણે બજારમાં સ્થિરતા આવવામાં 2027 સુધીનો સમય લાગી શકે છે. તેનાથી દર અઠવાડિયે લગભગ 10 કરોડ બેરલ ઓઈલનું નુકસાન થઈ રહ્યું છે. ઈન્વેસ્ટમેન્ટ બેંક જેપી મોર્ગને તેના રિપોર્ટમાં જણાવ્યું છે કે જો સ્ટ્રેટ ઓફ હોર્મુઝ આવતા મહિને ખુલી પણ જાય, તો પણ આ વર્ષે ઓઈલની કિંમતો 100 ડોલરની આસપાસ જ રહેશે. રિપોર્ટમાં જણાવાયું છે કે રસ્તો ખુલ્યા પછી પણ લોજિસ્ટિક અને ટેન્કરોની અછતને કારણે સપ્લાય સામાન્ય થવામાં સમય લાગશે.

વડાપ્રધાનની અપીલ અને સરકારના કડક પગલાં

રૂપિયામાં સતત આવી રહેલા ઘટાડાને જોતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા અઠવાડિયે દેશવાસીઓને વિદેશી મુદ્રા ભંડાર બચાવવા માટે અપીલ કરી હતી. તેમણે લોકોને બિનજરૂરી ખર્ચ ઘટાડવા અને દેશહિતમાં આર્થિક અનુશાસન જાળવી રાખવા જણાવ્યું હતું.

આ જ કડીમાં સરકારે મંગળવારે રાત્રે કિંમતી ધાતુઓની આયાત પર ટેરિફ વધારી દીધા હતા જેથી ડોલર બહાર જવાની ગતિને ઓછી કરી શકાય. ટ્રેડર્સનું માનવું છે કે આવનારા સમયમાં રૂપિયામાં વધુ ઘટાડો જોવા મળી શકે છે.

કરન્સીની કિંમત કેવી રીતે નક્કી થાય છે?

ડોલરની સરખામણીમાં કોઈ ચલણની કિંમત ઘટે તો તેને ચલણનું ઘટવું કે નબળાઈ (કરન્સી ડેપ્રિસિયેશન) કહેવાય છે. દરેક દેશ પાસે ફોરેન કરન્સી રિઝર્વ હોય છે, જેનાથી આંતરરાષ્ટ્રીય વ્યવહારો થાય છે. તેના ઘટવા-વધવાની અસર ચલણ પર પડે છે.

જો ભારતના ફોરેન રિઝર્વમાં ડોલર પૂરતા હશે તો રૂપિયો સ્થિર રહેશે. ડોલર ઘટે તો રૂપિયો નબળો, વધે તો મજબૂત થશે.

# જથ્થાબંધ મોંઘવારી એપ્રિલમાં 8.30%, એક મહિનામાં બમણી : રોજિંદા જરૂરિયાતની ચીજવસ્તુઓ અને ગેસ-વીજળીના ભાવ વધ્યા

**નવી દિલ્હી, તા.15**

એપ્રિલમાં જથ્થાબંધ મોંઘવારી (WPI) બમણાથી વધુ વધીને 8.30% પર પહોંચી ગઈ છે. માર્ચમાં તે 3.88% પર હતી. એપ્રિલમાં મોંઘવારી 42 મહિનામાં સૌથી વધુ છે. ઓક્ટોબર 2022માં તે 8.39% પર પહોંચી ગઈ હતી. વાણિજ્ય મંત્રાલયે આજે એટલે કે 14 મેના રોજ જથ્થાબંધ મોંઘવારીના આંકડા જાહેર કર્યા છે. મોંઘવારી વધવાનું કારણ રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓ અને ઈંધણના ભાવ વધવા છે. આ વધારો એવા સમયે થયો છે જ્યારે અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધ્યો છે. જો આ તણાવ લાંબો ચાલશે તો મોંઘવારી હજુ વધી શકે છે. આ તણાવને કારણે ક્રૂડ ઓઈલના ભાવ 100 ડોલરને પાર પહોંચી ગયા છે.

રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓ, ઈંધણ અને પાવરના ભાવ વધ્યા



રોજિંદા જરૂરિયાતની ચીજવસ્તુઓ (પ્રાઈમરી આર્ટિકલ્સ) નો ફુગાવો 6.36% થી વધીને 9.17% થયો.

ખાદ્યપદાર્થો (ફૂડ ઈન્ડેક્સ) નો ફુગાવો 1.85% થી વધીને 1.98% પર પહોંચી ગયો છે.

ફ્યુઅલ અને પાવરનો જથ્થાબંધ ફુગાવાનો દર 1.05% થી વધીને 24.71% થયો છે.

મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટ્સનો જથ્થાબંધ ફુગાવાનો દર 3.39% થી વધીને 4.62% રહ્યો.

જથ્થાબંધ ફુગાવાના 4 ભાગ

પ્રાથમિક વસ્તુઓ, જેનું વેઈટેજ 22.62% છે. ફ્યુઅલ અને પાવરનું વેઈટેજ 13.15% અને મેન્યુફેક્ચર્ડ પ્રોડક્ટ્સનું વેઈટેજ સૌથી વધુ 64.23% છે. પ્રાથમિક વસ્તુઓના પણ ચાર ભાગ છે.

ખાદ્ય પદાર્થો જેમ કે અનાજ, ઘઉં, શાકભાજી

બિન-ખાદ્ય પદાર્થોમાં તેલીબિયાંનો સમાવેશ થાય છે

મિનરલ્સ

ક્રૂડ પેટ્રોલિયમ

એપ્રિલમાં છૂટક મોંઘવારી વધીને 3.48% પર પહોંચી

એપ્રિલમાં છૂટક મોંઘવારી વધીને 3.48% પર પહોંચી ગઈ છે. આ પહેલા માર્ચમાં તે 3.40% હતી. મોંઘવારી વધવાનું સૌથી મોટું કારણ ખાદ્ય પદાર્થોના ભાવમાં વધારો છે. ફૂડ ઈન્ફ્લેશન એપ્રિલમાં વધીને 4.20% પર પહોંચી ગયું.

# મોટોરોલાનો સૌથી પાવરફુલ 'રેઝર ફોલ્ડ' સ્માર્ટફોન લોન્ચ, કિંમત ₹1.50 લાખથી શરૂ

**નવી દિલ્હી, તા.15**

ટેક કંપની મોટોરોલાએ ભારતમાં પોતાનો સૌથી પ્રીમિયમ ફોલ્ડેબલ સ્માર્ટફોન 'મોટોરોલા રેઝર ફોલ્ડ' લોન્ચ કર્યો છે. તેની સૌથી મોટી ખાસિયત તેની 8.1-ઈંચની ફોલ્ડેબલ ડિસ્પ્લે અને લેટેસ્ટ સ્નેપડ્રેગન 8 જનરલ 5 પ્રોસેસર છે. ફોન 50 મેગાપિક્સલના ત્રણ રિયર કેમેરા સાથે આવ્યો છે. મોટોરોલાએ આ રેઝર ફોલ્ડને બે સ્ટોરેજ વેરિઅન્ટ અને એક સ્પેશિયલ એડિશન સાથે રજૂ કર્યો છે. તેની કિંમત 1.50 લાખથી શરૂ થાય છે.

'મોટોરોલા રેઝર ફોલ્ડ'માં 8.1 ઈંચની ફોલ્ડેબલ ડિસ્પ્લે આપવામાં આવી છે.

મોટોરોલા રેઝર ફોલ્ડ: વેરિઅન્ટ વાઈઝ પ્રાઈસ

| વેરિઅન્ટ | કિંમત |
|---|---|
| 12GB રેમ + 256GB સ્ટોરેજ | 1,49,999 |
| 16GB રેમ + 512GB સ્ટોરેજ | 1,59,999 |
| ફીફા વર્લ્ડ કપ 2026 એડિશન | 1,69,999 |

લોન્ચ ઓફરમાં 10,000નું ઈન્સ્ટન્ટ બેંક ડિસ્કાઉન્ટ અથવા એક્સચેન્જ બોનસ મળશે. સાથે જ 18 મહિના સુધીની નો-કોસ્ટ EMIનો પણ વિકલ્પ છે. 20 જૂન સુધી ફોન ખરીદનારાઓને 1 વર્ષ માટે 'ફ્રી વન-ટાઈમ સ્ક્રીન રિપ્લેસમેન્ટ'ની સુવિધા મળશે. ફોનના પ્રી-ઓર્ડર શરૂ થઈ ગયા છે.

'મોટોરોલા રેઝર ફોલ્ડ'ને બનાવવા માટે હાઈ-ગ્રેડ એલ્યુમિનિયમ ગ્લાસનો ઉપયોગ થયો છે.

'મોટોરોલા રેઝર ફોલ્ડ'ને બનાવવા માટે હાઈ-ગ્રેડ એલ્યુમિનિયમ ગ્લાસનો ઉપયોગ થયો છે.

ડિઝાઈન અને બિલ્ડ ક્વોલિટી: ફોલ્ડ હોય ત્યારે પણ ખૂબ જ સ્લિમ 'મોટોરોલા રેઝર ફોલ્ડ'ની ડિઝાઈન ખૂબ જ પ્રીમિયમ અને સ્લીક છે. ખોલવા પર તેની જાડાઈ માત્ર 4.55mm રહે છે, જેના કારણે તે પકડવામાં ખૂબ જ હળવો લાગે છે.

મટીરીયલ અને ફીલ: ફોનને બનાવવા માટે હાઈ-ગ્રેડ એલ્યુમિનિયમ અને ગ્લાસનો ઉપયોગ થયો છે. તેનું વજન 243 ગ્રામ છે. બેક પેનલ પર પ્રીમિયમ ટેક્સચર આપવામાં આવ્યું છે, જે હાથમાં સારી પકડ આપે છે.

ડિસ્પ્લે લેઆઉટ: ફ્રન્ટમાં કવર ડિસ્પ્લે સાથે પાતળા બેઝલ્સ આપવામાં આવ્યા છે. ફોલ્ડ કરવા પર તે ખૂબ જ કોમ્પેક્ટ થઈ જાય છે.

બટન અને પોર્ટ્સ: તેમાં ટાઈપ-સી ચાર્જિંગ પોર્ટ, સિમ ટ્રે અને સ્પીકર ગ્રિલ નીચેની તરફ છે. પાવર બટનમાં જ ફિંગરપ્રિન્ટ સેન્સર આપવામાં આવ્યું છે.

IP રેટિંગ: પાણી અને ધૂળથી સુરક્ષા માટે તેને IP48 અને IP49 રેટિંગ મળ્યું છે. 'મોટોરોલા રેઝર ફોલ્ડ'ને ખોલવા પર તેની જાડાઈ માત્ર 4.55mm રહે છે.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**દક્ષિણ ઝોન - બગીચા ખાતુ**
**ટેન્ડર નોટીસ નં :-03/2026-27**

દક્ષિણ પશ્ચિમ ઝોનના રોડ, ડ્રેનેજ તથા પાણીની લાઈનના તેમજ બિલ્ડીંગના કામોની જાહેરાત.

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી | તારીખ :- 05/06/2026 સમય 18 : 00 કલાક |
| ટેન્ડર ડોક્યુમેન્ટ, ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને અન્ય પુરાવા જમા કરવાની છેલ્લી | તારીખ :- 06/06/2026 સમય 16 : 00 કલાક |
| ટેન્ડર ખોલવાની | તારીખ :- 06/06/2026 સમય 17 : 00 કલાક |

ટેન્ડરની વિગત તથા ટેન્ડર ભરવા માટેની વેબસાઈટ :- www.tender.nprocure.com www.amc.nprocure.com

ડે.મ્યુનિસિપલ કમિશનર (દક્ષિણ પશ્ચિમ ઝોન)

# વર્ક ફ્રોમ હોમ ચકાસવા CMના નિર્દેશ, ઓનલાઈન મિટિંગ કરવા સૂચના : મેટ્રો રાત્રે 11 વાગ્યા સુધી ચાલુ રહેશે, 16મેથી 300 નવી ST બસો દોડશે; કેબિનેટમાં નિર્ણય



ગાંધીનગર, તા.15

ગાંધીનગરમાં આજે 15મેના મળેલી ગુજરાત સરકારની કેબિનેટ બેઠકમાં ઈંધણ બચત, સરકારી ખર્ચમાં ઘટાડો અને જાહેર પરિવહનને મજબૂત બનાવવાના મુદ્દે મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તમામ મંત્રીઓને પોતાના વિભાગોમાં પેટ્રોલ-ડીઝલના વપરાશ અને સરકારી ખર્ચ ઘટાડવા માટે તાકીદ કરી હતી. જ્યારે દરેક વિભાગને ઓનલાઈન મિંટિંગ કરવા સૂચના આપી અને વર્ક ફ્રોમ હોમ ચકાસવા CMએ નિર્દેશ આપ્યો છે.

300 નવી ST બસો દોડશે

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, આવતીકાલથી રાજ્યમાં જાહેર પરિવહન વધુ મજબૂત બનાવવા માટે 300 નવી ST બસો સીધી સેવામાં મૂકવામાં આવશે. કોઈપણ સમારોહ વિના બસોને સીધા સેન્ટર પરથી દોડતી કરવામાં આવશે જેથી સામાન્ય નાગરિકોને વધુ સગવડ મળી શકે.

મેટ્રો સેવા રાત્રે 11 વાગ્યા સુધી ચાલુ રાખવા નિર્ણય

જાહેર પરિવહનનો વધુ ઉપયોગ થાય તે માટે રાજ્ય સરકારે મેટ્રો સેવા રાત્રે 11 વાગ્યા સુધી ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. ઉપરાંત બિનજરૂરી સંગ્રહખોરી અટકાવવા જનજાગૃતિ અભિયાન પણ હાથ ધરાશે. લોકાર્પણ અને ખાતમુહૂર્ત જેવા કાર્યક્રમો પણ સાદગીપૂર્ણ રીતે યોજવા સૂચના આપી છે.

વર્ચ્યુઅલ માધ્યમથી મિટિંગ અને 'વર્ક ફ્રોમ હોમ'ની શક્યતા

મુખ્યમંત્રીએ દરેક મંત્રીઓને પોતાના વિભાગમાં 'વર્ક ફ્રોમ હોમ'ની શક્યતાઓ ચકાસવા માટે પણ આદેશ આપ્યા છે. જ્યાં શક્ય હોય ત્યાં વર્ચ્યુઅલ માધ્યમથી મિટિંગ અને કામગીરી વધારવા માટે સૂચનાઓ આપવામાં આવી છે. ગાંધીનગરમાં યોજાતી બેઠકોમાં હવે સરકારી કર્મચારીઓને બિનજરૂરી બોલાવવામાં નહીં આવે તેવો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

મુખ્યમંત્રીએ મંત્રીઓને લોકાર્પણ અને ખાતમુહૂર્ત જેવા કાર્યક્રમોમાં જવાની મંજૂરી આપી છે, પરંતુ આવા કાર્યક્રમોમાં લાંબા સુરક્ષા કાફલા નહીં લઈ જવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી છે.

સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ માટે પણ કારપૂલિંગની સૂચના

હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ડીઝલ અને પેટ્રોલ બચાવવા માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. રાજ્યના સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ માટે પણ કારપૂલિંગ અંગે સૂચનાઓ આપવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલને રાજ્યની જનતાએ પ્રેમપૂર્વક સ્વીકારી છે અને હવે એકથી વધુ કારના બદલે એક જ કારનો ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

# પંચાયત સેવા વર્ગ-3ની ભરતી પરીક્ષાનો કાર્યક્રમ જાહેર : પશુધન નિરીક્ષકની 20મીએ, જુનિયર ફાર્માસિસ્ટની 24 જૂને, અધિક મદદનીશ ઇજનેરની 4 જુલાઈએ એક્ઝામ



ગાંધીનગર, તા.15

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ (GPSSB) દ્વારા પંચાયત સેવા વર્ગ-3 હેઠળની વિવિધ ભરતી પરીક્ષાઓનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યભરના હજારો ઉમેદવારો રાહ જોઈ રહ્યા હતા તેવી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ હવે જૂન અને જુલાઈ મહિનામાં યોજાશે.

પશુધન નિરીક્ષકની પરીક્ષા 20 જૂને

મંડળ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ પશુધન નિરીક્ષકની પરીક્ષા 20 જૂનના રોજ લેવામાં આવશે. આ ભરતી હેઠળ અંદાજે 112 જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા ચાલી રહી છે.

જુનિયર ફાર્માસિસ્ટની 24 જૂને

તે ઉપરાંત જુનિયર ફાર્માસિસ્ટ વર્ગ-3ની પરીક્ષા 24 જૂનના રોજ યોજાશે. આ સંવર્ગમાં કુલ 164 જગ્યાઓ માટે ભરતી જાહેર કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. ભરતી માટેની જાહેરાત અને સૂચનાઓ મંડળની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

4 જુલાઈના અધિક મદદનીશ ઈજનેરની એક્ઝામ

જ્યારે અધિક મદદનીશ ઈજનેર (Additional Assistant Engineer) વર્ગ-3ની પરીક્ષા 4 જુલાઈના રોજ યોજાશે. આ ભરતીને લઈને પણ મોટી સંખ્યામાં ઉમેદવારોએ અરજી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે. રાજ્ય સરકારના પંચાયત વિભાગ હેઠળ આવતી આ ભરતી પ્રક્રિયાને યુવાનો માટે સરકારી નોકરી મેળવવાની મહત્વપૂર્ણ તક માનવામાં આવી રહી છે. પરીક્ષાના કાર્યક્રમ જાહેર થતા ઉમેદવારોમાં તૈયારીઓને લઈને ચહલપહલ વધી ગઈ છે. ઉમેદવારોને પરીક્ષા સંબંધિત સિલેબસ, કોલ લેટર અને અન્ય વિગતો માટે GPSSBની સત્તાવાર વેબસાઈટ પર નિયમિત નજર રાખવા સૂચના આપવામાં આવી છે. રાજ્ય સરકારના પંચાયત વિભાગ હેઠળ આવતી આ ભરતી પ્રક્રિયાને યુવાનો માટે સરકારી નોકરી મેળવવાની મહત્વપૂર્ણ તક માનવામાં આવી રહી છે. પરીક્ષાના કાર્યક્રમ જાહેર થતા ઉમેદવારોમાં તૈયારીઓને લઈને ચહલપહલ વધી ગઈ છે. ઉમેદવારોને પરીક્ષા સંબંધિત સિલેબસ, કોલ લેટર અને અન્ય વિગતો માટે GPSSBની સત્તાવાર વેબસાઈટ પર નિયમિત નજર રાખવા સૂચના આપવામાં આવી છે.

# મોંઘા દાટ ઇંધણથી મુક્તિ મેળવવા ગાંધીનગરનો મિજાજ બદલાયો : ચાલુ વર્ષે 5 મહિનામાં જ EV વેચાણનો ગ્રાફ 35% ઉછળ્યો

ગાંધીનગર, તા.15

રશિયા-યુક્રેન સહિતની વૈશ્વિક યુદ્ધની સ્થિતિ અને ક્રૂડ ઓઈલની અફડાતફડી વચ્ચે ગાંધીનગરના વાહનચાલકોએ હવે સ્માર્ટ વિકલ્પ પસંદ કર્યો છે. પેટ્રોલ પંપ પરની લાંબી કતારો અને મોંઘા ઈંધણને તિલાંજલિ આપીને પાટનગરના લોકો ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) તરફ વળ્યા છે. વર્ષ 2026ના શરૂઆતના પાંચ મહિનામાં જ EVના ગ્રાફમાં 35%નો વધારો નોંધાયો છે.

આંકડાની નજરે: EVનો વધતો ક્રેઝ

ચાલુ વર્ષે જાન્યુઆરીથી મે મહિનાના મધ્ય સુધીમાં જિલ્લામાં કુલ 28,070 નવા વાહનો રજિસ્ટર થયા છે, જેમાંથી 1,528 વાહનો માત્ર ઈલેક્ટ્રિક સેગમેન્ટના છે.

માસ (2026) ઈલેક્ટ્રિક વાહનોની નોંધણી

ફેબ્રુઆરી 2 3 2 વાહનો

માર્ચ 512 વાહનો (બમણો ઉછાળો)

એપ્રિલ 397 વાહનો

4 વર્ષમાં વિશ્વાસ બમણો થયો

2022માં કુલ વેચાણમાં EVનો હિસ્સો માત્ર 2.56% હતો, જે વર્ષ 2026માં વધીને 5.44% પર પહોંચી ગયો છે. એટલે કે દર વર્ષે ઈલેક્ટ્રિક વાહનોનો સ્વીકાર બમણી ઝડપે વધી રહ્યો છે. માત્ર ટુ-વ્હીલર જ નહીં, પણ હવે લક્ઝરી કાર સેગમેન્ટમાં પણ પ્યોર EV અને હાઈબ્રિડ મોડલ્સની એન્ટ્રી થતા લોકો બેટરી ટેકનોલોજી પર વધુ વિશ્વાસ મૂકી રહ્યા છે.

ગ્રીન એનર્જી તરફ પ્રયાણ

વડાપ્રધાનના ગ્રીન એનર્જીના વિઝનને હવે જમીની સ્તરે વેગ મળી રહ્યો હોય તેવું દેખાય છે. મધ્યમ વર્ગ હવે પેટ્રોલના ખર્ચને બચાવવા EVને પ્રાધાન્ય આપી રહ્યો છે. 2025માં પણ 2,137 પ્યોર EV અને 782 હાઈબ્રિડ વાહનોની નોંધણી થઈ હતી, જે દર્શાવે છે કે હવે ઈંધણ સંચાલિત વાહનોનો જમાનો ધીમે ધીમે ઓસરી રહ્યો છે.

# અઠવાડિયામાં એક દિવસ 'નો મોટર વ્હિકલ ડે' પાળવા રાજ્યપાલનું સૂચન : કલેક્ટર-કમિશ્નરોને પત્ર, મહિને રિપોર્ટ મંગાવાશે



ગાંધીનગર, તા.15

દેશમાં પેટ્રોલ-ડિઝલના વધતા વપરાશ અને વિદેશી આયાતના ભાર વચ્ચે હવે ગુજરાત સરકાર ઈંધણ બચત માટે એક્શન મોડમાં આવી ગઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ બાદ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તમામ જિલ્લા કલેક્ટરો, મ્યુનિસિપલ કમિશ્નરો અને જિલ્લા વિકાસ અધિકારીઓને મહત્વપૂર્ણ પત્ર લખી રાજ્યભરમાં ગ્રીન અભિયાનને વેગ આપવા સૂચના આપી છે.

પગપાળા, સાઈકલ અથવા જાહેર વાહનવ્યવહારથી કચેરીએ આવવા સૂચના

રાજ્યપાલે પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે, વિદેશથી આયાત થતા પેટ્રોલ અને ડિઝલના કારણે દેશના અર્થતંત્ર પર વધતો બોજ ઘટાડવા માટે ઈંધણ વપરાશમાં કરકસર અનિવાર્ય બની છે. આ સંદર્ભમાં વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલી અપીલને ધ્યાનમાં રાખી રાજ્યપાલે જાતે પણ કેટલાક સંકલ્પો અપનાવ્યા હોવાનું જણાવ્યું છે.

રાજ્યપાલે પોતાના પ્રવાસોમાં વિમાન અને હેલિકોપ્ટરની જગ્યાએ જાહેર વાહનવ્યવહારનો ઉપયોગ વધારવાનો નિર્ણય લીધો છે. ઉપરાંત લોકભવનના તમામ કર્મયોગીઓ અઠવાડિયામાં એક દિવસ પગપાળા, સાઈકલ અથવા જાહેર વાહનવ્યવહારથી કચેરીએ આવે તેવો નિર્ધાર પણ કરવામાં આવ્યો છે.

તમામ કચેરીઓમાં 'નો મોટર વ્હિકલ ડે'ની તૈયારી

રાજ્યપાલે તમામ સરકારી કચેરીઓમાં કર્મચારીઓને સાઈકલ, પગપાળા અથવા પબ્લિક ટ્રાન્સપોર્ટનો વધુ ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા જણાવ્યું છે. સાથે જ અઠવાડિયામાં એક દિવસ 'નો મોટર વ્હિકલ ડે' તરીકે નિષ્ઠાપૂર્વક પાળવાની પણ અપીલ કરવામાં આવી છે.

પત્રમાં વધુમાં જણાવાયું છે કે, કાર પૂલિંગનો ઉપયોગ, મિટિંગ માટે વિડિયો કોન્ફરન્સિંગ અને બિનજરૂરી પ્રવાસ ટાળવા જેવા ઉપાયો દ્વારા પણ મોટા પ્રમાણમાં ઈંધણ બચાવી શકાય છે.

માસિક રિપોર્ટ પણ મંગાવાશે

રાજ્યપાલે કલેક્ટર અને મનપાના કમિશ્નરોને પોતાના વિસ્તારમાં ઈંધણ બચત માટે લેવાયેલા પગલાં અને તેની અસર અંગે માસિક અહેવાલ મોકલવા પણ જણાવ્યું છે. સરકાર માને છે કે, આ અભિયાનથી યુવાઓમાં રાષ્ટ્રભાવના સાથે પર્યાવરણ જાગૃતિનો સંદેશ પણ મજબૂત બનશે.

# કલોલની સઈજ GIDCમાં ગેસ ગળતરથી ત્રણ શ્રમિકોના મોત, 3 પરપ્રાંતીયોએ જીવ ગુમાવ્યો, એકની હાલત ગંભીર



ગાંધીનગર, તા.15

ઔદ્યોગિક હબ ગણાતા કલોલના સઈજ GIDC વિસ્તારમાં 14 મેની રાત્રિએ એક કાળજું કંપાવનારી દુર્ઘટના ઘટી છે. મફતલાલ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ નામની કંપનીમાં આવેલા ઈટીપી (ETP) પ્લાન્ટની અંડરગ્રાઉન્ડ ટાંકી સાફ કરવા ઉતરેલા ત્રણ પરપ્રાંતીય શ્રમિકોના ઝેરી ગેસ ગળતરને કારણે ગૂંગળામણને કારણે મોત નિપજ્યાં છે. જ્યારે અન્ય એક શ્રમિક ગંભીર હાલતમાં હોસ્પિટલ સાવરાવર હેઠળ છે. કલોલના સઈજ GIDC વિસ્તારમાં આવેલી 'મફતલાલ ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ'ની યુનિટ સી/15થી 18માં તાડપત્રીના કાપડ પર કલર કામ કરવામાં આવે છે. આ પ્રક્રિયા દરમિયાન નીકળતા રંગીન પાણીના શુદ્ધિકરણ માટે એક આરસીસીની અંડરગ્રાઉન્ડ ટાંકી બનાવવામાં આવી છે, ત્યારે આ ટાંકીની સાફસફાઈની કામગીરી 14 એપ્રિલની રાત્રિના આશરે સાડા નવ વાગ્યાની આસપાસ હાથ ધરવામાં આવી હતી. શ્રમિકો દ્વારા ટાંકીમાંથી મોટર પંપ વડે પાણી કાઢ્યા બાદ તળિયે દોઢ ફૂટ જેટલો જમા થયેલો કચરો અને કાદવ દૂર કરવા માટે શ્રમિકો પ્લાસ્ટિકના કેરબા અને લોખંડની સીડીના સહારે એક પછી એક ટાંકીમાં ઉતર્યા હતા. સૌ પ્રથમ અમિત પરીહાર અને અમરકુમાર શ્રીવાસ્તવ ટાંકીમાં ઉતર્યા હતા અને ઉતરતાની સાથે જ ગૂંગળામણને કારણે બેભાન થઈ કાદવમાં ફસાયા હતા. પોતાના મિત્રોને બચાવવા માટે અનિલ લોધી પણ અંદર ઉતર્યો, પરંતુ તે પણ ગૂંગળામણનો શિકાર બન્યો અને બેભાન થઈ ત્યાં ઢળી પડ્યો હતો. અંતે આ ત્રણેયને બચાવવાના પ્રયાસમાં શિવનાથ દુબેએ પણ ટાંકીમાં ઝંપલાવ્યું હતું. જોકે, ટાંકીમાં રહેલા ઝેરી વાયુ અને ઓક્સિજનની અછતને કારણે તે પણ ત્યાં જ ફસાઈ ગયો હતો.

# અમદાવાદથી ધોલેરા સુધી દોડશે મીની બુલેટ ટ્રેન

## ધોલેરામાં 20 લાખ લોકોને વસાવાશે, ભવિષ્યમાં ટ્રેન ભાવનગર સુધી લંબાવાશે; મેપથી સમજો રૂટ

ગાંધીનગર, તા.15

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટ સમિતિ (CCEA)એ 13મે અમદાવાદ (સરખેજ)થી ધોલેરા સેમી-હાઈ-સ્પીડ ડબલ લાઈન રેલ્વે પ્રોજેક્ટને ઐતિહાસિક મંજૂરી આપી છે, જે ગુજરાતને દેશનો પ્રથમ બ્રોડગેજ સેમી-હાઈ-સ્પીડ રેલ કોરિડોર પ્રદાન કરશે. આશરે 20,667 કરોડના ખર્ચે બનેલો આ પ્રોજેક્ટ ભારતીય રેલ્વેનો પ્રથમ સ્વદેશી રીતે વિકસિત સેમી-હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ હશે, જેના પર ભવિષ્યમાં નમો ભારત ટ્રેનો દોડશે. આશરે 134 કિલોમીટર લાંબી આ નવી ડબલ-ટ્રેક લાઈન અમદાવાદ, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (SIR), આગામી ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ અને લોથલ ખાતે નેશનલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સને અત્યાધુનિક રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ પ્રોજેક્ટની ડિઝાઈન સ્પીડ 220 કિમી/કલાક અને ઓપરેશનલ સ્પીડ 200 કિમી/કલાક છે. કોરિડોર સાથે કુલ 13 સ્ટેશન વિકસાવવામાં આવશે. આ પ્રોજેક્ટમાં ત્રણ મેગા બ્રિજ, 74 કિલોમીટરના વાયડક્ટ્સ, 39 રોડ અંડરબ્રિજ અને બે રેલ ઓવરબ્રિજ બનાવવામાં આવશે. કુલ ટ્રેકની લંબાઈ આશરે 293 કિલોમીટર હશે. આ પ્રોજેક્ટ આગામી ચાર વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. ભવિષ્યમાં આ



અત્યાધુનિક સ્વદેશી ટેકનોલોજી આધારિત ટ્રેન સેવાને ભાવનગર સુધી લંબાવવાનું આયોજન છે, જેનાથી ધોલેરા સ્માર્ટ સિટી, ધોલેરા એરપોર્ટ અને લોથલ મેરીટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સની કનેક્ટિવિટી મજબૂત થશે અને અંદાજે 20 લાખ લોકોને વસાવવાના લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ચીફ સેક્રેટરી મનોજ દાસે જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ પેસેન્જર અને ગુડ્ઝ બંને માટે કાર્યરત હોવાથી અત્યંત વિશિષ્ટ છે. પ્રોજેક્ટથી દરિયાઈ, હવાઈ અને રોડ નેટવર્ક સાથે સરળ સંકલન થશે તેમજ મોટા પાયે રોજગારીનું સર્જન થશે. તેમણે એવો પણ અંદાજ વ્યક્ત કર્યો કે પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ ધોલેરા વિસ્તારમાં આશરે 20 લાખ લોકો વસવાટ કરશે. અમદાવાદ રેલવે ડિવિઝનના DRM વેદ પ્રકાશે જણાવ્યું હતું કે, આ નેટવર્કમાં એક જ ડબ્બામાં 100 ટનથી વધુ સામાન પરિવહન કરવાની ક્ષમતા રહેશે. હાલમાં સાબરમતીથી સરખેજ વચ્ચે 23 કિલોમીટર ડબલ લાઈનનું કામ ચાલી રહ્યું છે, જ્યારે સરખેજથી બાવલિયારી સુધીનું નેટવર્ક 220 કિલોમીટર પ્રતિ કલાકની ગતિ માટે તૈયાર થશે. તેમણે દાવો કર્યો કે આ પ્રકારનું નેટવર્ક ભારતમાં અન્ય ક્યાંય ઉપલબ્ધ નથી. ધોલેરા એરપોર્ટ સ્ટેશન સાબરમતીથી આશરે 95 કિલોમીટર દૂર રહેશે. પેસેન્જર ટ્રાફિક ઉપરાંત સેમિકોન પ્રોડક્ટ અને અન્ય ભારે માલસામાનને દેશના વિવિધ પોર્ટ સુધી ઝડપથી પહોંચાડવામાં આ રેલ નેટવર્ક મોટી ભૂમિકા ભજવશે. વેદ પ્રકાશે વધુમાં જણાવ્યું હતું કે, વિશ્વનો પ્રથમ બ્રોડ ગેજ સેમી-હાઈ-સ્પીડ રેલ કોરિડોર હવે ગુજરાતમાં બનાવવામાં આવી રહ્યો છે. વિશ્વમાં પહેલીવાર, સેમી-હાઈ-સ્પીડ ટ્રેન 220 કિમી/કલાકની ઝડપે બ્રોડ-ગેજ ટ્રેક પર દોડશે. આખો પ્રોજેક્ટ અને ટ્રેન સંપૂર્ણપણે મેક ઈન ઈન્ડિયા ટેકનોલોજી પર આધારિત હશે. આ ટ્રેન અત્યાધુનિક કવચ 5.0 સલામતી પ્રણાલીથી સજ્જ હશે, જે સલામતી અને સ્વચાલિત ટ્રેન સુરક્ષા માટે એક નવું ધોરણ સ્થાપિત કરશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




